ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૫ અંક : ૧૦ ઑક્ટોબર ૨૦૧૩ સળંગ અંક : ૫૦૪

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते ।

**CHARUTAR VIDYAMANDAL**
**VALLABH VIDYANAGAR**



ચારુતર વિદ્યામંડળના ન્યૂ વલ્લભ વિદ્યાનગર કેમ્પસમાં ગણેશપૂજન અને આરતીમાં સહભાગી થતા સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.ઍલ.પટેલ. એડીઆઈટીના આચાર્ય ડૉ.આર.કે.જૈન, અરિબાસના નિયામક ડૉ.નિલાંજન રૉય તથા આયુર્વેદ કોલેજના આચાર્ય ડૉ.એ.આર.વી.મૂર્તિ વગેરે દશ્યમાન છે.



સીવીએમસંચાલિત ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસી(આઈઆઈસીપી)ના ઉપક્રમે ફાર્મસીમાં એનાલિસીસના મહત્વ અંગેના રાષ્ટ્રીય પરિસંવાદનું દીપપ્રાગટ્યથી ઉદ્‌ઘાટન કરતા માર્ક બાયોસાયન્સ(અમદાવાદ)ના જનરલ મેનેજર શ્રી અશોક મોદી તથા સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ, કોલેજના આચાર્ય ડૉ.કે.કે.ભટ્ટ તથા સેમિનાર સંયોજક પ્રા.ઉસ્માનગની છાલોટિયા પણ ઉપસ્થિત હતા.




# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

ઑક્ટોબર ૨૦૧૩

વર્ષ : ૧૫ અંક : ૧૦

(સળંગ અંક ૫૦૪)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

**સંપાદન**

ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

**સંપાદન-સહાય**

શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી

**પ્રકાશક**

પ્રિ. એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫

**कर्मण्येवाऽधिकारस्ते**

**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ઑક્ટોબર ૨૦૧૩
વર્ષ : ૧૫ અંક : ૧૦
(સળંગ અંક ૫૦૪)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**बलवन्तः समृद्धार्था मित्रबान्धवनन्दना ।**
**जीवन्त्यन्योन्यमाश्रित्य द्रुमाः काननजा इव ॥**

**બળવાન, ઐશ્વર્યયુક્ત અને મિત્ર સ્વજનને આનંદ આપનાર તેઓ વનમાં રહેલાં વૃક્ષોની જેમ એકબીજાને સહારે સમય પસાર કરે છે.**

**મહાભારત : આદિપર્વ ૧૩૮.૨૭**


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ શાસકો અને ટીકાટિપ્પણ ★ ડૉ.સી.એલ.પટેલ

॥ પ્રાથમ્ય ॥ અધ્યાપકની વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન : ચતુર્થ ચરણ ★ રાજેન્દ્રસિંહ જાડેજા / 1

॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥
★ નારાયણ દેસાઈ, મહાદેવભાઈ દેસાઈ, સુન્દરમ્ / 2
॥ ગદ્ય વિભાગ ॥ કષ્ટસહનની કિંમત ચૂકવીને ★ મો.ક. ગાંધી / 3

॥ નવાં કાવ્યો ॥ ★ રિષભ મહેતા, એસ.એસ. રાહી, ગાયત્રી ભટ્ટ, રાકેશ હાંસલિયા / 4

॥ અભ્યાસ ॥ રાજકારણમાં સાધનશુદ્ધિ અને ગાંધીવિચાર ★ હેમા જીકાદરા / 5

॥ ચિંતન ॥ તરુનો બહુ આભાર ★ જ્યોતીન્ પટેલ / 8

॥ વ્યંગ્ય ॥ મહાત્મા ગાંધીનો વિનોદ ★ લલ્લુભાઈ મકનજી / 9

॥ અભ્યાસ ॥ સાબરકાંઠા જિલ્લો અને સરદાર પટેલ ★ વસંત પટેલ / 14

॥ વ્યંગ્ય ॥ ગુજરાતના શિરછત્ર સરદાર ★ સંકલનઃ મુકુલ કલાર્થી / 18

॥ અભ્યાસ ॥ ગુજરાતમાં પ્રભાવી જ્ઞાતિ તરીકે પાટીદારો ★ શૈલજા ધ્રુવ / 22

॥ અભ્યાસ ॥ સત્યાન્વેષી પત્રકારત્વનાં સ્વનિરીક્ષણો ★ હરિ દેસાઈ / 31

॥ આરોગ્ય ॥ શારદીય ઋતુચર્યા ★ અમીતા વ્યાસ, એ.આર.વી. મૂર્તિ / 35

॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ હરિયાળી ક્રાંતિમાં અગ્રેસર – આયોનિક દ્રાવકો ★ મિલિન્દ જોશીપુરા / 37

॥ રમન્તે તત્ર દેવતા ॥ પત્નીને યજ્ઞનો અધિકાર ★ પારુલટીના દોશી / 40

॥ વિદ્યાવૃત્ત ॥ / 42


વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ ‘વલ્લભ વિદ્યાનગર’ પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે ‘વિદ્યાનગર’ નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે ‘વિ-વિદ્યાનગર’ એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

### મહાત્મા અને સરદારને વંદન

**ઓક્ટોબર મહિનો મહાત્મા ગાંધી અને સરદાર પટેલ સાથે વિશેષ અનુબંધ ધરાવતો હોવાથી ‘વિ-વિદ્યાનગર’ના આ અંકમાં રાષ્ટ્રપિતા અને અખંડ ભારતના શિલ્પીનું સુપેરે સ્મરણ રહે એવો પ્રયાસ કરવામાં આવે છે. બંને મહામાનવોને ‘વિ-વિદ્યાનગર’ પરિવાર તરફથી શત શત પ્રણામ.**

<u>આ માસની વિચારકણિકા</u>

**કોમ, નાત, જાત ઝપાટાબંધ નીકળી જવાનું છે. એ બધી વસ્તુઓ ઝપાટાબંધ ભૂલી જવી જોઈએ. વાડામાં માણસ ખીલી નથી શકતો. તમારે બધાએ નવા યુગ ને ક્રાંતિના કાળને ઓળખી લેવો જોઈએ**

**• સરદાર પટેલ**

# શાસકો અને ટીકાટિપ્પણ

લોકશાહી દેશમાં દરેકને વાણીસ્વાતંત્ર્યનો હક્ક છે. આવા હક્કના ઓથા નીચે કોઈપણ વ્યક્તિ પોતાની વિચારસરણી મુજબ બીજી વિચારસરણીવાળા સાથે મતભેદોમાં ટીકાટિપ્પણ અને માનભંગ થાય તેવાં ઉચ્ચારણો કરે તેવું આજે સ્વાભાવિક થઈ ગયું છે. શ્રી નરેન્દ્ર મોદી એક આગવી વિચારધારા સાથે જે પક્ષના નેજા હેઠળ કામ કરે છે તેના અનુસંધાનમાં તેમની કાર્યપદ્ધતિ અને વિચારધારા અમલમાં મૂકી પોતે કાર્યરત છે. આવી જ રીતે બિહારના મુખ્યમંત્રી શ્રી નીતીશકુમાર પણ તેમની આગવી વિચારશૈલી અને તેમના પક્ષની નીતિરીતિના અનુસંધાનમાં કાર્યરત છે. શ્રી નરેન્દ્ર મોદીએ તેમની વિચારસરણી અને કાર્યરીતિને પ્રજા સમક્ષ પહોંચાડી છે અને તેમાં એ સક્ષમ અને સફળ પૂરવાર થયા છે, ત્યારે વારંવાર બિહારના મુખ્યમંત્રી શ્રી નીતીશકુમાર શ્રી નરેન્દ્ર મોદીની કોઈપણ ટીકાટિપ્પણ કરવામાં પોતાની જાતને જોડતા રહે છે. ખરેખર તો તેમણે પોતાની શક્તિ અને વિચારધારાના અનુસંધાનમાં જે સાથી પક્ષોએ તેમને સહકાર આપી આ સ્થાને બેસાડ્યા છે તેમનો આદર કરવો જોઈએ. એને બદલે તેમનો અનાદર કરીને પોતે જ વધુ સારી વિચારધારા ધરાવે છે તેવું સાબિત કરવાની એકપણ તક તેઓ છોડતા નથી.

શ્રી નરેન્દ્ર મોદી માટે તેમની વિચારધારાના અનુસંધાનમાં ગુજરાતનો જ બીજો રાજકીયપક્ષ કોઈ એવા ખાસ પ્રસંગો ટાંકીને પોતાનો મત જાહેર કરે તે ઈચ્છનીય છે, પરંતુ જ્યાં ગુજરાત સાથે કાંઈ લેવાદેવા ના હોય તેવા રાજ્યના રાજકીય નેતાઓ આવી ટીકાટિપ્પણમાં પડે તેનાથી શ્રી નરેન્દ્ર મોદીના પ્રશંસકો એવાં ગુજરાતી ભાઈબહેનોને અન્યાયકર્તા અને ટીકાકાર માટે અણગમો પેદા કરનાર સાબિત થાય છે. આજકાલ જેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાના વિચારો, જ્ઞાન અને યોગદાનના અનુસંધાનમાં જ્યારે કોઈ વિશિષ્ટતા પ્રાપ્ત કરી હોય તેવા મહાનુભાવો, જેવા કે અમર્ત્ય સેન, પોતાનું આંતરરાષ્ટ્રીય ક્ષેત્રનું યોગદાન ભૂલીને તેમના સુલભ વિચારોના અનુસંધાનમાં ટીકાટિપ્પણ કરવામાં પડી જાય એનાથી પ્રજાને કોઈ ફાયદો થવાનો નથી, પરંતુ એમની પોતાની પ્રતિભાને પોતે નુકસાન પહોંચાડતા હોય તેવું મારું માનવું છે. શ્રી નીતીશકુમાર પોતાની વિચારસરણી સાચી વિચારસરણી છે એવું માનીને જે-તે વખતે સાથી પક્ષ તેમનાથી છૂટો પડે ત્યારે રાજીનામું આપીને ફરીને મુખ્યમંત્રી તરીકે ચૂંટાઈ આવ્યા હોત તો સારું. શ્રી મોદી પોતાની વિચારધારાના અનુસંધાનમાં ફરી ફરીને ચૂંટાતા ગયા છે અને પ્રજાએ તેમની વિચારધારા સ્વીકારી છે તેવું મારું માનવું છે.

દરેક રાજ્યના મુખ્યમંત્રી પોતપોતાના પક્ષના ચૂંટણી ઢંઢેરામાં આપેલાં વચનો પ્રમાણે કાર્યરત રહીને પ્રજાનો વિશ્વાસ સંપાદન કરે તે આજની માંગ છે, નહીં કે ટીકાટિપ્પણ કરીને બીજા રાજ્યના મુખ્યમંત્રીને નીચા પાડીને પોતે જ સાચા છે તેવું સાબિત કરવાનો પ્રયાસ કરવો તે.

આવા પ્રયાસો સજ્જનતાની નિશાની નથી. ઊંચા આસન પર બિરાજમાન દરેક વ્યક્તિએ નીચેની બાબતમાંથી બોધ લેવા જેવો છેઃ બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના વડા પ્રગટબ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શ્રી નામદાર પોપને મળવા ગયા ત્યારે તેમની મુલાકાત બાદ પ્રમુખસ્વામી મહારાજને પત્રકારોએ પૂછ્યું કે શ્રી નામદાર પોપનો પોતાનો પહેરવેશ ભારે કિંમતનો હોય છે, જ્યારે આપનો જે કોઈ પહેરવેશ છે તે સાદો છે. આ બાબતમાં આપે શું કહેવું છે? પ્રમુખસ્વામી મહારાજે જવાબ આપ્યો કે નામદાર પોપને જે જરૂર છે તે તેમના માટે બરાબર છે. અમારે માટે જરૂરી છે તે પહેરવેશ અમારા માટે બરાબર છે. આમાંથી બોધપાઠ લઈને એકબીજા રાજ્યના મુખ્યમંત્રીએ પોતાનું ઉછાંછળાપણું દૂર કરીને પોતાની શક્તિ ખોટી રીતે વેડફવા કરતાં રાજ્યના વિકાસ ભણી ધ્યાન આપવું તે આજની માંગ છે.

પહેલાંના જમાનામાં રાજા-મહારાજાઓ ગુપ્તવેશે પ્રજામાં ફરીને પ્રજાના પ્રશ્નો અને રાજવહીવટની ખામીઓ, પ્રજાની સુખાકારી અને મુશ્કેલીઓની જાણકારી મેળવતા. હાલ સરકારમાં બેઠેલા અને વિરોધ પક્ષમાં બેસનારા દેશમાં અને રાજ્યમાં ઘણા બુદ્ધિશાળી દેશભક્ત છે. તેઓ પોતાની રીતે રાજ્ય અને દેશનું સૂકાન ચલાવનાર વહીવટકર્તાઓ માટે ઘણીવાર ટીકાટિપ્પણ કરે છે. આવાં સારાં સૂચનોને ટીકામાં નહીં ખપાવતાં તેમાંથી બોધપાઠ લઈને વહીવટની ખામીઓ દૂર કરી સુચારુ વહીવટ થાય અને પ્રજાની સુખાકારી વધે તે માટે વિચારવું રહ્યું. આજકાલ રાજ્યમાં કે દેશમાં વહીવટકર્તા રાજકીય મહાપુરુષો આવી ટીકાટિપ્પણને સારાં સૂચન ગણવાને બદલે ટીકાટિપ્પણ કરનારની ભૂલો શોધવામાં પડી જાય છે. આથી જ જે વિકાસ આપણે ઇચ્છી રહ્યા છીએ તે વિકાસ કરી શકતા નથી. શ્રી અટલ બિહારી વાજપેયી દેશની જવાબદારી સંભાળવા માટે વહીવટકર્તા તરીકે નવા હતા, છતાં તેમના કાર્યકાળ દરમિયાન તેમણે દેશની આર્થિક પરિસ્થિતિ, વિકાસ અને જનસમુદાયને દરેક વસ્તુ પોષણક્ષમ ભાવે મળી રહે તેની કાળજી લીધી હતી. એવી કાળજી બીજી કોઈ સરકારે લીધી હોય તેવું ધ્યાનમાં આવતું નથી. આથી જ દેશ અને રાજ્યોના વહીવટકર્તા રાષ્ટ્રપ્રેમી હોય, લોકોની સુખ સગવડો અને મુશ્કેલીઓ માટે ચિંતાતુર હોય અને ભ્રષ્ટાચારને સ્થાન ના હોય તેવા લોકો જ આ દેશને ગાંધીજીના મત મુજબના રામરાજ્ય તરફ લઈ જઈ શકશે.

સી.એલ.પટેલ

# અધ્યાપકની વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન : ચતુર્થ ચરણ

રાજેન્દ્રસિંહ જાડેજા

આપણા શિક્ષણનાં કથળતાં ધોરણો માટે અવારનવાર ચિંતા વ્યક્ત કરવામાં આવે છે, અને તેની ગુણવત્તા સુધારવા માટે પ્રયત્ન કરવાની જરૂર છે એવી સભાનતાનો સૂર સતત સાંભળવા મળે છે; એટલે "કોઈને કંઈ પડી નથી" એવું નિરાશાજનક વિધાન સ્વીકારી શકાય તેમ નથી. બલ્કે, એવું વિધાન તો શુભમાં શ્રદ્ધાના અભાવનું દ્યોતક ગણાય.

અલબત્ત, ગુણવત્તા સુધારવા માટે શું કરવું જોઈએ તેના મંતવ્યોમાં મતભેદ હોઈ શકે છે. સંસાધનોને પ્રાથમિકતા આપવી કે તંત્રગત કાર્યક્ષમતાને અગ્રતાક્રમ આપવો, વાચન સામગ્રી, ઈન્ટરનેટ વડે અપાતી પૂરક અભ્યાસ સામગ્રી કે પરીક્ષા પદ્ધતિની સુધારણા પર ધ્યાન કેન્દ્રિત કરવું તેમાં પોતપોતાના અનુભવના આધારે કઈ બાબતને મહત્ત્વ આપીશું તો સુધારણા ઝડપી અને અસરકારક હશે તેના સૂચનો પણ થઈ શકે. પરંતુ એમાંની લગભગ બધી જ બાબતોનો આધાર છેવટે તો તે કામ કરનાર અધ્યાપકની સજ્જતા પર રહેવાનો.

### અધ્યાપકની સજ્જતા એટલે શું?

શિક્ષણ વિષયક ચિંતન કરનારા લોકોએ ઉત્તમ અધ્યાપકો માટે કહ્યું છે કે અધ્યાપકનું વ્યક્તિત્વ જ્ઞાનસમૃદ્ધ હોય; તે વિદ્યાવ્યાસંગી હોય, વિદ્યાર્થીઓ જેમાંથી પ્રેરણા મેળવે તેવું વર્તન કરતા હોય. જો કે આ બધું જ જેમાં એકીસાથે જોવા મળે તેવા ઉત્તમોત્તમ અધ્યાપક કદાચ ૧૦% જેટલા હોય. અને બીજા છેડે સાવ ઉતરતી કોટીના અન-અધ્યાપકો પણ જો ૧૦% જેટલા હોય એમ સ્વીકારીએ તો પણ આપણી પાસે બચે છે ૮૦% જેટલા મધ્યમ કક્ષાના (સારા) અધ્યાપકો, જેમાં નબળાથી લઈને નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવતા સહુનો સમાવેશ થાય.

ઉત્તમોત્તમ પ્રતિભાવશાળી અધ્યાપકોને વ્યાવસાયિક સજ્જતા માટે મદદની જરૂર ન હોય, અને નિમ્નતમ ૧૦%ને તેની દરકાર ન હોય, તેવી દલીલ કરી શકાય – તેમાં તથ્ય પણ છે.

તો ભલા, શિક્ષણની ગુણવત્તા સુધારણાનો આધાર છે આપણા મધ્યવર્તી ૮૦% અધ્યાપકોની સજ્જતા. અર્થાત્ એમની પોતાના વિષયવિશેષની સમજ, એમની જ્ઞાનનું સર્જન કરવામાં અનિવાર્ય એવી સંશોધન ક્ષમતા અને એમની અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાની સમજ. આટલું અંતર કાપીએ તે પછી ચતુર્થ ચરણમાં આવે instruction materialsના સર્જનની ક્ષમતા. આમ તો આ ચારેય એકબીજા સાથે સંકળાયેલા છે, માટે ચતુર્થ ચરણની વાત આગળના ત્રણના સંદર્ભે કરવી રહી.

અધ્યયન સામગ્રીના નામે મોટાભાગે તો આપણે પાઠ્યપુસ્તકનો વિચાર કરીએ. તેની ભાષા (પછી તે અંગ્રેજી હોય કે ગુજરાતી) સરળ હોય, બિનજરૂરી એવી શૈલીગત દુર્બોધતા વગર લખાઈ હોય એવું હંમેશાં બનતું નથી. તેથી જ પ્રદેશને અનુરૂપ, સમકાલીન સામાજિક પરિવેશને અનુરૂપ એવી પાઠ્યસામગ્રીનું સર્જન થતું રહે તે અધ્યયન પ્રક્રિયા માટે જરૂરી એવી આનુષંગિક પ્રવૃત્તિ ગણાય.

ઉત્તમ પાઠ્યસામગ્રીના અભાવે વિદ્યાર્થીઓ જૂની નોટ્સના આધારે અથવા 'બજારૂ' એવી પરીક્ષાલક્ષી (અધ્યયનલક્ષી નહિ) સામગ્રીના શરણે જાય છે. સામા પક્ષે અધ્યયન સામગ્રીનું સર્જન કરવાની પ્રક્રિયા અધ્યાપકને માટે પણ મૂલ્યવાન એ રીતે ગણાય કે તેનાથી અધ્યાપકની સજ્જતાનું સંવર્ધન થાય છે.

પાઠ્યસામગ્રી એટલે માત્ર વાચનસામગ્રી એવો અર્થ નથી લેવાનો. સ્વઅધ્યયન પોથીમાં માત્ર માહિતી પૂરી પાડવાની ન હોય. બલ્કે વિદ્યાપ્રીતિ વધે એવી રુચિકર શૈલીમાં, સિદ્ધાંતનો જીવાતા જીવન સાથેનો સંબંધ સમજાય તેવી રીતે, સમસ્યા ઊભી કરીને તેનું સમાધાન શોધવાની સંપ્રેરણા પણ હોય.

અધ્યાપકની સજ્જતાનું એટલું જ મહત્ત્વનું પાસું છે મૂલ્યાંકનકાર તરીકે તેણે કરવાની કામગીરીનું. શિક્ષણની ગુણવત્તાની વાત નીકળે ત્યારે જે એક વાત અવશ્ય સાંભળવા મળે તે 'વિદ્યાર્થી' મટીને 'પરીક્ષાર્થી' બનેલા અને 'અધ્યાપક' મટીને 'પરીક્ષક' બનેલા લોકો વિશેની હશે.

આ બાબતનું આટલું વરવું રૂપ આપણી સમક્ષ એટલા માટે ઉપસ્થિત થયું છે કે આપણે મૂલ્યાંકન પ્રક્રિયાની સ્વસ્થ સમજ ઊભી કરી શક્યા નથી. 'પરીક્ષા' લેવાનું કામ કંઈક યાંત્રિક ઢબે કરતા રહ્યા છીએ. કદાચ એનું એક કારણ વસ્તુનિષ્ઠ (objective) કસોટી પ્રક્રિયાની મથામણમાં રહેલું છે, અને બીજું કારણ ઘણી મોટી સંખ્યામાં રહેલું છે.

અધ્યાપકની સજ્જતાનું અવિભાજ્ય અંગ છે તેની મૂલ્યાંકનકાર તરીકેની સજ્જતા. યંત્રનો ઉપયોગ કરવા છતાં યાંત્રિકતા કઈ રીતે ટાળવી; વસ્તુનિષ્ઠ કસોટી પ્રાણહીન બનતી અટકે તે માટે શું કરવું; મોટી સંખ્યામાં પરીક્ષાર્થીની કસોટી કરવાની હોય ત્યારે પણ 'સાચી સમજ'ને કેન્દ્રસ્થાને રાખવી હોય તો શું કરવું – એનાં કૌશલ્યો વિકસાવવા પડે. એ બધું આપોઆપ આવડી જશે એમ માની લેવાની ભૂલ ના કરીએ.

અને આ બધા ઉપરાંત વિદ્યાર્થીને સારા નાગરિક બનાવવાની, રાષ્ટ્રપ્રેમની, માનવમૂલ્યોની કેળવણી આપવાની અધ્યાપકની જવાબદારીની સભાનતા પણ પ્રગટાવવી પડે. એ છે વ્યાવસાયિક સજ્જતા અને આપણે તેનું સંવર્ધન કરવાનું છે.

(સમાપ્ત)

(નિયામક, એચ.એમ. પટેલ ઈનસ્ટિટ્યૂટ ઓફ ઈંગ્લિશ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ, વલ્લભ વિદ્યાનગર. મો.: ૯૩૭૫૦૩૧૪૦૨)

## (ગાંધીની એક લાક્ષણિકતા)

ગાંધીનું ચરિત્ર રૂડું એક ને અખંડ હતું,
ગાંધીના ભાગલા પાડશો મા.
શાણા હો માનવી.

સત્યનું કમળ સો પાંખડીએ શોભતું
પાખંડીઓ પીંખી પીંખી નાખશો મા. શાણા.

રાકાજમાંય એણે અધ્યાત્મ આદર્યું.
ફૂલ ને સુગંધ નોખાં ચાખશો મા. શાણા.

મુક્તિનો લડવૈયો, લોકશક્તિનો ઘડવૈયો
લડતા ઘડતાને જુદા દેખશો મા. શાણા.

દેવલો બનાવી એને ગોખે ચડાવી દઈ
પોતાની ફરજોથી ભાગશો મા. શાણા.

ફરજો બજાવી હક લેનારાની કને
આશિષ સિવાય કશું માગશો મા. શાણા.

● નારાયણ દેસાઈ

## (ફર્સ્ટ ક્લાસના ડબ્બામાંથી ધકેલાયા પછી ગાંધીજીનું સ્વગત ચિંતન)

મન રે! મન, કઠ્ઠણ કરજે છાતી રે!
માત્ર તું જ નહીં, આખી કોમ અહીં –
નિત્ય હડે હડે થાતી રે.
મન રે! મન, કર્તવ્ય તારું શું હાવાં રે?
કષ્ટો વેઠી રહેવું, ડગે ડગે સહેવું
ક પાછાં સ્વદેશ જાવાં રે?
મન રે! મન, હૈયે તારે પાકું કોરી લે!
ભાગી પાછો જાતો, કાયર કહેવાતો
મૃત્યુ પહેલાં મોત વહોરી લે.
મન રે! મન, રોગનાં મૂળિયાં ઊંડાં રે!
રોગીનો વાંક ના, દોષ જરાક ના
વ્યાધિનાં લખ્ખણ ભૂંડાં રે!
મન રે! મન, વક્ષમાં વજ્ર ભરી લેજે!
વેર નથી લેવાં, જુલ્મો નથી સહેવાં
એટલાં પ્રણ કરી લેજે!
મન રે! મન, અસીમ ધૈર્ય ધરી લે રે!
કષ્ટો ઝાઝાં સહી આંહી જ રોકાઈ
રોગ નિર્મૂળ કરી લે રે!
મન રે! મન, નવજીવનનું ઈજન રે.
સત્ય કાજ મારું જીવન ઓવારું
જીવ્યું કરું મારું ધન્ય રે!

● નારાયણ દેસાઈ

## શુભ દિન

શુભ દિન શુભ ઘડી વીર વધામણી,
ચકિત વિસ્મિત બની દેશ પરદેશની,
દૃષ્ટિ દોડી રહી, બારડોલી ભણી. શુભ.

ત્રાસ અન્યાયના અમલ ઊતરી ગયા,
અભયથી ફૂલતી છાતી ખેડૂ તણી. શુભ.

સત્ય ને શાંતિના વિજય વાગી રહ્યા,
હરખથી ગાતું સૌ કીર્તિ વલ્લભ તણી. શુભ.

તિમિર નૈરાશ્યના તિમિર તો ટળી ગયાં,
આશથી ઝળકતી આંખ ભારતી તણી. શુભ.

● મહાદેવ દેસાઈ

## જય સરદાર

જય જય ગુર્જરી ગૌરવ વીર, મહારથી જય જય રણધીર!
શૂરોના શૂર સરદાર! વંદન તો અમ કોટિક વાર.
જય જય ગુર્જરી ગૌરવ વીર.

યુગ યુગનાં અંધારા પીને; જાગ્યા જીવનના અંબાર,
જાગ્યા મુક્તિ તણા પુકાર; કો આવ્યો અદ્‌ભુત સેનાની-
ફેંક્યો શાંત પ્રખર પડકાર; નવાં સજાવ્યાં તાતાં તીર,
જય જય ગુર્જરી ગૌરવ વીર! (૧)

હતા અડીખમ દુર્ગ શત્રુના, હતા મહા ભંડાર શસ્ત્રના,
સામદામના કાંતિલ દાવ, મોત તણા મબલખ સરપાવ;
નવા ગુરુએ નવા મોરચા, બાંધ્યા-કીધા નવા જમાવ;
પગલાં માંડ્યા, ધીર ગંભીર.
જય જય ગુર્જરી ગૌરવ વીર! (૨)

અહો જંગ મંડાયા શૂરા, થયા દર્પ શત્રુના ચૂરા;
દીન રંકના અંગે અંગે, જાગ્ય જૌહર નવલા રંગે;
મહા મોરચે ખડા ગુરુએ લીધા કૈ નરવર નિજ સંગેઃ
એક એકથી ચડતા વીર.
જય જય ગુર્જરી ગૌરવ વીર! (૩)

આખો દેશ જલ્યો દાવાનલ, યોદ્ધાનાં ઉમટ્યાં દલ પર દલ;
સૈન્ય બધાં એ કરવા સજ્જ, એક નરે કર ધાર્યો ધ્વજ;
મહાગુરુને હૃદય વસ્યો એ- એને પૂરી પડી પતીજઃ
આ મારો હનુમન્તો વીર.
જય જય ગુર્જરી ગૌરવ વીર! (૪)

હે હનુમન્તી સખા પંખાળા! તવ ગાજ્યાં ઘેરા ત્રંબાળા;
શબ્દ તણાં બસ મારે બાણ, ઢળી જતા શત્રુના પ્રાણ;
ગુર્જર-હિંદ અખિલના તંતુ તેં બાંધ્યા-તેં કીધાં ત્રાણઃ
ભારત મુક્તિ મહા જહાજનો તું બળવંતો મહા સમીર.
જય જય ગુર્જરી ગૌરવ વીર! (૫)

● સુન્દરમ્

## કષ્ટસહનની કિંમત ચૂકવીને

૧૯૦૬ની સાલ સુધી મેં એકલી બુદ્ધિની સમજાવટ પર આધાર રાખ્યો હતો. હું બહુ ઉદ્યોગી સુધારક હતો. હું સત્યનો ઉપાસક રહ્યો એટલે મારી પાસે હકીકતોનું પાકું જ્ઞાન હતું, તેથી હું સરસ લખાણો કરી શકતો. પણ મેં જોયું કે દક્ષિણ આફ્રિકામાં અણીની ઘડી આવી, ત્યારે બુદ્ધિની અસર ન પડી શકી. મારા દેશભાઈઓ ઉશ્કેરાઈ ગયા હતા (જીવડું પણ ક્યારેક સામું થઈ જાય છે), અને વેર લેવાની વાત ચાલતી હતી. મારે (કાં તો) હિંસામાં ભળવાની અથવા તો આપત્તિને પહોંચી વળવાની બીજી કોઈ રીત વચ્ચે પસદંગી કરવાની હતી. અને મને સૂઝી આવ્યું કે માણસાઈને હણનારા કાયદાને તાબે થવાની અમારે ના પાડવી જોઈએ – સરકાર ચાહે ભલે અમને જેલમાં મોકલે. આ રીતે શસ્ત્રયુદ્ધની અવેજરૂપે આ નૈતિક શસ્ત્ર પ્રગટ થયું.

તે દિવસથી મારી એ પ્રતીતિ વધતી ગઈ છે કે પ્રજાને પ્રાણસમાન એવી વસ્તુઓ કેવળ સમજાવટથી મળતી નથી, પણ કષ્ટસહનરૂપે કિંમત ચૂકવીને ખરીદવી પડે છે. વિરોધીનો હૃદયપલટો કરવાની અને બુદ્ધિના અવાજ સામે બંધ રહેતા તેના કાન ઉઘાડવાની, શસ્ત્રયુદ્ધના કરતાં અનેક ગણી શક્તિ કષ્ટસહનમાં રહેલી છે. મેં જેટલી અરજીઓ કરી છે અને નિરાશાની સામે પણ જેટલી આશા મેં રાખી છે, તેટલી કોઈએ નહીં રાખી હોય. પણ મેં મનમાં ગાંઠ વાળી છે કે આપણે કંઈક ખરેખરું કામ કરાવવું હોય તો બુદ્ધિને સંતોષીએ એટલું બસ નથી – હૃદયને પણ હલાવવું જોઈએ. હૃદય સુધી સોંસરું પહોંચવાને તો સહનશક્તિ જ જોઈએ. એ માણસનાં અંતરનાં દ્વાર ખુલ્લાં કરે છે. ક્રોધરહિત, દ્વેષરહિત કષ્ટસહનના સૂર્યની સામે કઠણમાં કઠણ હૈયું પીગળવું જ જોઈએ અને જડમાં જડ અજ્ઞાન દૂર થવું જોઈએ.

દુષ્ટતાનો દુષ્ટતાથી થતો પ્રતિકાર કેવળ દુષ્ટતામાં વધારો કરે છે. હિંસા સારું કરતી દેખાય છે ત્યારે તે સારું કેવળ તત્પૂરતું હોય છે, અને એ રીતે જે બૂરું કરે છે તે કાયમી હોય છે., ઈતિહાસ શીખવે છે કે જેઓ શુભ હેતુથી પણ લોભિયાઓની સત્તા પશુબળે કરીને પડાવી લે છે, તેઓ પોતે પણ એ જ લોભના ભોગ થયા છે. પરદેશી રાજકર્તા સામે આજે આપણે હિંસા આચરીએ, તો તે પછી એક ડગલું આગળ વધીને, દેશની પ્રગતિમાં આપણને જે નડતરરૂપ લાગે તેવા આપણા પોતાના લોકો સામે પણ હિંસા આચરવાને આપણે તરત જ પ્રેરાઈશું.

પચાસ કરતાં પણ વધુ વરસથી હું સતતપણે અહિંસાનું પાલન કરતો આવ્યો છું. જેમની નીતિનો મારે વિરોધ કરવો પડ્યો છે, તેમના પ્રેમ અને વિશ્વાસનું પાત્ર હું હંમેશાં બન્યો છું. એ બીના મારા જીવનની એક કાયમના સુખની સરવાણી છે. દક્ષિણ આફ્રિકામાં મારું આયુષ્ય લડતમાં વીત્યું, પણ અંગત નાતે ત્યાંના નિવાસીઓએ મારા પર વિશ્વાસ અને મૈત્રી વરસાવેલાં. બ્રિટિશ તંત્રના મારા આવડા મોટા વિરોધ છતાં હજારો અંગ્રેજ સ્ત્રી-પુરુષો મારા પર પ્રેમ રાખી રહ્યાં છે. આ બધો અહિંસાનો વિજય છે.

ખરું જોતાં અહિંસાની કસોટી જ એ છે અહિંસક લડતમાં કોઈ પક્ષે કડવાશ કે ઝેરવેર પાછળ રહેતાં નથી અને શત્રુઓ મિત્ર બની જાય છે.

**મો.ક. ગાંધી**

('અરધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર)

## ગઝલ

● રિષભ મહેતા

કોશિશ તમને ભૂલી જવાની આજ કરું છું
હું જીવવાનો શરૂ હવે રિયાઝ કરું છું!

ઘડીકમાં લાગે કે કેવું રાજ કરું છું
પછી નથી સમજાતું કોને કાજ કરુ છું?!

મોકો છે, ઝડપી લ્યો મિત્રો! ઊતરી જાઓ,
હું મારું આ ટાઈટેનિક તારાજ કરું છું!

મત્લા, મક્તા, રદીફ, કાફિયા, શેઅર અને હું —
હળીએ, મળીએ ને રમીએ, બસ આ જ કરું છું!

ઘણી યે વેળા નથી સાંભળી શકતો ખુદને
ગાતાં ગાતાં મૂંગું મારું સાઝ કરું છું!

(૩૫/બી, સમ્રાટનગર, બામરોલી રોડ, ગોધરા – ૩૮૯ ૦૦૧)

●

## ગઝલ

● એસ.એસ. રાહી

હવે એ તરફથી ન નીકળાય છે,
હવે ત્યાં જ કેડી ખતમ થાય છે.

ખરો એક માણસ મળે ના અહીં,
અહીં માત્ર પડછાયા અથડાય છે.

કઠણ પર્વતો પણ ન લિસ્સા થતા,
ઝરણ તો અહોરાત અફળાય છે.

હું વાવું છું કાળાં ગુલાબો અને,
હકીકતમાં કાંટા ઊગી જાય છે.

કબર પાસે ઊભો છું હું બાઅદબ,
પછી લાશ કોની દફન થાય છે.

(S.S. Rahi, Eezee Society, Plot No. 13,
Behind Rupee Bank, Opp. Parmar Pavan,
Kondhwa (Khurd), Pune – 411 048, Maharashtra.
M.: 09373137952)

## ગઝલ

● ગાયત્રી ભટ્ટ

મુઠ્ઠીમાં હું વટ લઈ બેઠી,
ક્યાં ખોટી ઝંઝટ લઈ બેઠી?

પાણિયારે પાણીડાં ભરતાં –
પાલવડે પનઘટ લઈ બેઠી!

પાલવ મારો પૂરો દરિયો,
હું લહેરાતો તટ લઈ બેઠી.

પગલે પગલે વાગે ઝાંઝર,
નરતન હું નટખટ લઈ બેઠી.

મારે એને જોવો નો'તો,
તેથી હું ઘુંઘટ લઈ બેઠી!

(૩૫/બી, સમ્રાટનગર, બામરોલી રોડ, ગોધરા – ૩૮૯ ૦૦૧)

●

## ગઝલ

● રાકેશ હાંસલિયા

દૂરથી જે મહેલ લાગે છે,
જાવ નીકટ તો જેલ લાગે છે.

ધૂળની સૂગ, એ ય બાળકને?!
શહેરમાં ઉછરેલ લાગે છે.

ઘાસ પણ શિસ્તબદ્ધ ઊગ્યું છે,
જાણે કે પાથરેલ લાગે છે.

શીશ અમથું રહે ના ભારેખમ,
વ્યર્થ કૈં ઊંચકેલ લાગે છે.

સાવ નૂતન ભલે રહ્યો વૃત્તાંત,
આમ એ સાંભળેલ લાગે છે.

ચાલ વનને જ ઘર બનાવીએ,
અહિ બધું ગોઠવેલ લાગે છે.

પાર ઊતરીશ કઈ રીતે 'રાકેશ'?
નાવ તો નાંગરેલ લાગે છે.

(સિલ્વર ગોલ્ડ રેસી.-૩, 'સૌમ્ય' ઝીલ રેસી. પાછળ,
નાના જાવા રોડ, રાજકોટ-૫)

# રાજકારણમાં સાધનશુદ્ધિ અને ગાંધીવિચાર

હેમા જીકાદરા

**"હું રાજકારણમાં ભાગ લેતો દેખાઉં છું તેનું કારણ એ જ છે કે રાજકારણ આપણને આજે નાગચૂડની પેઠે ઘેરી વળેલું છે અને એ ચૂડમાંથી છૂટવા માણસ ગમે એટલું મથે તો પણ છૂટી શકતો નથી. હું એ નાગની સાથે બાથ ભીડવા માગું છું... હું રાજકાજમાં ધર્મને દાખલ કરવા મથી રહ્યો છું."**

— ગાંધીજી

## પૂર્વભૂમિકાઃ

ભારતનું સ્વરાજ કેવું હશે એનું કલ્પનાચિત્ર ઈ.સ. ૧૯૦૯માં લખેલા 'હિંદ સ્વરાજ'માં તેઓશ્રીએ વર્ણવ્યું હતું. ગાંધીજી પોતાની કલ્પનાના સ્વરાજને રામરાજ્ય કહેતા. તેને ધર્મરાજ્ય પણ કહેતા. સ્વરાજ અથવા રામરાજ્ય. આ સ્વપ્ન અહિંસાના શુદ્ધ સાધન વડે જ સિદ્ધ કરી શકાય તેવી ગાંધીજીની દૃઢ માન્યતા હતી. તેઓશ્રી જણાવે છે કેઃ "હિંદુસ્તાન જો પ્રેમના સિદ્ધાંતને તેના ધર્મના એક સક્રિય અંશરૂપે સ્વીકારે અને તેને પોતાના રાજકારણમાં દાખલ કરે, તો હિંદુસ્તાનમાં સ્વરાજ સ્વર્ગમાંથી ઊતરી આવે."[૧]

છેક ચાણક્યના સમયકાળથી રાજનીતિ સાથે કુટિલતાને સહજ રીતે જોડી દેવામાં આવી છે. પશ્ચિમી રાજકીય વિચારસરણીના મૂળમાં મેક્યાવેલીએ પણ પોતાના પુસ્તક 'ધ પ્રિન્સ'માં કુટિલનીતિનું સમર્થન કર્યું છે. સામ, દામ, દંડ, ભેદની નીતિ રાજનીતિમાં સહજ હોવાની પુષ્ટિ આપણને ચોતરફથી મળતી હોય છે. પ્રામાણિક અને નિષ્ઠાવાન મૂલ્યો ધરાવતી વ્યક્તિ રાજકારણમાં સફળ ન નીવડી શકે તેવી માન્યતા વ્યાપકપણે જોવા મળે છે, એવા સંજોગોમાં સત્ય અને અહિંસાના શુદ્ધ સાધનોથી રાજકારણમાં પણ સફળતા પ્રાપ્ત કરી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ ગાંધીજીએ પૂરું પાડ્યું તેમ ચોક્કસપણે કહી શકાય.

## રાજકારણ અને ધર્મઃ

રાજકારણમાં આધ્યાત્મિકરણની સૌપ્રથમ વાત તો શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેએ કરી હતી. પણ સક્રિય રાજકારણમાં ઝંપલાવીને તેમાં ધાર્મિક મૂલ્યો દાખલ કરવાનું શ્રેય અને તેનાં અદ્ભુત પરિણામો જગત સમક્ષ મૂકવાનું ગાંધીજીને જ ફાળે જાય છે.[૨] શરૂઆતમાં ગાંધીજીની છાપ સમાજસુધારક તરીકેની હતી. એમના જેવા પુરુષ રાજકારણની ગંદકીમાં પડે તે ઘણાને અસ્વાભાવિક અને અનિચ્છનીય લાગતું હતું. એક રાજકીય પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે ગાંધીજી મિ. મોન્ટેગ્યુને મળવા ગયેલા ત્યારે મોન્ટેગ્યુએ પણ એમને કહેલું કે, "તમે તો સમાજસુધારક છો. દેશની રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેતાં જોઈ મને આશ્ચર્ય થાય છે."[૩] જ્યારે ગાંધીજીએ બ્રિટિશ સરકાર સામે અસહકારની લડત આદરી તે સમયે ગુજરાતના સાક્ષર અને પ્રખર સાહિત્યકાર શ્રી નરસિંહરાવ દિવેટિયાએ ૧૯૨૦માં ગાંધીજીને લખેલું કે આ વમળમાં કેમ પડ્યા? હું ઈશ્વર કને એ જ માંગું છું કે, આપ એમાંથી બહાર ધકેલાઈ જાઓ અને આપનું મહાત્માપણું સાચવો. જિસસ Politicsમાં નહોતા પડ્યા. બુદ્ધ ભગવાન Politicsને અડક્યા ન હતા.[૪] આમ સામાન્ય અભિગમ એવો છે કે રાજકારણ અને ધર્મ તદ્દન જુદાં તેમજ એકબીજાથી વિરુદ્ધ છે. પરંતુ ગાંધીજીનું દૃઢ મંતવ્ય હતું કે, આજની દુનિયામાં માણસની પ્રવૃત્તિ એક અને અવિભાજ્ય છે. તેમાં સામાજિક, આર્થિક, રાજદ્વારી અને શુદ્ધ ધાર્મિક એવા નોખા-નોખા ખંડ પાડી શકાય તેમ નથી.[૫] આ અર્થમાં માનવપ્રવૃત્તિથી અળગો ધર્મ હોઈ શકે નહીં.

## રાજકારણનું આધ્યાત્મિકરણઃ

ગાંધીજીની રાજકારણ પ્રત્યેની દૃષ્ટિ આગવી હતી. તેઓને કર્મયોગી હોવાની સાથે સાથે સંતપુરુષ પણ ગણાવી શકાય. કદાચ રાજકારણના તર્કશુદ્ધ સિદ્ધાંતોની ભેટ તેમણે ન આપી હોય પરંતુ, રાજકારણ પ્રત્યેનો તેમનો અભિગમ નીતિનિષ્ઠ જરૂર હતો. ધર્મમય અને સદાચારી જીવન જીવવાની એમની નેમ હતી. આ ઈચ્છા કેવી રીતે એમને રાજકારણમાં દોરી ગઈ તે અંગે તેઓ કહે છે કે, "સારીયે મનુષ્યજાતિ સાથે એકતા ન સાધું ત્યાં સુધી હું આ ધ્યેયની પ્રાપ્તિ ન કરી શકું."[૬] સામાન્ય રીતે રાજકારણમાં સત્તાના ખ્યાલને કેન્દ્રમાં રાખવામાં આવે છે. પરંતુ ગાંધીજીને આ સત્તા મેળવવાની કે ટકાવવાની પ્રક્રિયા કે પદ્ધતિમાં રસ નહોતો. રાજકારણમાં કાવાદાવા કે કુટિલનીતિ નહીં પરંતુ સત્ય અને અહિંસાના આચરણ માટેનાં શાસ્ત્ર તરીકે જ એનો અભ્યાસ થવો જોઈએ. કારણ કે તેમને મન રાજકારણ જીવનનાં અન્ય ક્ષેત્રોથી જુદું નથી.

તેમના મતે, 'બળિયાના બે ભાગ' કે પછી 'લાઠી તેની ભેંસ'ને બદલે 'સત્યમેવ જયતે'ની આપણે પસંદગી કરવાની છે. સત્ય પ્રત્યેની તેમની અતૂટ શ્રદ્ધાને કારણે અયાયનો વિરોધ કરવા માટે સત્યાગ્રહનું શસ્ત્ર અપનાવ્યું.

**સત્યઃ**

ગાંધીજીના મતે, સત્ય એ જ પરમેશ્વર. એ સત્યનો ઊંચો અર્થ થયો. સામાન્ય અર્થમાં સત્ય એટલે સત્ય આગ્રહ, સત્ય વિચાર, સત્યવાણી અને સત્યકર્મ અને તે જ સદાગ્રહ, સદ્‌વિચાર, સદ્‌વાણી અને સત્કર્મ છે. જે સત્ય અને સનાતન નિયમોથી વિશ્વનું જડચેતન તંત્ર ચાલે છે, તેની સતત શોધ કરતાં રહેવું અને તે મુજબ પોતાના જીવનને ઘડતાં રહેવું તથા અસત્યનો સત્યના સાધનો દ્વારા પ્રતિકાર કરવો તે સત્યાગ્રહ છે. જે વિચાર આપણી રાગદ્વેષ વિનાની, નિષ્પક્ષપાત તથા શ્રદ્ધા અને સદ્‌બુદ્ધિને સદાને માટે કે જે સંજોગો જોઈ શકાય તે સંજોગોમાં શક્ય તેટલા લાંબા સમયને માટે, યોગ્ય અને ન્યાય લાગે તે આપણે માટે સત્યવિચાર છે. જે હકીકત છે તેને અનુલક્ષીને વાણી રજૂ કરે છે અને એમાંથી જુદો ભાસ ઉપજે એ રીતે કાંઈ ઓછું કે વત્તું કરવાનો પ્રયત્ન કરતી નથી તે સત્યવાણી છે અને વિચારથી જે સત્ય લાગે તેનું જ સવિવેક આચરણ તે સત્યકર્મ છે.[૭] ગાંધીજી ઈશ્વર પ્રત્યે પણ ઊંડી શ્રદ્ધા ધરાવતા હતા. વધુમાં કહીએ તો તેમને મન ઈશ્વર સત્ય છે અને સત્ય એ ઈશ્વર છે. તેઓ સત્યને સગુણ કે સાકાર ઈશ્વર તરીકે ઓળખાવવા બદલે એક નૈતિક સિદ્ધાંત તરીકે વર્ણવતા. આમ, સત્ય અને કાર્યનો પરસ્પર સબંધ આપોઆપ પ્રસ્થાપિત થઈ જાય છે. ગાંધીજી પોતાના જીવનને સત્યના પ્રયોગ તરીકે લેખતા હતા. સત્યને ઈશ્વર તરીકે લેખવાનો ગાંધીજીનો પ્રયાસ સ્વાનુભવ આધારિત છે. ગાંધીજી કહેતા હતા કે સત્યનું જ્ઞાન અંતરાત્માના અવાજ દ્વારા થાય છે. અંતરાત્માના અવાજને અનુસરવા ગાંધીજીએ જીવનમાં અનેક મહાન કાર્યો કર્યા અને એમાંના ઘણાં સફળતાપૂર્વક પાર પાડ્યાં. સત્યના પ્રમાણની વાત કરીએ તો તે સ્વંયસિદ્ધ છે તેમજ સ્વયં પ્રમાણિત પણ છે.

**પ્રાર્થનાઃ**

ગાંધીજીનું જીવન પ્રાર્થનામય હતું તેઓ કહેતા કે તેઓ ખાધા વિના જીવી શકે પણ પ્રાર્થના વિના ન જીવી શકે. પણ એમની પ્રાર્થના એ ભગવાન પાસે કરાયેલી યાચના નહિ પણ પ્રભુને, ચૈતન્યને પામવાની – સત્યમય બનવાની ઉત્કટ ઇચ્છાની અભિવ્યક્તિ અને રોજ-રોજ એને ચરણે કરેલાં સંપૂર્ણ સમર્પણનાં પ્રતીક સમાન હતી.[૮] પ્રાર્થના વિષેની ગાંધીજીની કલ્પનાની એક વિશેષતા એ છે કે એ વ્યક્તિની ઉન્નતિનાં સાધન જેટલી જ રાષ્ટ્રની મુક્તિ માટેનું સાધન પણ બની.

**સાધ્ય અને સાધનઃ**

સાધ્ય અને સાધન અંગેના વિચારો ગાંધીજીના ફિલસૂફીમાં પાયાના વિચારો ગણાવી શકાય. ગાંધીજી જણાવે છે કે, "મનુષ્યનું અંતિમ ધ્યેય ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાનું છે – મોક્ષ મેળવવાનું છે. આ માટે મનુષ્યની સેવા કરવી અનિવાર્ય છે, કેમ કે ઈશ્વરે સર્જેલ મનુષ્યમાં જ ઈશ્વરનાં દર્શન થાય છે. આ દૃષ્ટિએ મનુષ્યએ પોતાની જ આધ્યાત્મિક સ્વતંત્રતા માટે પ્રયત્નો કરીને સંતોષ માનવો જોઈએ નહીં, પરંતુ પોતાના સાથી મનુષ્યોના આધ્યાત્મિક કલ્યાણ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ." ગાંધીજીને મન "તમામના ભલામાં જ પોતાનો મોક્ષ રહેલો છે (જેને તેઓ 'સર્વોદય' તરીકે ઓળખાવે છે.)" ગાંધીજીએ જણાવ્યું છે કે, "આત્મબલિદાનની ભાવના દ્વારા જ આ ધ્યેય સિદ્ધ થઈ શકે છે." ગાંધીજીના દર્શનમાં સાધ્ય અને સાધન પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા છે. પરિણામે સાધનશુદ્ધિ અનિવાર્ય છે. જેટલું સાધ્ય શુદ્ધ હોય તેટલું જ સાધન શુદ્ધ હોવું જોઈએ. ગાંધીજી દૃઢપણે માનતા હતા કે, "સાધ્ય ગમે તેટલું ઉચ્ચ અને પ્રશંસનીય હોય પરંતુ તેટલું પૂરતું નથી, તે માટેનું સાધન પણ નૈતિક હોવું જોઈએ." ખરેખર તો ગાંધીજીને મન સાધન જ સર્વસ્વ છે. તેઓ માનતા હતા કે, "સાધનમાંથી જ સાધ્ય વિકાસ પામે છે. પરિણામે જેવાં આપણાં સાધનો તેવી જ આપણી સિદ્ધિ."[૯] આ રીતે ગીતાના કર્મયોગના સિદ્ધાંતને તેઓ દૃઢપણે માનતા હતા કે, "નૈતિક ધ્યેય-સાધ્યની સિદ્ધિ માટે સાધનો પણ નીતિમય હોવા જોઈએ" આપણાં સાધનો આપણા ધ્યેયો જેટલાં જ શુદ્ધ હોવા જોઈએ. આ સંદર્ભમાં જ ક્રાંતિની રીતમાં ગાંધીજીએ આપેલ સત્યાગ્રહનું સાધન એ તેમનું વિશિષ્ટ પ્રદાન છે. કારણ કે સામાય રીતે ક્રાંતિ હિંસક જ હોય છે તેવા ખ્યાલનું ખંડન કરીને સત્યાગ્રહરૂપી સાધનનો ઉપયોગ કરીને અહિંસક ક્રાંતિ ગાંધીજીએ સિદ્ધ કરી બતાવી. સાધન-શુદ્ધિના વિચારની સાથે સાથે તેમણે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્વાદ, અસ્તેય, અપરિગ્રહ, અભય, અસ્પૃશ્યતા નિવારણ, જાત-મહેનત વગેરે સાધનોનો વ્રતો તરીકે વિગતે ખ્યાલ આપ્યો છે. અને તેમને સાધ્યની સિદ્ધિ માટેનાં

સાધનો તરીકે ઓળખાવ્યાં છે. ગાંધીજી અહિંસક રાજ્યના સમર્થક હતા. પરિણામે તેઓ જણાવે છે કે જો સાધનો હિંસાથી જ ખરડાયેલા હોય તો તેના પરિણામે જે રાજ્ય હશે તે અહિંસક પણ નહીં હોય અને લોકશાહીયુક્ત પણ નહીં હોય. જો અહિંસક લોકશાહી રાજ્યની સ્થાપના કરવી હોય તો અહિંસાનો સાધન તરીકે ઉપયોગ કરવો જોઈએ.[૧૦] આમ, ગાંધીજી ધ્યેયને સિદ્ધ કરવા અર્થે યોગ્ય સાધનના ઉપયોગની હિમાયત કરતા હતા. એટલું જ નહીં પરંતુ આ સાધન એટલે ભારોભાર નૈતિકતા. વળી નૈતિકતાની સાથે તેમણે સત્ય અને અહિંસાનું પરિણામ પણ દર્શાવ્યું છે તે આપણે ભૂલવું જોઈએ નહીં.

સાધ્યની સિદ્ધિ અર્થે ગાંધીજીએ સત્યાગ્રહનું જે સાધન અપનાવ્યું હતું તે પણ જગતના ઇતિહાસમાં નોંધપાત્ર બની ગયું છે. માત્ર સત્યાગ્રહ એ એક સાધન જ નહીં પરંતુ, સત્યાગ્રહનું સાધન ઉપયોગ કરનારે કેટલીક બાબતોનો સાવચેતીપૂર્વક અમલ કરવાનો છે.

**સત્યાગ્રહ:**

સત્યાગ્રહના પાયાના સિદ્ધાંતથી માંડીને સત્યાગ્રહીએ વર્તણૂક સુધીની ગાંધીજીએ ચીવટપૂર્વક કાળજી લેવાની વિસ્તૃતપણે વાત કરી છે. મનુષ્ય ગમે તેટલો સ્વાર્થાંધ બનેલો હોય, છતાં એના હૃદયમાં ઊંડે-ઊંડ સત્ય એ જ સર્વથી પર છે એવી પ્રતીતિ હોય છે. અને તેથી તેને માટે આદર અને ભય પણ રહેલાં હોય છે જ. મનુષ્ય માત્રના હૃદયમાં રહેલી સત્ય વિશેની આવી ગુપ્ત પ્રતીતિ, આદર અને ભય એ સત્યાગ્રહના શાસ્ત્રનો પાયો છે. એને જ માણસના હૃદયમાં રહેલો 'અંતઃકરણનો અવાજ' કહી શકાય. વિરોધીના હૃદયને અંતઃકરણના અવાજ પ્રત્યે જાગૃત કરવું એ દરેક સત્યાગ્રહનું સાધ્ય છે. અન્યાયને દૂર કરવા માટે વિરોધીએ જે પગલાં લેવાં જોઈએ, તે એ સાધ્યમાંથી પછી પરિણામરૂપે પોતાની મેળે જ ઉપજે છે.[૧૧] વધુમાં ગાંધીજી જણાવે છે કે સત્યાગ્રહીએ ખોટી પ્રતિષ્ઠાનો ખ્યાલ કરવાનો નથી. એને પોતાની વિચારસરણીમાં કે યોજનામાં ભૂલ માલૂમ પડતાં ગમે તેટલો આગળ વધી ગયો હોય તો યે થોભી જતાં અથવા 'પીછેહઠ' જેવું લાગે એવું કરતાં અને પોતાની ભૂલનો એકરાર કરતાં, તથા જે નુકસાન થાય તે સહન કરી લેતાં, કે તે માટે યોગ્ય પ્રાયશ્ચિત્ત સ્વીકારતાં શરમાતો નથી. કારણ કે, સત્ય કરતાં કોઈપણ બીજા વિચાર કે કારણને સત્યાગ્રહી ઓછાં મહત્ત્વનાં સમજે છે. આથી એનું ઇષ્ટકાર્ય બગડતું નથી પણ સુધરે છે, અને દેખીતી 'પીછેહઠ' 'આગેબઢ' હતી એમ પાછળતી સિદ્ધ થાય છે.[૧૨] આ રીતે સત્યાગ્રહના કેન્દ્રમાં સત્યનો આગ્રહ છે. ગાંધીજીએ સત્યના આગ્રહ માટે સત્યાગ્રહીના પણ કેટલાક સામાન્ય લક્ષણો તારવ્યા છે. સત્યાગ્રહીની મર્યાદા, સત્યાગ્રહીના પ્રકારો, સમજાવટ, ઉપવાસ, અસહકાર, સવિયનયભંગ, સત્યાગ્રહીનું કોર્ટમાં વર્તન, સત્યાગ્રહીનું જેલમાં વર્તન, સત્યાગ્રહીની નિયમાવલિ, સત્યાગ્રહીની લાયકાત, સામુદાયિક સત્યાગ્રહ વગેરે બાબતોનો ઊંડાણથી ખ્યાલ આપ્યો છે.

**સમાપન:**

આમ જોવા જઈએ તો ગાંધીજીએ પોતાની કોઈ ચોક્કસ વિચારસરણી રજૂ કરી નથી કે પછી કોઈ ખાસ માળખું કે મૉડલ વિકસાવ્યું નથી પણ તેમણે પોતાનું જીવન પથદર્શક બનાવ્યું છે. તેથી જ તો તેમણે કહ્યું છે કે "મારું જીવન એ જ મારી વાણી" — જીવનના તમામ પાસાંઓ સામાજિક, આર્થિક, રાજકીય વગેરેને નૈતિકતા સાથે સાંકળી એક આગવી જીવનશૈલી તેમજ જીવનદર્શન આપ્યું છે. નીતિશાસ્ત્ર તેમજ દર્શનશાસ્ત્ર ક્ષેત્રે ગાંધીજીએ સત્યને કથની અને કરણી તેમજ વાણી અને વર્તનમાં એકતા સાધી સત્યના સૈદ્ધાંતિક અને વ્યવહારુ સ્વરૂપને જગત સમક્ષ મૂક્યું. મૂલ્યોના સંદર્ભમાં વિચારીએ તો વિચાર અને વાણીને ખરા અર્થમાં વર્તન અને વ્યવહારમાં ચરિતાર્થ કરી બતાવી વિશ્વને એક આદર્શ નમૂનો પૂરો પાડ્યો. માત્ર જ્ઞાન કે તર્કના આધારને બદલે અનુભવ અને કર્મ આધારિત તેમનું આત્મદર્શન હતું. આધ્યાત્મિક ક્ષેત્રે ધર્મનાં મૂલ્યોને નીતિના સાપેક્ષ સિદ્ધાંતોમાં ફેરવીને તેને નીતિ-ધર્મ તરીકે ઓળખાવ્યો. આ દૃષ્ટિએ તેઓ પ્રથમ એવા દાર્શનિક હતા.

સાધ્ય અને સાધનની એકરૂપતા માટેનો આગ્રહ એ ગાંધીજીના નીતિદર્શનની વિશેષતા છે. આ એકરૂપતાને એમણે ક્રાંતિમાં પણ નીતિ જેટલું જ પ્રાધાન્ય આપ્યું. તેઓ શુદ્ધ સાધનો માટે એટલા આગ્રહી હતા કે એને કારણે ધ્યેયને પહોંચતાં વર્ષો વીતી જાય તો પણ રાહ જોઈ ધીરજ ધરવાની વાત કરતા હતા.

ગાંધીજી ઇતિહાસમાં પહેલા પુરુષ હતા જેમણે ધર્મ અને રાજનીતિનો સમન્વય સાધી બતાવ્યો. સુપ્રસિદ્ધ ચીની લેખક લિન યુટાંગ ધર્મ સાથે રાજકારણનો સુયોગ સાધવામાં ગાંધીજીને મળેલી આ સફળતાને 'મહાભારત સિદ્ધિ' તરીકે ઓળખાવે છે અને લખે છે કે, "મને

ખબર છે કે પ્રેસિડેન્ટ વિલ્સન એક સારા ખ્રિસ્તી તરીકે દરરોજ તેમના ધર્મપુસ્તક બાઈબલનો પાઠ કરતા હતા. આમ છતાં રાજકારણના પ્રશ્નો એમની સામે ખડા થયા ત્યારે તેમણે પોતાના સિદ્ધાંતો સાથે બાંધછોડ કરી.[૧૩] ગાંધીજી સાચા અને ન્યાયી પંથે એક ડગલું કેમ સત્વરે ભરાય એનો જ વિચાર કરતા. જો એ ડગલું સાચી દિશાનું હોય તો એ દ્વારા આગલાં ડગલાં આપોઆપ લેવાશે. એટલે કે, 'એક ડગલું બસ થાય...'''

આમ, રાજનીતિક્ષેત્રે ગાંધીજીએ નીતિ અને રાજનીતિ ગાઢ રીતે સંકળાયેલાં છે એ બતાવી રાજનીતિને શક્તિ કે સત્તાભિમુખ નહીં પણ શાંતિ અને સેવાભિમુખ બનાવવાનો આગ્રહ રાખ્યો.

**સંદર્ભ:**


૧. હિંદ સ્વરાજ (પ્રસ્તાવના) પૃ. ૨૭

૨. પ્રો. પટેલ મગનભાઈ જો., ગાંધીજીનું ધર્મદર્શન, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬, દ્વિતીય આવૃત્તિ, ૨૦૦૦, પૃ. ૧૭૦

૩. 'હરિજન બંધુ' તા. ૨૪-૧૨-૧૯૩૮

૪. 'ગાંધી સ્મારક સંગ્રહાલય' (અપ્રગટ પત્ર)

૫. 'હરિજન બંધુ' તા. ૧-૧૨-૧૯૩૯, પૃ. ૩૪૩

૬. મહેતા ઉષા, ગાંધીજી, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬, ૧૯૮૭, પૃ. ૯૬

૭. મશરૂવાલા કિશોરલાલ ઘ., ગાંધીવિચાર દોહન, પૃ. ૫-૬

૮. મહેતા ઉષા, ગાંધીજી, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬, ૧૯૮૭, પૃ. ૩૦

૯. પ્રા. પંડ્યા હસમુખ જ., આધુનિક ભારતીય રાજકીય ચિંતકો, અનડા બુક ડીપો, અમદાવાદ, ૧૯૯૩, પૃ. ૧૨

૧૦. એજન, પૃ. ૧૩-૧૪

૧૧. મશરૂવાલા કિશોરલાલ ઘ., ગાંધીવિચાર દોહન, પૃ. ૪૯-૫૦

૧૨. એજન, પૃ. ૫૧

૧૩. પ્રો. પટેલ મગનભાઈ જો., ગાંધીજીનું ધર્મદર્શન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬, ૧૯૭૧, પૃ. ૧૯૧


(ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે તા. ૧૭-૧૮ ઑગસ્ટ ૨૦૧૩ દરમિયાન 'ભારતની બદલાતી રાજકીય પ્રથાઃ પરિમાણો અને પડકારો' વિષય અંતર્ગત યોજાયેલા બે દિવસિય રાષ્ટ્રીય પરિસંવાદમાં પ્રસ્તુત અભ્યાસલેખ.)


(અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ,
ગુજરાત આટ્‌ર્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ)


*॥ ચિંતન ॥*

## તરુનો બહુ આભાર

**જ્યોતીન્ પટેલ**

શાળામાં ગવાતી એક કવિતા યાદ આવે છે. કવિતા હતી તરુવરની પ્રશંસા અને ભાવાંજલિ માટેની. *"તરુનો બહુ આભાર જગત પર તરુનો બહુ આભાર"* એવું કહી એના બધા ઉપકારોનો ઉલ્લેખ કરીને તરુ-વંદના કરવાની ભાવના એમાં છલોછલ ભરેલી હતી. એના ગુણાનુગાનમાં પંથીને છાંયો, પંખીને માળો, ભૂખ્યાને ફળ, મધુકરને મીઠું મધ, ધરતીની વર્ષાથી રક્ષા વગેરે વાતો આવતી. આજે એક નવી જ વાત અચાનક યાદ આવી ગઈ.

મારાથી પંદરેક વર્ષ મોટા એવા એક વનસ્પતિશાસ્ત્રી પ્રોફેસર ડૉક્ટર એસ.કે. પિલ્લૈ પિલાનીમાં સંશોધન કાર્ય કરે. એમની સંસ્થામાં પ્રાણીશાસ્ત્રીઓ પણ કામ કરતા હતા. મજાક મજાકમાં કેટલીય વાર એ બધા પ્રો. પિલ્લૈની મશ્કરી કરતા કે "તમારા ઝાડ-પાનમાં શું બળ્યું છે? અમારા પ્રાણીઓ આગળ એની કોઈ વિસાત નથી." પિલ્લૈ સાહેબ કંઈ ના બોલે, બસ હસી કાઢે. પણ એક દિવસ એમનાથી રહેવાયું નહિ. એમણે મશ્કરા સાથીઓને પૂછ્યું, "તમારાં પ્રાણીઓનું માથું કાપી નાખીએ તો શું થાય?" જવાબ મળ્યો, "શું તમેય તે પિલ્લૈ સાહેબ, પ્રાણીને શું થાય? એ તો મરી જ જાય ને!!" પિલ્લૈ સાહેબ હસ્યા અને ચોપડાવી દીધું કે, "ઝાડની ડોક કાપો, પંદર નવાં માથાં ઊંચાં ઊઠશે. છે એ તાકાત તમારાં પ્રાણીઓમાં?" બધાનાં મોં ઉપર કાલિમા!!

અહીં વાત હાર-જીતની નથી. તરુવરની શિખામણ એમાં સમાયેલી મને દેખાય છે. જીવનમાં સજ્જનોની નાલેશી કરનારની કોઈ ખોટ નથી. પળેપળે વગોવણી થતી જ રહેવાની છે. પરંતુ જેનામાં નકરું સત્ત્વ જ ભરેલું છે એ તો એના દરેક મસ્તક-છેદન ટાણે નવી ઊર્જાસહ પાંચ પાંચ મસ્તક ધારણ કરીને ઉર્ધ્વ મુખે ખડો થઈ જશે! તરુવરનો બહુ આભાર, તું તો શીખવે અમને સત્ત્વ તણો મહિમા, જે થકી જીવીએ એક અર્થપૂર્ણ જિંદગાની, પછી ભલેને રાહ કેટલીય વિકટ કેમ નથી!! તરુવર તુજ કેરો આભાર!... આ સત્ત્વનો સદાય મહિમા ગાતા રહી અમને જાગતા રાખવા બદલ!!


(અવિચલ બંગલો, શાસ્ત્રી માર્ગ, બાકરોલ રોડ,
વલ્લભ વિદ્યાનગર)

# મહાત્મા ગાંધીનો વિનોદ

લલ્લુભાઈ મકનજી

## મૂડીપતિને

રાષ્ટ્રના વેપારધંધા અને ઉદ્યોગમાં અગ્રસ્થાને બિરાજતા મૂડીપતિઓ અનેક વાર ગાંધીજીને મળવા આવતા હતા. તેઓ રાજકારણ, અર્થશાસ્ત્ર વગેરે અનેક વિષયો પર ગાંધીજી સાથે ચર્ચા કરતા. તેમાંના કેટલાકને તો ગાંધીજી સાથે ઘણો જ મીઠો સંબંધ હતો. એવા એક મૂડીપતિ ગાંધીજીને મળવા આવ્યા ત્યારે ગાંધીજી રેંટિયો કાંતતા હતા. કાંતતાં કાંતતાં જ ગાંધીજીએ તેની સાથે વાતો કરી. અંતે પેલા મૂડીપતિએ ગાંધીજીને પૂછ્યુંઃ

“બાપુ! તમે શું પસંદ કરો, મને પોતાને કે મારા ધનને?”

ગાંધીજીઃ અલબત્ત, તમને જ.

મૂડીપતિઃ પણ જો હું મારો વેપારધંધો છોડીને તમારી સાથે આવું તો તમે મને કયું કામ આપો?

ગાંધીજી (રેંટિયા તરફ આંગળી ચીંધીને)ઃ આ ચરખો જ તો.

## અરે! મને શિંગડાં ઊગ્યાં!

ખોરાક સંબંધી અનેક પ્રકારના પ્રયોગો કરવામાં ગાંધીજીને ખૂબ રસ હતો. અને કોઈ એવા પ્રયોગો કરતું હોય તો તેનું પરિણામ જાણવાને પણ તેઓ આતુર રહેતા. એક વાર ગાંધીજીને ખબર પડી કે મદ્રાસ પ્રાંતમાં કોઈ ભાઈ કાચા અન્નનો વર્ષોથી પ્રયોગ કરે છે. તેથી તેમના પ્રયોગ અને અનુભવ વિશે જાણવાને માટે તેમને આશ્રમમાં બોલાવ્યા.

ગાંધીજી તેમની વાતો મૂગા મૂગા સાંભળી રહ્યા હતા. તે ભાઈએ કાચા અન્નની ખોરાક તરીકે ખૂબ પ્રશંસા કરી. અને દૂધને ત્યાજ્ય ગણ્યું. તે એટલે સુધી કહેવા તૈયાર થયા કે દૂધ ખાવાથી મનુષ્યની બુદ્ધિ પણ પશુઓના જેવી જ થઈ જાય છે.

દલીલની ગાડી પાટા પરથી સરી જતી જોઈ ગાંધીજી પોતાના હાથની આંગળી માથા પર મૂકી શિંગડાં જેવો દેખાવ કરી બોલ્યાઃ

“અરે! જુઓ, જુઓ, મને પણ શિંગડાં ઊગવા લાગ્યાં.”

બકરીનું દૂધ એ ગાંધીજીનો ખાસ ખોરાક. એટલે સાંભળનારાં હસી પડ્યાં અને પેલા ભાઈ પણ પોતાનો વિચારદોષ જોઈ વધુ દલીલ કરતા અટકી ગયા.

## લગ્નજયંતી

આગાખાન મહેલમાં ગાંધીજી કેદી હતા ત્યારે બા, પ્યારેલાલજી, ડૉ. ગિલ્ડર, સરોજિની નાયડુ, સુશીલા નાયર તેમની સાથે રહેતાં હતાં. એક દિવસ ડૉ. ગિલ્ડરના નામે કેરીનું પાર્સલ ત્યાં આવ્યું. તેમના લગનની ૨૯મી વર્ષગાંઠ નિમિત્તે ભેટ હતી.

લગ્નની વાત નીકળી એટલે સહજ ભાવે બાએ ગાંધીજીને પૂછ્યુંઃ “આપણા લગ્નને કેટલાં વર્ષ થયાં હશે?”

ગાંધીજી (હસીને)ઃ બાને પણ પોતાનો લગ્નદિવસ ઊજવવો હોય એમ લાગે છે!

એ સાંભળી સૌ હસી પડ્યાં.

## રસગુલ્લાંની મજા

એક વાર ગાંધીજીની મંડળીની ભોજનની વ્યવસ્થા એક ભાઈને કરવાની હતી. ગાંધીજી અને તેમના સાથીઓ માટે અનુકૂળ રસોઈ તૈયાર થઈ ગઈ. પણ તેમાં કોઈ પણ પ્રકારની મીઠાઈનો સમાવેશ થતો ન હતો. એ ઊણપ પેલા યજમાનને સાલતી હતી. ભોજનમાં એકાદ મીઠાઈની વાનગી પીરસવાની તેમની ઇચ્છા એમણે મંડળીના એક સભ્યને જણાવી. પેલા સભ્યે કહ્યું, “બાપુને આવી મીઠાઈ પસંદ નથી.”

આમ વાત ચાલતી હતી ત્યાં બા આવી પહોંચ્યાં. યજમાને બાને પૂછ્યુંઃ “બા! આપના સાથીઓને રસગુલ્લાં પીરસું તો કોઈ મુશ્કેલી ખરી કે?”

બા માનતા હતાં કે આશ્રમવાસીઓને કંઈક સ્વાદિષ્ટ મળે તો સારું. એટલે તેમણે કહ્યુંઃ “ના રે, કંઈ નુકસાન નથી. તમે રસગુલ્લાં જરૂર ખવડાવો.”

જમતી વેળા રસગુલ્લાં પીરસાતાં જોઈ ગાંધીજી હસીને બોલ્યાઃ "અરે! અરે! આ શી આફત છે?"

આશ્રમવાસીઃ બાની પરવાનગીથી આ બધું થાય છે.

ગાંધીજીઃ બાની પરવાનગી લઈ લીધા પછી મારું શું ચાલવાનું હતું? બા એમ જ કરે છે. અને તેમાં એને મજા પડે છે.

હસતાં હસતાં ગાંધીજી સિવાય સૌએ રસગુલ્લાં ખાધાં.

## વૃદ્ધોનો વિનોદ

ઈ.સ. ૧૯૩૦માં કવિવર રવીન્દ્રનાથ ટાગોર સાબરમતી આશ્રમમાં ગાંધીજીની મુલાકાતે આવ્યા હતા. દાંડીકૂચની વાત હવામાં ગુંજી રહી હતી. વાતચીત દરમિયાન ટાગોર બોલ્યાઃ મહાત્માજી! હવે હું સિત્તેર વરસનો થયો એટલે તમારા કરતાં ઘણો મોટો કહેવાઉંને?

ગાંધીજી (હસીને)ઃ એ સાચું, પણ જ્યારે સાઠ વરસનો વૃદ્ધ નાચી શકતો નથી. ત્યારે સિત્તેર વરસનો યુવાન કવિ નાચી શકે છે.

ટાગોરઃ એ પણ સાચું! તમે વળી એક 'એરેસ્ટ ક્યૉર'ની તૈયારી કરી રહ્યા લાગો છો. મને પણ સરકાર એવો આરામ આપે તો કેવું સારું?

હિંદના આ બે મહાન પુરુષોની વાતો સાંભળનારાં સૌ હસી રહ્યાં હતાં.

## જન્મદિનની થેલી

ઈ.સ. ૧૯૪૭ના ઑક્ટોબરની બીજી તારીખે ગાંધીજીને એક થેલી ભેટ આપવાનો પ્રસંગ હતો. ગાંધીજીની નજીક પડેલી થેલી તરફ નજર કરી શ્રીમતી સરોજિની નાયડુએ ગાંધીજીને કહ્યું કેઃ

"આ થેલી હું તમને ન આપું અને લઈને નાસી જાઉં તો તમે શું કરો?"

ગાંધીજી : હું જાણું છું કે તમે એમ કરવાને શક્તિમાન છો.

પાસે બેઠેલાં બધાં જ ખડખડ હસી પડ્યાં.

## સેવા એ જ મારો ધર્મ

એક અમેરિકન પાદરીએ ગાંધીજીને પૂછ્યું કે "તમારો ધર્મ કયો? અને હિંદ ભવિષ્યમાં કયો ધર્મ સ્વીકારશે?"

સ્વતંત્ર હિંદમાં કયા ધર્મને સ્થાન રહેશે તે જાણવાને પાદરી આતુર હતો.

ઓરડીમાં બે માંદા માણસો તરફ આંગળી ચીંધી ગાંધીજીએ કહ્યુંઃ "સેવા કરવી એ જ મારો ધર્મ છે અને ભાવિની હું ચિંતા કરતો નથી."

## પિતૃત્વની હરીફાઈ

ઈ.સ. ૧૯૩૧માં ઈંગ્લેન્ડમાં ગાંધીજી કિંગ્ઝલી હૉલમાં રહેતા હતા. ત્યાં અનેક ભાઈબહેનો તેમના હસ્તાક્ષર લેવા આવતાં હતાં. એક દિવસ એવા મુલાકાતીઓમાં એક નૌકાદળનો નિવૃત્ત સૈનિક હતો. તે મીરાંબહેનના પિતા એડમિરલ હતા ત્યારે તેના હાથ નીચે કામ કરતો હતો. તે ગાંધીજીનો પ્રશંસક હતો. તે ગાંધીજી પાસે આવી કહેવા લાગ્યોઃ "મને યુદ્ધ ગમતું નથી. મને તમારી લડાઈ ગમે છે. યુદ્ધમાં ભાગ લેવા કરતાં તેનો વિરોધ કરી જેલમાં જવાનું હું પસંદ કરું છું."

ગાંધીજીના હસ્તાક્ષર લઈ તે વિદાય થતો હતો ત્યારે ગાંધીજીએ પૂછ્યુંઃ "તમને કેટલાં સંતાન છે?"

સૈનિકઃ આઠ, સાહેબ! ચાર દીકરા અને ચાર દીકરી.

ગાંધીજી : મારે પણ ચાર દીકરા છે એટલે હું તમારી જોડે અર્ધે રસ્તે દોડી શકું છું!

આ શબ્દો કાને પડતાં જ આખું ઘર અટ્ટહાસ્યથી ગાજી ઊઠ્યું.

## વત્તા ચાર અને ઓછા ચાર

ગાંધીજી ઈંગ્લેન્ડ ગયા ત્યારે લંડનમાં પત્રકારોએ તેમના અર્ધનગ્ન પોશાકનો ઈશારો કર્યો ત્યારે ગાંધીજીએ ગણિતશાસ્ત્રની ભાષામાં વિનોદ કરતાં કહ્યુંઃ

"એ તો બિલકુલ સ્વાભાવિક છે. પણ તમારા પોશાકમાં વત્તા ચાર કપડાં છે અને મારા પોશાકમાં ઓછા ચાર છે. એ કંઈ ઝાઝો તફાવત છે?"

ગાંધીજીના વિનોદથી પત્રકારો નિરુત્તર થઈ ગયા!

## મૂંઝવણ મને કે રાજાને?

બકિંગહામ મહેલમાં યોજેલા એક મેળાવડામાં રાજા જ્યોર્જે ગાંધીજીને પણ આમંત્રણ આપ્યું હતું. પોતાના હંમેશના પોશાકમાં જ ગાંધીજી રાજાને મળવા મહેલમાં ગયા. રાજા મહેલમાં આજ સુધી આવા પોશાકમાં કોઈને પણ પ્રવેશ મળ્યો ન હતો. એ પ્રણાલિકાભંગથી કંઈક ખિન્ન થયેલા પત્રકારે પ્રશ્ન કર્યોઃ

"અરે ગાંધી! આ પોશાક પહેરીને શાહી મહેલમાં પ્રવેશ કરતાં તમને મૂંઝવણ કે ખચકાટ પણ ન થયો?"

પત્રકારોનો પ્રશ્ન સાંભળી ગાંધીજી ખડખડ હસી પડ્યા અને બોલ્યા : "મને શેની મૂંઝવણ? અમને બંનેને ચાલે એટલાં કપડાં પહેરીને તો રાજા બેઠો છે."

## પિતા જ બાકાત?

એક દિવસ ગાંધીજીને તેમના નાના પુત્ર દેવદાસ હંમેશ મુજબ મળવા આવ્યા. તે દિવસે પ્યારેલાલજીને પોતાને ત્યાં જમવા લઈ જવાની તેમની ઈચ્છા હતી. તેથી ગાંધીજીની રજા લેતાં તેમણે પૂછ્યુંઃ

"બાપુ! આજે હું પ્યારેલાલજીને મારી સાથે જમવા લઈ જાઉં છું."

ગાંધીજી (હંમેશ મુજબ ખડખડાટ હસીને) : બેશક, લઈ જા; પણ મને બોલાવી જવાનો વિચાર તને કદી થાય છે ખરો?

પુત્ર સાથેનાં પિતાનાં આ વિનોદી વચનો સાંભળી ત્યાં બેઠેલાં સૌ હસી પડ્યાં.

## બંનેએ ટોસ્ટ લીધો

વાઈસરૉય મહેલમાં ગાંધી-અર્વિન કરારો પર સહી થયા પછી મહાત્માજી અને વાઈસરૉય બંને બેસીને ખુશમિજાજમાં વાતો કરતા હતા. ત્યારે ખુશાલીની યાદમાં વાઈસરૉયે કહ્યુંઃ "ચાલો, આપણે એકબીજાની તંદુરસ્તી માટે ટોસ્ટ લઈએ."

પણ ગાંધીજી દારૂ પીતા નથી એનો તરત જ ખ્યાલ આવી જતાં ઉમેર્યું કે : "ચામાં."

"હું તો સહેજે મીઠું અને લીંબુનો રસ ઉમેરી પાણીમાં જ ટોસ્ટ લઈશ!" વાઈસરૉયની દરખાસ્ત સાથે સહમત થઈ હસતાં હસતાં ગાંધીજીએ કહ્યું.

પછી ચર્ચિલે મહાત્માજીને 'અર્ધનગ્ન ફકીર' કહેલા તેની યાદ કરી બંને જણ હસ્યા. પણ ગાંધીજી તેવા જ છે તેની યાદ આપતો એક પ્રસંગ તરત જ ત્યાં બન્યો!

વાઈસરૉય મહેલના ખુશમિજાજ વાતાવરણમાં ગાંધીજીએ મહેલમાંથી વિદાય લીધી, પણ પોતાની શાલ લેવાનું ભૂલી ગયા.

શાલ વિના ગાંધીજી ખરે જ અર્ધનગ્ન ફકીર જ હતા. ચર્ચિલનાં એ વચનોને યાદ કરાવી વાઈસરૉયે કહ્યુંઃ

"ગાંધી, આ રહી તમારી શાલ. તમારા શરીર પર આ સિવાય બીજું કંઈ જ નથી તેથી તમે એને ભૂલી જાઓ એ કેમ પરવડે?"

અટ્ટહાસ્ય કરી ગાંધીજી બોલ્યાઃ "ન જ પરવડે." અને ગાંધીજીએ શાલ લઈ લીધી.

## બાની સાડી વેચે તો પૈસા મળે

આગાખાન મહેલમાં બાએ એક દિવસ પોતાના પુત્ર મણિલાલને યાદ કર્યા. મણિલાલ આફ્રિકામાં રહેતા હતા અને તેમનો પત્ર પણ ન હતો. તેથી બા ચિંતાતુર હતાં. એક દિવસ બાએ તાર કરી મણિલાલના સમાચાર પૂછ્યા.

સાંજે જેલર તારનું બિલ લઈ ગાંધીજી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, "આ તારના પૈસા બા પાસે લેવાના છે."

જવાબમાં ગાંધીજીએ કહ્યુંઃ અરે! બિચારી બા પાસે તો રાતી પાઈ પણ નથી. હા, તેમની એકાદ સાડી વેચીએ તો ત્રણેક રૂપિયા મળે ખરા!

કેદી મંડળી પેટ પકડીને હસી. જેલરે સરકારને પૂછાવ્યું કે રકમ ક્યાંથી લેવી? આગાખાન મહેલના ખર્ચમાં એ રકમ ઉમેરી દેવી એવો જવાબ મળતાં જેલરે બાને પૈસા ભરવામાંથી મુક્તિ આપી.

## મૃત્યુ પછીની ચોકસાઈ

ગાંધીજી પોતાના આરોગ્યની ઘણી કાળજી રાખતા હતા. તેથી વૃદ્ધાવસ્થામાં પણ તેમની તબિયત ઘણી સારી રહેતી હતી. એક જણે તેમને પૂછ્યું કે, બધા માણસો આપના જેવી સાદી રહેણી, ઉપવાસ અને

વ્યાયામની ટેવ પાડે તો આપ માનો છો કે તેઓ સો વરસ જીવે?

ગાંધીજી : "હા, પણ એ વિશે ચોક્કસ તો હું મરી જાઉં ત્યારે જ તમે કહી શકો."

### જોશીનું ભવિષ્ય

એક વાર એક જોશીએ ગાંધીજી વિશે ભવિષ્ય ભાખ્યું કે તેઓ પૂરાં સો વરસ જીવશે. આ સાંભળી આસપાસનાઓને ઘણો જ આનંદ થયો. પછી કોઈકે પૂછ્યું : "બાપુજી! જોશીની ભવિષ્યવાણી વિશે આપને શું લાગે છે?"

ગાંધીજી : "જોશીની ભવિષ્યવાણી સાચી પાડવા માટે પણ હવે મારે સો વરસ જીવવું પડશે."

આખી મંડળી હસી પડી.

### પેટન્ટ રાઈટનો ભંગ

દિલ્હીનો ઉનાળો હતો અને બપોરનો સમય હતો. ગાંધીજી લીંબુનો રસ અને મધ નાખી ગરમ પાણી પી રહ્યા હતા. તે જ વેળા સરોજિની નાયડુ તેમને મળવા આવી પહોંચ્યાં. ગાંધીજીને લીંબુમધનું ગરમ શરબત પીતા જોઈને તે ઠપકાભરી આંખે બોલ્યાં : "અરે આ શું? આવી ગરમીમાં પણ લીંબુનું ગરમ શરબત પીવાનું હોય? લાવો, તમારા માટે મધુર અને તાજગીભર્યું ઠંડું શરબત હું બનાવી દઉં."

"ના, ના, આની મજા તો માણો!" કહી ગાંધીજીએ તેમને ગરમ શરબત પીવાને સમજાવ્યાં અને અંતે સરોજિનીદેવીએ તે ગરમ શરબત પીધું.

પછી ગાંધીજીએ પૂછ્યું : "કેમ કેવું લાગ્યું?"

સરોજિનીદેવી જવાબ આપે તે પહેલાં જ ગાંધીજીએ ઉમેર્યું કે, "ગમે તેમ પણ એ ખરાબ તો નથી જ. ખરું ને?"

હજી શરબત પુરાણ પર ગમ્મત ચાલતી હતી ત્યાં જવાહરલાલજીએ ઓરડામાં પ્રવેશ કર્યો. તરત જ સરોજિનીદેવીએ જવાહરલાલજી માટે પણ ગરમ શરબત મંગાવ્યું. એ હુકમ સાંભળી ગાંધીજી બોલી ઊઠ્યા: "અરે! આ તો મારા પેટન્ટ રાઈટનો તમે ભંગ કર્યો છે. માટે રૉયલ્ટી આપો."

આખી મંડળી ખડખડ હસવા લાગી. એ હાસ્યના ખડખડાટમાં સરોજિનીદેવીએ કહ્યું કે, "તમારા પેટન્ટની જાહેરાત કરનાર એજન્ટ તરીકે મારી ફી પહેલાં ચૂકવી દો. હિંદના ભાવિ વડાપ્રધાનનું ઉત્તેજન મેં તમારા પેટન્ટ માટે મેળવી આપ્યું છે. એ શું નાની વાત છે?"

રાષ્ટ્રને મૂંઝવતા અનેક મહાન પ્રશ્નો વચ્ચે પણ ગાંધીજીની વિનોદધારા આમ વહ્યા જ કરતી હતી.

### મહાત્માનો નિરાળો માર્ગ

ઈ.સ. ૧૯૪૭ના ઑક્ટોબરની બીજી તારીખ હતી. તે દિવસે ગાંધીજીનો જન્મ દિન હોવાથી અંતેવાસીઓ વહેલી સવારે તેમને વંદન કરવા આવ્યા હતા. વાતાવરણમાં પ્રસન્નતા હતી અને ગાંધીજી પણ ખુશમિજાજમાં હતા. કોઈકે ગમ્મત કરતાં કહ્યુંઃ "બાપુ! અમારી વરસગાંઠના દિવસે અમે સૌ પગે પડી આશીર્વાદ માગીએ છીએ, પણ તમારી બાબતમાં તેથી ઊલટું જ છે. એ વાજબી છે?"

અટ્ટહાસ્ય કરી ગાંધીજી બોલ્યાઃ "મહાત્માઓના માર્ગો નિરાળા જ હોય છે. પણ એમાં મારો વાંક નથી. તમે મને મહાત્મા બનાવ્યો અને તેયે 'બોગસ' મહાત્મા! એટલે એની સજા તમારે જ ભોગવવી જોઈએ."

આખો ઓરડો સૌના હાસ્યથી ગાજી ઊઠ્યો.

### આવકાર!

૧૯૪૭ના સપ્ટેમ્બર માસની ૨૬મી તારીખ હતી. ગાંધીજીને તાવ ચડ્યો હતો. સાથે ઉધરસ અને શરદી પણ હતાં. દાક્તરોએ મુલાકાતો પર પ્રતિબંધ મૂક્યો. કાંતવાની પણ ના પાડી! પણ ગાંધીજીએ તેમનું માન્યું નહીં.

"હું દુઃખીઓનાં દુઃખની વાત સાંભળીને તેમને આશ્વાસન પણ આપી ન શકું તો આ જીવનનો હવે ઉપયોગ શો? કારણ કે હું તેમને માટે આનાથી વધારે તો કશું જ કરતો નથી ને?"

આમ પોતાની વેદના વ્યક્ત કરી તેમણે મુલાકાતીઓને મળવાનું ચાલુ રાખ્યું. મૃત્યુ આવે તો કામ કરતાં કરતાં ચાલ્યા જવાનું તેમને પસંદ હતું.

એક દિવસ એક મુલાકાતી આવ્યા ત્યારે તેમને આવકારવાના શબ્દો પણ તેઓ બોલી ન શક્યા અને

ખૂબ ઉધરસ ખાવા લાગ્યા. ઉધરસ મટી ત્યારે વિનોદ કરતાં તેમણે કહ્યું : "જોયું ને! હું તમને કેવી રીતે આવકારું છું?"

**તો બોડકું કરોને!**

ગુજરાતની એક સ્ત્રી કાર્યકર બહેન એક દિવસ ગાંધીજીને મળવા ગઈ. ગાંધીજી ત્યારે બીજા કાર્યકરો સાથે કંઈક ચર્ચા કરી રહ્યા હતા. પેલાં બહેન મૂગાં રહી ત્યાં ઊભાં રહ્યાં. ચર્ચા પતાવીને ગાંધીજીએ તેમના તરફ જોયું. તે બહેને લાંબો ચોટલો કપાવીને 'બૉબ્ડ હેર' કરાવ્યા હતા. ગાંધીજીને આ ફેરફાર પછી તે પહેલી જ વાર મળતાં હતાં.

"કેમ વાળ કપાવી નાખ્યા?" ગાંધીજીએ કુતૂહલથી પૂછ્યું.

"એનાથી સગવડ સારી રહે છે." બહેને જવાબ આપ્યો.

ગાંધીજીને એમાં સગવડ કરતાં ફેશનની ગંધ આવી તેથી તેઓ બોલ્યા : "સગવડ જ જોઈતી હોય તો મીરાંબહેન જેવું બોડકું કરાવોને?"

પાસે બેઠેલા બધા જ હસી પડ્યા.

સૌને તે બતાવી બોલ્યા :

"આ લાકડી મારી જોડીદાર બનશે."

તેમની આ ચતુરાઈ અને તેમાં ભળેલો વિનોદ સાંભલી તેઓ ખડખડાટ હસી પડ્યાં.

**ઍર-કન્ડિશન્ડ ટાંગો**

જાણીતા પત્રકાર લૂઈ ફિશર ગાંધીજીને મળવા વર્ધાથી ટાંગામાં બેસી સેવાગ્રામ આવ્યા હતા. ભરઉનાળો હતો. ફિશર પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. અને ગરમીથી અકળામણ અનુભવતા હતા.

તેમને જોતાં જ ગાંધીજીએ આવકાર આપતાં કહ્યું, "આવો, આવો. તમે ઍર-કન્ડિશન્ડ ટાંગામાં આવ્યા લાગો છો."

ગાંધીજીના આ વિનોદથી ફિશરની અકળામણ હાસ્યમાં ઓગળી ગઈ.

**મને સ્વયંસેવક જોઈએ**

સ્વામી સત્યદેવ આઝાદીની લડતના એક બાહોશ લડવૈયા અને આગેવાન હતા. તેમની ઇચ્છા ઉત્તર પ્રદેશના નેતા થવાની હતી. તેમણે ગાંધીજી પાસે એવી માગણી મૂકી કે, "ઉત્તર પ્રદેશની કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે આપ મારી નિમણૂક કરો તો હું સારી રીતે કાર્ય કરીશ."

ગાંધીજીએ વિનોદપૂર્ણ કટાક્ષ કર્યો કે, "મને તો સ્વયંસેવકોની જરૂર છે, નેતાઓની નહીં."

**તમારું કુટુંબ કેમ છે?**

મિ. ગાંધી!

તમારું કુટુંબ કેમ છે?

કસ્તૂરબા અને તેમના દીકરાઓનું કુટુંબ એ અર્થમાં ઈંગ્લેન્ડમાં એક ભાઈએ પૂછ્યું.

ગાંધીજીને મન સમગ્ર ભારતમાં સ્ત્રી-પુરુષો અને બાળકોનો કુટુંબમાં સમાવેશ થતો હતો. તેથી તેમણે જવાબ આપ્યો:

"મારું કુટુંબ ઘણી ખરાબ હાલતમાં જીવે છે અને ઘણું ગરીબ છે."

**સંદેશો**

વર્લ્ડ ફેલોશિપ ઑફ ફેઈથ નામની સંસ્થાએ તેમની વરસગાંઠના દિવસે એક લેખિત સંદેશો માગ્યો હતો.

ગાંધીજી : હું જે પ્રકારનું જીવન જીવું છું તેમાંથી કોઈ સંદેશો મોકલી શકતો ન હોઉં તો પ્રેમથી હું શો સંદેશો મોકલું?

**ચઢેલી રજા ભોગવીશ**

એક વાર એક પત્રકારે ગાંધીજીને પૂછ્યું:

"સ્વરાજ મળ્યા પછી તમારું સ્થાન ક્યાં હશે?"

ગાંધીજી : "લાંબી અને યોગ્ય રીતે ચઢેલી મારી રજા પર ઊતરી જવાનું મને ગમશે."

**માટીનો મુગટ**

ગાંધીજીને માટીના વિવિધ પ્રયોગો કરવાનું ગમતું હતું. ઉનાળામાં તેમણે માથા પર માટી મૂકી હતી. તે જોઈ પત્રકારે પ્રશ્ન પૂછ્યો : "આ શું છે?"

ગાંધીજીએ સ્મિત કરતાં કહ્યું : "એ માટીનો મુગટ છે."

('ગાંધીજીનો વિનોદ'માંથી સાભાર)

# સાબરકાંઠા જિલ્લો અને સરદાર પટેલ

**વસંત પટેલ**

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાનું દેશના ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામથી માંડીને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સુધી ખૂબ મોટું પ્રદાન રહ્યું છે. આ જિલ્લાની પ્રજાની શાંત તાકાત અને દેશભક્તિ વખતો વખત રાષ્ટ્રભાવના સાથે પ્રગટ થઇ છે. અને સ્વાતંત્ર્યની પવિત્ર વેદીને પ્રજ્વલિત રાખી છે. પ્રસ્તુત લેખમાં અખંડ ભારતના શિલ્પી એવા સરદાર પટેલનું માર્ગદર્શન સાબરકાંઠા જિલ્લાને મળતું રહ્યું હતું. તેને ઉજાગર કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

નડિયાદ હાઇસ્કૂલમાંથી બાવીસ વર્ષની ઉંમરે ૧૮૯૭માં સરદાર સાહેબ મેટ્રિક પાસ થયા. પિતાનો ભાર હળવો કરવા વલ્લભભાઇ કોઇ નોકરી શોધી લે તો વધારે સારું એવો અભિપ્રાય તેમના મામા ડુંગરભાઇ દેસાઇનો હતો. પરંતુ ૨૨ વર્ષના યુવાનના મનમાં અનેક આદર્શો રમતા હતા. એ જમાનામાં વકીલ, બેરિસ્ટરોની બોલબાલા હતી. બેરિસ્ટર થવા માટે અભ્યાસ કરવા પરદેશ જવાનાં નાણાં નહીં એટલે સરદાર સાહેબના એક મિત્રએ કહ્યું કે ઇડર સ્ટેટમાં દરબાર પાસેથી રૂપિયા વ્યાજે મળે એવો સંભવ છે. એ મિત્રના કાકા ઇડરમાં રહેતા તેથી એ મારો મિત્ર અને હું ઇડર ગયા અને શેખચલ્લીના વિચારો કરતાં પાછા આવ્યા છેવટે નક્કી કર્યું કે વિલાયત જવું હોય તો પૈસા કમાઇને જવું.[1] એમણે લગભગ એક દશકા સુધી આંખ મીચીને એવી વકીલાત કરવા માંડી કે વિલાયત જવાનાં નાણાં આપકમાણીથી એકત્ર કર્યાં. અને ૧૯૧૦માં વિલાયત ગયા.[2] એમની એ આકાંક્ષાઓનો કંઇક ખ્યાલ ૧૯૨૧ના માર્ચની ૨૯મી તારીખે સાબરકાંઠા જિલ્લાના મોડાસા ગામમાં આપેલા એક ઐતિહાસિક વ્યાખ્યાનમાંથી આપણને મળી રહે છે. ઐતિહાસિક વ્યાખ્યાન એટલા માટે કે એમાં સરદાર સાહેબે પોતાની અંગત વાત કરી છે. તેઓ મોડાસામાં સ્વરાજ્યની ચળવળનું એલાન આપવા ગયા હતા. તેમણે આ વ્યાખ્યાન મોડાસા ગામના સોનીવાડામાં રાત્રે આપ્યું હતું. આજે પણ મોડાસા ગામનો સોનીવાડો સરદારના વ્યાખ્યાનની સાક્ષી પૂરે છે.

સરદાર સાહેબે ભાષણની શરૂઆતમાં પોતાની અંગત વાત કરતાં કહ્યુંઃ ‘હું સારી પેઠે જાણું છું કે જે મહાન યુદ્ધ હિંદમાં ચાલી રહ્યું છે તેના દૈવી સેનાપતિની સેનાના સિપાઇ તરીકે અમે જોડાયા છીએ, તેથી જ અમને આટલું બધું માન આપવામાં આવ્યું છે. પહેલા હું માનતો કે આ અભાગી દેશમાં પરદેશની નકલ કરવી એ જ ઉત્તમ કામ છે. મને શિક્ષણ પણ એવું જ મળેલું કે આ દેશના લોકો હલકા અને નાલાયક છે. તેઓ ગુલામગીરીને જ લાયક છે. પરદેશીઓ જ આપણો ઉદ્ધાર કરવા સમર્થ છે. આથી મેં વકીલાતનો ધંધો કરી ખર્ચ જેટલી કમાણી કરી વિલાયત જવાનો ઇરાદો કર્યો ને તે વિશે પત્રવ્યવહાર ચલાવ્યો. તે કાગળો મારા મોટાભાઇના હાથમાં આવતાં તેમણે કહ્યું કે હું તારાથી મોટો છું. માટે મને જવા દે! મેં ભાઇને પંદર દિવસની મુદ્દત આપી, અને તે પંદરમે દિવસે વિલાયત ચાલ્યા ગયા. તેઓ ત્રણ વરસે આવ્યા, તે પછી હું ગયો. મારા પાછા આવ્યા પછી અમે બેએ વિચાર કર્યો કે સ્વતંત્રતા જોઇતી હોય તો બેમાંથી એકે દેશસેવા કરવી અને બીજાએ કુટુંબસેવા કરવી. ત્યારથી મારા ભાઇએ પોતાનો ધીખતો ધંધો છોડી દેશસેવા કરવા માંડી, ને ઘર ચલાવવાનું મારે માથે પડ્યું. પુણ્યકામ તેમને મળ્યું, ને પાપકામ મારે માથે પડ્યું.

હજી હું માનતો હતો કે રાજ્યકર્તાની નકલ કરીને જ પ્રતિષ્ઠા મેળવી શકાય. આવી માયામાં હું ફસાયેલો હતો, ને કલબમાં બેસી પાનાં ટીચતો હતો. પછી મહાત્મા ગાંધીજી આવ્યા, ને રાજકીય જીવનમાં સત્ય દાખલ થયું. ખેડાના સત્યાગ્રહની લડતમાં તેમણે માગણી કરી કે એક માણસ એવો જોઇએ જે પોતાનો તમામ ધંધો છોડી આજે જ નડિયાદમાં રહી લડતનું બધું કામ માથે લે! મેં તે લીધું. આજે જે મહાન પરિવર્તન ચાલી રહ્યું છે તેમાં ઇશ્વરનો હાથ છે. જેનામાં માણસાઇ હોય તે માણસથી ડરતો નથી, પણ આપણે તો અંગ્રેજી પોશાક પહેરેલા આપણા જાતભાઇથી પણ ડરીએ છીએ. આપણે આપણું કર્તવ્ય ભૂલ્યા તેથી હિંદની આવી દશા થઇ. અત્યારે હિંદ વિધવા બાઇ જેવું છે. પ્રજા નિરાધાર છે. કોઇની પાસે આપણે સો રૂપિયા માગતા હોઇએ તો પચાસ ગાઉનું ટાંપું ખાઇ દોડીએ, પણ આપણા કરોડો રૂપિયા પરદેશ જાય છે તેનો વિચાર કરતા નથી.

અત્યાર સુધી મનાતું કે અંગ્રેજ સરકારનું તો રામરાજ્ય છે, વાઘ અને બકરી એક આરે પાણી પીએ છે! પણ આ લડતના પરિણામે સરકારના જેટલા પ્રપંચ હતા તે ખુલ્લા થયા છે. જો દેશની ઈજ્જત સાચવવી હોય તો આપણું રાજ્ય જોઈએ. આપણે કોઈ પારકા પર રાજ્ય કરવું નથી; પણ ફ્રેન્ચ લોકો ફ્રાન્સમાં રાજ્ય કરે છે, જર્મન લોકો જર્મની પર અને ઇટાલિના લોકો ઇટાલિ પર, તેમ હિંદના લોકો હિંદમાં રાજ્ય કરે એટલું જ આપણે જોઈએ. આજે તો હિંદનો કોઈપણ માણસ- હિંદુ કે મુસલમાન આખા જગતમાં માન સાથે પગ મૂકી શકે તેમ નથી. માટે આપણા આગેવાનોએ નક્કી કર્યું કે આપણે આપણું રાજ્ય કરવું. લાંબો વિચાર કર્યા પછી એક જ માર્ગ જણાયો અને તે એ કે આપણે તમામ રાક્ષસી માયાનો ત્યાગ કરવો.

આપણે ચાર પ્રકારની માયામાં ફસાયા છીએ. પહેલી માયા તે કેળવણી. આ કેળવણીના પ્રતાપે સરકાર આપણાં બાળકોને ફોડી તેમની મારફત આપણા પર રાજ્ય કરે છે. આપણા પર આપણા જ માણસો મારફત જુલમ થાય છે. તેથી નિશાળોનો કબજો લો, અને આપણા છોકરાઓને આપણા પર જુલમ કરવા નહિ, પણ તેઓ પ્રજાની સેવા કરવા લાયક થાય એવું શિક્ષણ આપો! બીજી માયા તે સરકારી અદાલતોની આપણામાં સંપ થાય તો સરકાર આપોઆપ બંધ થાય! આપણે માયામાં ફસાઈ કોર્ટોમાં દોડી જઈએ છીએ. ગામમાં જ બે માણસો એવા શોધી કાઢવા જેમની મારફત આપણો ન્યાય થાય. ત્રીજી માયા ધારાસભાની! ધારાસભા તો એક નાટક છે. તેના નામે સરકાર પ્રજાને પૂછી રાજ્ય કરવાનો દાવો કરે છે. તેથી આપણે ધારાસભાનો બહિષ્કાર કર્યો. ચોથી માયા પરદેશી કાપડની! અંગ્રેજો આવ્યા પહેલાં અહીં જોઈએ એટલું કાપડ મળતું, આજે સાઠ કરોડનું કાપડ પરદેશથી આવે છે. અહીંથી કપાસ જાય ને પછી ત્યાંથી કાપડ બનીને સાત હજાર ગાઉ ફરીને આવે, ને તેમાં આપણા સાઠ કરોડ દર વર્ષે જાય! એટલે આપણે ભિખારી બનીએ એમાં કંઈ નવાઈ નથી. આપણને આ પરદેશી કાપડનો મોહ લાગ્યો છે. આપણી માતાઓ ખાદીનો બશેર ભાર શરીર પર ધારણ કરી ન શકે તો તે બાળકોને શી તાકાત આપશે? ધર્મ માત્ર મંદિરમાં જવામાં નથી, પરબડીમાં કબૂતરને દાણા નાખવામાં કે કીડીને લોટ નાખવામાં સમાઈ જતો નથી! લાખો માણસો કપડાં વિના દુઃખી થાય છે, તો આપણો પહેલો ધર્મ એ છે કે ઘેર ઘેર રેંટિયા ચાલુ કરવા. જે દિવસ આમ થશે તે દિવસ સરકાર નરમ નેતર જેવી બનશે. કારણ આ સરકાર વેપાર સારુ આવેલી છે- વેપાર નરમ થતાં સરકાર નરમ થશે. માટે આ ગામમાં એક દુકાન એવી ન હોય જે પરદેશી કાપડ વેચે. એક દરજી ધોબી એવો ન હોય જે કાપડને હાથ અડકાડે. અંગ્રેજો એમના દેશમાં પરદેશી વસ્તુને હાથ અડકાડતા નથી. આપણને લંગોટી જેટલું મળે તો પણ સ્વદેશી કાપડ લેવું, ભાગ પાડી વહેંચી લેવું! ત્યારે આ માયા છૂટશે.

દેશની વર્તમાન પરિસ્થિતિનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું: ‘અત્યારે ઉથલપાથલનો સમય છે. પકડાપકડી થાય તો મન કબજે રાખવું. સરકારને હરાવવાનો એક જ માર્ગ છે કે તોફાન કરવું નહિ. દારૂની પણ એક માયા છે. અંગ્રેજી રાજ્યનો એવો ધારો છે કે ગામમાં દેવળ ન હોય, દેરું ન હોય તો ચાલે, પણ દારૂના પીઠા વિના ન ચાલે! આજે અમદાવાદમાં દરેક પીઠા પર સવારથી રાત સુધી માણસો હાથ જોડી દારૂ પીનારાઓને કરગરે છે ને ટેવ છોડાવે છે. આ કામ પહેલાં સાધુઓ કરતા, પણ હવે તો સાધુઓ પણ શેરબજારમાં વેપાર કરે છે. ટૂંકમાં, હિંદુ-મુસલમાનમાં સંપ કરો, સ્વદેશી કાપડ પેદા કરો ને વાપરો, લવાદી કોર્ટથી કજિયા પતાવો, મદ્યપાનમાંથી છૂટો ને છોડવો, મહાસભાના સભ્ય બનો અને નીડર બનો. છેલ્લે સરદારે એમની તળપદી બોલીમાં સંભળાવી દીધું કે.

મરવાનું એક જ વખત છે. દરેક માટે કાથી ને વાંસ સિવાય બીજું કાંઈ છે જ નહિ. તમારી પાસે એવી કઈ ચીજ છે જે તમે સાથે લો છો? તમે કેમ ડરો છો? તમે એ ભૂલી જાઓ છો કે તમને ને મને પેદા કરનાર એક જ છે. જે વખતે તમે નીડર થયા તે જ વખતે તમે સ્વતંત્ર છો. જેમ જેમ લોકોમાંથી ડર જાય છે, તેમ તેમ સરકારમાં ડર દાખલ થાય છે. પહેલાં ડર કાઢી નાખો ને સ્વતંત્ર થાઓ તો જ ધર્મનું પણ રક્ષણ થશે. જેના પગમાં જંજીર છે તેનાથી કેવી રીતે ધર્મનું રક્ષણ થવાનું છે.[૩]

આવું જ તેજસ્વી ભાષણ સરદારે પ્રાંતિજમાં શેઠ મનસુખલાલ છગનલાલ છાત્રાલયનું ઉદઘાટન કરવા પધાર્યા ત્યારે આપેલું છે, પણ તે અપ્રાપ્ય છે. શેઠ શ્રી મનસુખલાલ છગનલાલ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ ગામના વતની હતા, તે તદ્દન ગરીબ હાલતમાં ખાલી ખિસ્સે મુંબઈ પહોંચ્યા હતા. ત્યાં આપબળે આગળ

વધ્યા, ને ખૂબ કમાયા હતા. મુંબઈમાં કોમી રમખાણો વખતે તેમણે સંકટગ્રસ્તોને સહાય કરવા પોતાના ધનભંડાર ખુલ્લા મૂકેલા. તેમને સરદારની કાર્યશક્તિ પર એવો વિશ્વાસ હતો કે તેમણે સરદારને પોતાની મિલકતના ટ્રસ્ટી નીમ્યા હતા. શેઠનું અવસાન થતાં એ ટ્રસ્ટમાંથી પ્રાંતિજનું આ છાત્રાલય ઊભું થયું હતું, ને શેઠ પ્રત્યેની પ્રીતિથી પ્રેરાઈ સરદારે જાતે પધારી તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તે પ્રસંગે પ્રાંતિજ શહેર તરફથી સરદારને માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.[૪] વર્તમાનમાં આ છાત્રાલય લાલ બોર્ડીંગ તરીકે ઓળખાય છે. અને ત્યાં પ્રાંતિજના વતની ભાસ્કરભાઈ વાસુદેવ રાવલ દ્વારા આ છાત્રાલયમાં આઈ.ટી.આઈ. અને પી. ટી.સી. કોલેજ ચાલે છે.

આ જ તાલુકામાં ગુજરાતભરના સફાઈ કામદારોના પ્રતિનિધિઓની એક પરિષદ જૂન ૧૯૪૯માં ભરાવાની હતી ત્યારે સરદારશ્રીએ મોકલેલ સંદેશ પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ સફાઈ કામદારોના હમદર્દ હતા. તદુપરાંત સ્વયં કામદારોની સ્વચ્છતાના આગ્રહી હતા. નવી દિલ્હીથી તા. ૧૩-૦૫-૪૯ના રોજ પ્રાંતિજ હરિજન આશ્રમના કાર્યકર્તા પુરષોત્તમ જેઠાભાઈ સોલંકીને લખે છે કે, 'સફાઈના કામદારોનો ધંધો મેલો કહેવાતો હોવા છતાં શ્રેષ્ઠ છે. કારણ કે જ્યાં સફાઈ નથી ત્યાં ઈશ્વરનો વાસ હોતો નથી. એટલે જે સફાઈ અથવા સ્વચ્છતાને માટે પ્રયત્ન કરે છે તે ઈશ્વરની નજીક જવાનો પ્રયત્ન કરે છે. સફાઈના કામદારોએ એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે જેઓ શહેરની અથવા ગામની સફાઈને માટે જવાબદાર છે તેઓ પોતે સૌથી વધારે સાફ રહેવાનો પ્રયત્ન કરે. બહારની સફાઈ કરતાં દિલની સફાઈ વધારે લાભકારક છે. એમ સમજીને બહારની ને અંદરની સફાઈ રાખવાનો પ્રયત્ન કરે એટલે ઈશ્વર મદદ કરશે.'[૫]

સરદારશ્રી દેશીરાજ્યો માટે કહેતા કે 'જેમ આપણે ગુલામ છીએ તેમ રાજાઓ પણ ગુલામ છે. તેમના કરતાં આપણે ઓછા ગુલામ છીએ.આપણે આપણાં બાળકોને ઈચ્છીએ તેવું શિક્ષણ આપી શકીએ છીએ, પણ તેઓ તો પોતાનાં બાળકોને પોતે ઈચ્છે તેવું શિક્ષણ પણ આપી શકતા નથી. વિદ્યાર્થીને માણસમાંથી જાનવર બનાવવો હોય તો રાજકુમાર કોલેજમાં મોકલવો, અને જાનવરમાંયે ગધેડો બનાવવો હોય તો વિલાયત મોકલવો. આજે અંગ્રેજોના જોરે દેશી રાજાઓ જોર કરે છે, પણ અંગ્રેજનો ખીલો ખસ્યો કે એનું જોર ચાલી જશે.'

૧૯૨૧ના ડિસેમ્બરમાં અમદાવાદમાં અખિલ હિંદ મહાસભાનું અધિવેશન મળ્યું, ત્યારે અનેક જાતની અફવાઓ ઉડાવવામાં આવી હતી. એક અફવા એવી ચાલી હતી કે અમદાવાદના ત્રણ દરવાજા ઉપર સરકારે તોપો ગોઠવી છે; સરકાર સૌને તોપને મોઢે ઉડાડશે. બીજી અફવા વળી એવી હતી કે મહાસભામાં ગાંધીજી અને સરદાર રાષ્ટ્રધ્વજ ફરકાવીને જાહેર કરવાના છે કે આજથી દેશ સ્વતંત્ર છે! બસ, એ જ વખતે સરકાર તોપમારો ચલાવશે. ત્રીજી અફવા હતી કે ઈડરના રાજા કર્નલ પ્રતાપસિંહજી ખાસ લશ્કર લઈને આવવાના છે ને તે માટે ગુજરાત કોલેજનાં મકાનો ખાલી થયા છે. દેશી રાજાઓ વફાદારી જાહેર કરવામાં પાછા પડે એવા નહોતા, એટલે લોકોને ગળે આ વાત ઊતરી ગઈ. એટલે સુધી કે ગાંધીજીએ 'નવજીવન' માં 'પધારો કર્નલ પ્રતાપસિંહજી' નામે લેખ પણ લખ્યો. અને સરદાર વલ્લભભાઈએ 'ખોટી અફવા' એ નામની એક ખાસ પત્રિકા બહાર પાડી હતી[૬] અને સ્વસ્થતાથી જાહેર કર્યું કે લશ્કરની ને ગોળીબારની અફવા ડરપોક માણસોએ ચલાવેલી છે, માટે એમાં કોઈએ માનવું નહિ.

ઉપરોક્ત પ્રસંગ બતાવે છે કે દેશી રાજ્યોના રાજવીઓ અંગ્રેજ સરકારનાં એવાં બગલબચ્ચાં બની બેઠા હતા કે એમના નામે એવી ગુલબાંગો ચાલી શકતી. ઈડરના રાજા દૌલતસિંહજી ગાદીએ આવ્યા પછી એમના જુલમે માઝા મૂકી, ત્યારે મુંબઈમાં ઈડરવાસીઓએ 'ઈડર પ્રજાકીયમંડળ'ની સ્થાપના કરી. રાજાએ સ્થાનિકમાં વસતા લોકોની બળજબરીથી સહીઓ મેળવી 'રાજ્યમાં લીલા લહેર છે' એવી મુંબઈનાં છાપાંમાં આખાં પાનાં ભરીને જાહેર ખબરો છપાવી, તથા મંડળના કાર્યકરોને માટે ઈડર રાજ્યની હદમાં પેસવાની બંધી ફરમાવી. પણ કાર્યકરો દબાયા નહિ. શ્રી મથુરાદાસ લાલજીભાઈ ગાંધી, શ્રી ગંગારામ શુક્લ, અમૃતલાલ યાજ્ઞિક અને બીજા અનેક રાજાના જુલમોની સામે પડકાર કરી ઊભા. ખુદ ઈડર શહેરમાં પ્રજાની પરિષદ ભરી.રાજાના માણસોએ અને ખુદ રાજાએ પણ તોફાન કર્યાં ને ભય ફેલાવ્યો. પણ પ્રજા ડરી નહિ. ગોધરાવાળા શ્રી મણિલાલ મહેતા આ પરિષદના પ્રમુખ હતા. લડત ચાલતી રહી. પ્રજામંડળના નેતાઓ શ્રી મથુરાદાસ ગાંધી, ગંગારામભાઈ શુક્લ, શ્રી હરિશંકર રાવળ વગેરે સરદાર વલ્લભભાઈની દોરવણી માગવા ગયા હતા. સરદારશ્રીએ તેમની લડતને દોરવણી અને આશીર્વાદ આપ્યા હતા. તેમણે કહ્યું કે તમતમારે

આગળ વધો, રજવાડાંની ગાલ્લી ઘોંચમાં પડેલી જ છે. ભલે દેશી રાજાઓ સામ્રાજ્યની સત્તા સાથે મિત્રાચારીનો દાવો કરે ને સામ્રાજ્યના ખેરખાંઓ એમને થાબડે, પણ સિંહશિયાળવાંની મિત્રાચારી કદી સાંભળી છે ખરી. સિંહ જ હેડમાં પડવા વેળા છે. આમ વખતોવખત ઈડર પ્રજા મંડળને સરદારની દોરવણી મળતી રહી હતી.

સ્વરાજ્ય આવ્યા પછી દેશી રાજ્યોને ભારતમાં ભેળવી દેવાની પ્રવૃત્તિ સરદારે હાથ ધરી ત્યારે ઠકરાતોના વિલિનીકરણના વિરોધમાં ઈડર રાજ્યના પાટવીકુંવરની ચઢવણીથી ઉત્તર ગુજરાતની નાની ઠકરાતોના માલિકોએ આ અરસામાં ગરબડ કરી હતી.[૭] સરદારે અહીંયાં કુનેહથી કામ લીધું અને પથભ્રષ્ટ આ ઠાકોરોને સમજાવવા રવિશંકર મહારાજને અને દરબાર ગોપાળદાસને મોકલ્યા હતા અને તેમને પોતાના આ કાર્યમાં સફળતા મળી હતી. દરબાર ગોપાળદાસ તે વખતે ભીલોડા ખાતે મળનારી ઈડર પ્રજા પરિષદના પ્રમુખ સ્થાને પધારવાના હતા, પણ ઈડર રાજવીને સમજૂતીથી ઠેકાણે લાવવાની કામગીરીમાં ધાર્યા કરતાં વધારે સમય ગયો. સરદારનો હુકમ હતો કે એ પતાવીને જ પછી બીજું કામ કરવું,તેથી તેઓ એ પરિષદમાં હાજર રહી શક્યા નહિ, ને તે પરિષદનું પ્રમુખ સ્થાન શ્રી કે.કે. શાહે સ્વીકાર્યું હતું. દેશી રાજ્યો માટે સરદારની દોરવણી બહુ સ્પષ્ટ હતી. એમણે ચોખ્ખું કહ્યું હતું કે 'હું રાજાઓને વીનવું છું ને કહું છું કે અંગ્રેજો આવ્યા ત્યારે જે હિંદ હતું તે આજે નથી, માટે અમારા ભેળા આવો. આખરે હારીને આવશો એ શોભશે નહિ. લગ્નનાં વાજાં લગ્ન વખતે શોભે, મરણ વખતે નહિ શોભે! ટૂંકમાં કહી દીધું કે અત્યારે સમજીને આવો તો લગ્ન છે, બાકી મરણ નિશ્ચિત છે.' જેણે સરદારની એ વાણી સાંભળી લગ્નનાં વાજાં વગાડ્યાં ને પોતાનાં રાજપાટ દેશને ચરણે ધરી દીધાં તે યશસ્વી બની ગયા. ઈડરના રાજવીએ રાજપાટ મેલ્યાં ત્યારે ઈડરની પ્રજાએ તેમનો હિંમતનગરમાં જે સત્કાર કર્યો હતો તેવો એ પહેલાં કોઈ ઈડરના રાજવીનો થયો નથી. સરદારની કુનેહનું એ પરિણામ છે. સાબરકાંઠા જિલ્લામાં નાનાં મોટાં કુલ અઠ્ઠાવીસ રજવાડાં હતાં. આજે સાબરકાંઠા જિલ્લો સરદારની કુનેહ અને દૂરંદેશીના સુંદર ઉદાહરણરૂપે આપણી સામે પ્રત્યક્ષ છે.

૧૯૨૭માં ગુજરાતમાં ભયાનક રેલસંકટ આવેલું, ને લોકોને કરોડોની માલમિલકતનું નુકશાન થયેલું. તે વખતે સરદારે ફૂંફાડો કરી સરકાર પાસેથી મદદની મોટી રકમો કઢાવી હતી, લોકોએ પણ છૂટે હાથે ધન વેર્યું હતું. એ રાહતની વ્યવસ્થાનો બધો યશ સરદારને જાય છે. સાબરકાંઠામાં થયેલા નુકશાનનો અંદાજ કાઢવા ને મદદની વ્યવસ્થા કરવા તેમણે પૂજ્ય રવિશંકર મહારાજને મોકલ્યા હતા. સરદાર સાહેબ રાષ્ટ્રની સળગતી સમસ્યાઓ વચ્ચે પણ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લા તરફ પોતાની ચકોર દૃષ્ટિ રાખતા હતા.

આમ સરદારશ્રીનું જીવન અને પ્રતિભા સર્વતોમુખી હતાં. તેમના ચારિત્ર્યની ભિન્ન ભિન્ન બાજુઓ પર પ્રકાશ નાખવાનું લગભગ અશક્ય જેવું છે. હિંદુસ્તાનને સુદૃઢ બનાવવાની ચિંતા તેમની અંતિમ ઘડી સુધી રહી. તેમણે કહ્યું હતું કે, 'સ્વતંત્રતા આવી. ભારત પહેલાં પણ સ્વતંત્ર હતું, ભૂતકાળમાં દેશની સ્વતંત્રતાને વધુ જોખમ પોતાના લોકો તરફથી રહ્યું છે. હું તો જઈ રહ્યો છું એને બચાવવાનું કામ તમારા લોકોનું છે.' સરદારના આ અંતિમ આદેશનું આપણે પાલન કરીએ.

**પાદટીપઃ**


૧. રામનારાયણ ના. પાઠક, સ્વતંત્ર ભારતના શિલ્પી 'સરદાર વલ્લભભાઈ પટેલ', નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૭૫, પૃ. ૧૨.

૨. યશવંત દોશી, (સં.), સવ્યસાચી સરદાર, પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, મુંબઈ, ૧૯૭૫, પૃ. ૧૦-૧૧.

૩. નરહરિ દ્વારકાદાસ પરિખ અને ઉત્તમચંદ શાહ (સં.), સરદાર વલ્લભભાઈનાં ભાષણો, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૪૯, પૃ. ૨૬-૨૭.

૪. હરિહર શુક્લ અને રમણલાલ સોની (સં.), સરદાર વલ્લભભાઈ પટેલ સ્મૃતિ ગ્રંથ, સરદાર પટેલ જન્મશતાબ્દી સમિતિ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, ૧૯૭૫, પૃ. ૩૩.

૫. મણિબેન વલ્લભભાઈ પટેલ અને ગ.મા. નાંદુરકર, સરદારના પત્રો- ગુજરાતના સાથીઓને, ગ્રંથ-૨, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ, ૧૯૭૬, પૃ. ૧૧.

૬. રામનારાયણ ના. પાઠક, પૂર્વોક્ત, પૃ. ૯૯.

૭. મણિબેન વલ્લભભાઈ પટેલ અને ગ.મા. નાંદુરકર, પૂર્વોક્ત, ગ્રંથ-૧, પૃ. ૫૩-૫૪.



(આસિસ્ટન્ટ પ્રોફેસર, સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વર્ક્સ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ - સેરલિપ, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર.
મોઃ- ૯૬૨૪૫૫૬૬૫૪)

## ગુજરાતના શિરછત્ર સરદાર

**સંકલનઃ મુકુલ કલાર્થી**

### હાજરજવાબી સરદાર

૧૯૨૩માં મહારાષ્ટ્રમાં રાજકીય પરિષદ મળી હતી. એના પ્રમુખ તરીકે સરદારશ્રીની વરણી થઈ હતી. ગુજરાતની પરિષદમાં તો ઠરાવો ઘડવાનાં કામ સહેલાઈથી ઊકલી જાય. પણ અહીં તો બાલનીયે ખાલ કાઢનારાં ભેજાં હતાં. પણ સરદારશ્રી પોતાના વિનોદથી એ બધાને પહોંચી વળ્યા.

એક જણે પૂછ્યુંઃ ''ખાદીનો કોટ પહેર્યો હોય, પણ ધોતિયું મિલનું હોય તો ચાલે કે?''

સરદારે તરત જવાબ આપ્યોઃ ''જે અર્ધી ખાદી પહેરે તે અર્ધો વોટ આપે!''

નિયમિત ખાદી પહેરનાર ક્વચિત્ ખાદી ન પહેરે તો ચલાવી લેવાય, એવો ઠરાવનો અર્થ કરવાની ચર્ચા ચાલતી હતી તેમાં એક ભાઈએ પૂછ્યુંઃ ''રોજ ખાદી ન પહેરી હોય તો એ નિયમિત ખાદી પહેરનાર ન ગણાય?''

સરદારશ્રીએ કહ્યુંઃ ''મારી પાસે તો જે સિક્કો મૂકવામાં આવે તેને હું ખખડાવી જોઉં. બોદો વાગે તો મારે મન એ બોદો જ છે!''

અસ્પૃશ્યતાના ઠરાવમાં 'હિંદુ ધર્મ ઉપર જે કલંકરૂપ છે' એ શબ્દો ઉપર શાસ્ત્ર અને ભાષાના પંડિતોએ ખૂબ ઊહાપોહ મચાવ્યો. એક ભાઈએ સરદારશ્રીને પૂછ્યુંઃ ''એ હિંદુ ધર્મ ઉપર શી રીતે કલંક કહેવાય?''

સરદારશ્રી કહેઃ ''ત્યારે ઇસ્લામ ઉપર કલંક કહેવાય? કે ખ્રિસ્તી ધર્મ ઉપર? તમે એમ કહેતા હોત તો એમ લખીએ!''

### આનંદી સરદાર

૧૯૩૦ની સાલમાં સરદારને બોરસદ તાલુકાના રાસ ગામે પકડીને અંગ્રેજ સરકારે તેમને સાબરમતી જેલમાં રાખ્યા હતા.

શ્રી મહાદેવભાઈ દેસાઈ એક વાર તેમને મળવા જેલમાં ગયા. જેલ સુપરિન્ટેન્ડેન્ટે મહાદેવભાઈને કહ્યું કે, તમે સરદાર સાથે અંગ્રેજીમાં વાત કરો.

મહાદેવભાઈએ જવાબમાં કહ્યુંઃ ''મારા બાપની સાથે અંગ્રેજીમાં બોલું તો વલ્લભભાઈ સાથે અંગ્રેજીમાં બોલું. બાકી એવો જ આગ્રહ કરશો તો હું મુલાકાત જવા દઈશ પણ અંગ્રેજીમાં નહીં બોલું.''

જેલ સુપરિન્ટેન્ડેન્ટ મૂંઝાયા. સરદાર હસતા હસતા કહેઃ ''એ આશ્રમવાળા લોકો એવા હોય છે કે ધારેલું જ કરે. એ તો અંગ્રેજીમાં નહીં બોલે.''

વાતચીત કરતાં મહાદેવભાઈએ પૂછ્યુંઃ ''તમને કેવી રીતે રાખે છે?''

સરાદરશ્રી કહેઃ ''ચોરલૂંટારાને જેવી રીતે રાખે છે તેવી રીતે મને પણ રાખે છે. બહુ આનંદ છે. આના જેવી લહેર જિંદગીમાં કોઈ વાર આવી નહોતી.''

મહાદેવભાઈએ આગળ જતાં પૂછ્યુંઃ ''સૂવાને માટે શું?''

સરદાર કહે : ''એક ખાસ્સો કાળો કામળો આપ્યો છે ને! તે ઉપર આળોટીએ છીએ. મને પહેલે દિવસે લાગેલું કે ઊંઘ નહીં આવે. પણ બીજે દિવસે તો ઘસઘસાટ ઊંઘ આવી. તે એવી આવી કે બહાર કદી આવી નથી.''

મહાદેવભાઈએ પૂછ્યું : ''ખોરાકનું કેમ?''

સરદાર કહે : ''ખોરાકનું તો શું પૂછવું? જેલમાં કંઈ મોજ કરવા થોડા આવ્યા છીએ? બપોરે કંઈક જાડા રોટલા ને દાળ, અને સાંજે રોટલા અને શાક એમ આપે છે. ઘોડાને ખપે એવું તો હોય જ છે.''

મહાદેવભાઈ : ''પણ માણસને ખપે એવું હોય છે કે નહીં?''

''શા સારુ નહીં? પયખાને જવાનું ઠેકાણું નહોતું તે અહીં એક વાર નિયમિત પાયખાને જાઉં છું પછી શું જોઈએ? પણ એની તું ચિંતા શા સારુ કરે છે? ત્રણ

મહિના હવા ભરખીને રહી શકું એમ છું." એમ કહીને સરદારે ખડખડાટ હસીને જેલનો દરવાજો ગજાવી મૂક્યો.

પછી સરદાર કહે : "સવારે જુવારના લોટની નમક નાખેલી કાંજી મળે છે. પણ એ હું નથી લેતો. કારણ મરડો થવાનો ડર રહે છે."

મહાદેવભાઈએ પૂછ્યું: "રોટલો દાંતે ચવાય છે શી રીતે?"

સરદાર કહે : "રોટલો તો પાણીમાં ભાંગી નાખું છું અને મજાથી રોટલો ખાઈ જાણું છું."

મહાદેવભાઈ : "બત્તી મળે છે?"

સરદારશ્રી : "બત્તી ન મળે. બત્તી આપતા હોય તો રાત્રે વાંચું પણ ખરો. અહીં તો સાંજ પડી એટલે અંધારું!"

મહાદેવભાઈ : "કશું વાંચવાનું જોઈએ છે?"

સરદાર : "ગીતા અને તુલાસીરામાયણ આપ્યાં છે. 'આશ્રમ-ભજનાવલિ' મોકલજે. એટલી ત્રણ વસ્તુ ત્રણ મહિનામાં વાંચી લઈશ તો બહુ છે."

પછી આગળ જતાં મહાદેવભાઈએ સરદારશ્રીને જોઈતી ચીજોની યાદી કરવા માંડી, એટલે સુપરિન્ટેન્ડેન્ટ કહે : "અસ્રાની રજા નથી. તમને હજામત કરાવવાની સગવડ આપવામાં આવશે."

"એ તો હું જાણું છું અહીં કેવી રીતે હજામત થાય છે તે!" કહીને સરદાર હસ્યા.

જેલરને સુપરિન્ટેન્ડેન્ટ કરતાં નિયમોનું વધારે જ્ઞાન લાગતું હતું એટલે તેમણે કહ્યું : "સાહેબ, આ કેદીને તો અસ્રો આપી શકાય."

સુપરિન્ટેન્ડેન્ટ કહે : "તો ભલે. પણ જ્યારે તેમને જોઈએ ત્યારે આપીશું. એ રહેશે અમારી પાસે."

એટલે સરદારશ્રી રમૂજ કરતાં કહે : "પણ મને એક અસ્રો આપી મૂકતા હો તો કેવું સારું! બીજા કેદીઓની હજામત કરું અને ચાર પૈસા પેદા કરું."

આખો વખત ગંભીર મુખમુદ્રા ધારણ કરીને બેસી રહેલા સુપરિન્ટેન્ડેન્ટ અને જેલર પણ આ સાંભળીને, ખડખડાટ હસી પડ્યા. પણ તરત જ પાછું તેમને નિયમોનું ભાન થતાં, ઘડીક વાર માણસ બનેલા તેઓ પાછા યંત્ર જેવા બની ગયા.

મહાદેવભાઈ જવા તૈયાર થયા એટલે સરદાર કહે : "ત્રણ મહિના તો હું મજા કરીશ..."

મહાદેવભાઈએ બહાર નીકળતાં નીકળતાં કહ્યું : "તમને ત્રણ મહિનામાં એક જ મુલાકાત મળે, એ આ એક તો થઈ ગઈ. હવે તમે પાછા ન મળી શકો એનું દુઃખ થાય છે!"

એટલે સરદારે પોતાની વ્યંગવાણીમાં કહ્યું : "મને કોઈએ મળવાની જરૂર નથી. ઊલટા કોઈ મળવા આવે તો મને યાદ આવે છે કે હજી આ બહાર રહેલા છે!"

### સરદારનો વિનોદ

લોકોમાં સરદારશ્રી વિશે એવો સામાન્ય ખ્યાલ પ્રચલિત છે કે તેઓ એક બાહોશ અને વિચક્ષણ મુત્સદ્દી હતા, લોખંડી પુરુષ હતા, વજ્ર જેવા કઠોર હતા, એક શબ્દ મીઠાશથી કે પ્રેમથી બોલે તો એ સરદાર વલ્લભભાઈ શાના? માયા, મમતા, નિખાલસતા, ભલમનસાઈ એવા એવા મૃદુ અને પોચટ ગુણો એમનામાં ક્યાંથી હોય?

પરંતુ ખૂબીની વાત તો એ છે કે, સરદારશ્રીનું જીવન જોઈએ તો આવી ભારે કડકાઈ ધરાવનાર લોખંડી પુરુષ વલ્લભભાઈના બાહ્ય દેખાવની પાછળ વિનોદશીલ અને પ્રેમાળ સદ્‌ભાવ છુપાયેલો હતો. અહીં આપણે સરદારશ્રીના વિનોદના થોડાક પ્રસંગો જોઈએ:

### 'સોડા નાખોની'

'૩૨ની સાલમાં અંગ્રેજ સરકારે બાપુજીને યરવડામાં કેદ પૂર્યા હતા. તે વખતે સરદારશ્રીને પણ તેમની સાથે યરવડામાં રાખ્યા હતા.

બાપુજી બધી વસ્તુઓમાં સોડા નાખવાનું કહેતા. બાપુજી હતા જબરા પ્રયોગશીલ. એટલે એક વસ્તુનો પ્રયોગ શરૂ કરે પછી એની પાછળ બરોબર મંડે.

સરદારશ્રીને બાપુજીનો સોડાનો પ્રયોગ એક મોટો મજાકનો વિષય થઈ પડ્યો. કોઈ બાબતમાં કંઈક અડચણ ઊભી થાય, એટલે સરદારશ્રી હસતા હસતા બાપુને કહેઃ "સોડા નાખોની!"

### દરદીને સલાહ

બાપુજી ઉપર એક વાર એક સરકારી પેન્શનરનો કાગળ આવ્યો. તેમાં લખ્યું હતું:

“૭૦ વર્ષની ઉંમર થઈ, પણ દમનો ઉપદ્રવ મને બહુ પીડે છે! આપે અનેક પ્રયોગો કરેલા છે, અને કુદરતી ઉપાયે દર્દો સારાં કર્યાં છે, તો મને કાંઈ ન સૂચવો?”

શ્રી મહાદેવભાઈ દેસાઈએ આ પત્ર જોઈને બાપુજીને કહ્યું : “આવા કાગળના ક્યાં જવાબ આપતા ફરશો?”

બાપુજી કહે : “ભલે” એમ કહીને કાગળ ફાડવા લાગ્યા.

ત્યાં તો સરદારશ્રી ગમ્મત કરતા બોલ્યા : “અરે, લખોની કે ઉપવાસ કર, ભાજી ખા, કોળું ખા, સોડા પી!”

બાપુજી ખડખડાટ હસી પડ્યા અને મહાદેવભાઈને કહે :“મહાદેવ, એ કાગળ ઉપાડી લો, આપણે એને લખવું છે.” અને સાચે જ બાપુએ કાગળ બરોબર વિગતવાર લખાવ્યો.

### મંદિર ખરું પણ...

બાપુજી ઉપર જેલમાં ‘યરવડા મંદિર’ એવું સરનામું કરેલા કાગળો આવતા. પોસ્ટ ઑફિસે પણ એ પરિભાષા સ્વીકારી લીધી હતી.

આના ઉપર ગમ્મત કરતાં સરદારશ્રી બાપુને કહેઃ “મંદિર તો છે જ; માત્ર પ્રસાદી વિશે રોજ મારામારી હોય છે!”

### હિંસા અટકાવવાનો ઉપાય

બાપુજીના ઉપર કાગળો આવતા એમાં ઘણી વાર નાદાન અને બાલિશ પ્રશ્નો પણ પૂછાતા.

એક દિવસ એક જણે બાપુને પત્રમાં સવાલ પૂછ્યોઃ

“આપણું ત્રણ મણનું શરીર લઈને આપણે ધરતી ઉપર ચાલીએ અને અનેક કીડીઓ પગ તળે ચગદાઈ જાય એ હિંસા શી રીતે અટકાવીએ?”

સરદારશ્રી આ સાંભળીને હસતા હસતા જ બોલ્યાઃ

“બાપુ, એને લખોની કે, પગ માથા ઉપર રાખીને ચાલે!”

### સરદારશ્રીએ ઈલાજ બતાવ્યો

એક જણે બાપુને કાગળ લખીને જણાવ્યું હતું :

“સ્ત્રી કુરૂપ છે, એટલે ગમતી નથી!”

એ સાંભળીને સરદારશ્રી કહે :

“લખોની કે આંખ ફોડી નાખીને એની સાથે રહે એટલે કુરૂપ જોવાનું નહીં રહે!”

### લાચારીનો ઉપાય

એક જણે બાપુને પત્ર લખીને પોતાની લાચારી બતાવીને પોતાને ફરી પરણવાનો આગ્રહ કરનારની દલીલ આપી હતી કે, “એણે મારા ઉપર ઉપકાર કર્યા છે અને એને ત્રણ છોકરી કુંવારી છે. ન્યાતમાં વરની અછત છે, એટલે મને પરણવાનો આગ્રહ કરે છે!”

એ સાંભળીને સરદારશ્રી હસતા હસતા કહેઃ

“ત્યારે ત્રણે છોકરીઓને જ પરણી લે તો શું ખોટું?”

### દૂધ અને ચારો

એક દિવસ બાપુજી, સરદારશ્રી અને શ્રી કુમારપ્પા એકસાથે જમવા બેઠા.

બાપુજી એ દિવસોમાં લીમડાની ચટણી નિયમિતપણે ભોજનમાં લેતા હતા. બાપુજી તો રહ્યા જબરા પ્રયોગશીલ. તેઓ તો પોતે પ્રયોગ કરતા જાય અને એમાં પોતાના સાથીઓને પણ ભેળવતા જાય. એટલે બાપુજી પોતાની સાથે જમવા બેસનારને પણ પ્રેમથી લીમડાની ચટણી પીરસતા. એ મુજબ બાપુજીએ કુમારપ્પાજીની થાળીમાં હસતાં હસતાં એક ચમચી ભરીને લીમડાની ચટણી મૂકી.

સરદારશ્રી આ જોઈ રહ્યા હતા. તેમને તો ગમ્મતનો વિષય મળી ગયો. તેઓ મોં પર ગંભીર ભાવ ધારણ કરીને કુમારપ્પાજીને જાણે કોઈ બહુ મોટી વાત કહેતા હોય એમ બોલ્યા :

"કુમારપ્પાજી, જોયુંને તમે? બાપુ અત્યાર સુધી બકરીનું દૂધ જ પીતા હતા, પણ હવે તો તેઓ બકરીનો ચારો પણ ખાવા લાગ્યા છે!"

**મહાદેવ, તારી ચંપલ સાચવજે**

બાપુજી 'હરિજન' પત્રો કાઢતા હતા એમાં શ્રી મહાદેવભાઈ દેસાઈની નોંધ વગેરે ખૂબ આવતું.

મહાદેવભાઈ પોતાનું નામ ટૂંકમાં MD (એમ.ડી.) અંગ્રેજીમાં લખતા અને 'મ.દે.' ગુજરાતીમાં લખતા.

એક વાર સરદારશ્રી બાપુજીને મળવા આવ્યા હતા. બહાર બારણા આગળ તેમણે મહાદેવભાઈની ચંપલ જોઈ. એ ચંપલ કોઈ બીજું ભૂલમાં પહેરી ન જાય એ માટે મહાદેવભાઈએ એના ઉપર M.D. (એમ.ડી.) કોતરાવ્યું હતું.

એ વાંચીને સરદારશ્રીને રમૂજ સૂઝી આવી. તેઓ મહાદેવભાઈને બોલાવીને હસતા હસતા બોલ્યા :

"મહાદેવ, તારી ચંપલ સાચવજે, નહીં તો કોઈ એને નવી જાતનું 'હરિજન' માનીને વાંચવા લઈ જશે!"

**પાંચમી હઠ**

ઈ.સ. ૧૯૪૨ના જુલાઈ માસમાં સરદારશ્રી અમદાવાદમાં કૉલેજના વિદ્યાર્થીઓ આગળ ભાષણ કરવા ગયા હતા. તે વખતે ઘણા વિદ્યાર્થીઓ સભાસ્થાને બેસી જવાને બદલે આમતેમ ઊભા હતા. વ્યવસ્થાપકો તેમને બેસી જવા વિનંતી કરતા હતા. પણ તેઓ એ ધ્યાન પર લેતા ન હતા.

આ જોઈને સરદારશ્રી વિનોદ કરતાં બોલ્યા :

"અત્યારે દુનિયામાં ચાર હઠો જાણીતી છેઃ (૧) રાજહઠ, (૨) બાળહઠ, (૩) સ્ત્રીહઠ અને (૪) અંગ્રેજોની પીછેહઠ. અને તેમાં પાંચમી તમારી 'ઊભા રહેવાની હઠ'નો ઉમેરો થાય તો એ નવી વસ્તુ છે!"

સરદારશ્રીનું આ વિનોદભર્યું વિધાન સાંભળી બધાય વિદ્યાર્થીઓ ટપોટપ નીચે બેસી ગયા.

**ખૂબ કાંત્યું!**

યરવડા જેલમાં બાપુજી મગન રેંટિયો ચલાવતાં શીખતા હતા. રેંટિયા પર જમણો હાથ બેઠો, એટલે બાપુ ઉત્સાહમાં આવ્યા હતા, પણ બીજે દિવસે રેંટિયો કેમે કર્યો ચાલે નહીં!

એ સવારે જ બાપુએ સરદારશ્રીને કહી રાખ્યું હતું કે, વલ્લભભાઈ, તમારા શાપ નહીં લાગે તો રેંટિયો ચાલશે.

નવદશ વાગ્યા સુધી બાપુએ મગન રેંટિયો ચલાવ્યા કર્યો; પણ પૂણી બગડવા ઉપરાંત કશું પરિણામ ન આવ્યું.

સરદાર આ બધું જોયા કરતા હતા. તેઓ કહે :

"એક કોકડું ઉતારીને બીજું ભર્યું કે શું?"

બપોરે પાછા બાપુજી મગન રેંટિયો લઈને બેઠા પરંતુ બપોરે પણ એ જ પ્રકાર. બાપુએ રેંટિયાનાં જોતરાં ટાઈટ કર્યાં, તેલ પૂર્યું. બધાં વાનાં કર્યાં. મહાદેવભાઈએ પણ ઘડીક વાર માથું માર્યું, પણ ગમન રેંટિયો બરોબર ચાલે જ નહીં.

સરદારશ્રી ઊંઘીને ઊઠ્યા. બાપુને હજીય માથાફોડ કરતા જોઈને તેઓ કહે :

"ખૂબ કાંત્યું; હવે બંધ કરો!"

બાપુ પણ ગમ્મત કરતા બોલ્યા : "કાંત્યું, કાંત્યું, અમારો સંઘ અટકી પડવાનો નથી."

સરદારશ્રી હસતા હસતા કહે :

"નીચે બહુ કાંતેલું પડ્યું દેખાય છે!"

બાપુજી ધીમે ધીમે મગન રેંટિયા ઉપર વધારે સફળ થવા લાગ્યા. એક દિવસ ત્રણ કલાક કાંતીને બાપુએ ૧૩૧ તાર કાઢ્યા.

એટલે બાપુ સરદારશ્રીને કહે : "જુઓ વલ્લભભાઈ, આજે કેવું પરિણામ આવ્યું છે?"

સરદારશ્રી હસતા હસતા કહે :

"હા, નીચે ઠીક પડ્યું છે!"

બાપુ બોલ્યા : "પણ એ સૂતરફેણી પણ બંધ થશે, પછી તો કહેશો ને કે હવે થયું?"

(નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૩૮૦ ૦૧૪, નવી આવૃત્તિઃ ૨૦૧૨)

# ગુજરાતમાં પ્રભાવી જ્ઞાતિ તરીકે પાટીદારો

**શૈલજા ધ્રુવ**

**સાર - સંક્ષેપ**

વિશ્વમાં ભારતીય સમાજ વ્યવસ્થાની જ્ઞાતિ આધારિત સમાજરચના અનેક રીતે વિશિષ્ટતા ધરાવે છે. ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં વિભિન્ન જ્ઞાતિ સમૂહો 'પ્રભાવી જ્ઞાતિ' તરીકે ઓળખાય છે. વર્તમાન સમયમાં ગુજરાતમાં પાટીદારો પ્રભાવી જ્ઞાતિ તરીકે ઓળખાય છે.

પ્રસ્તુત અભ્યાસલેખ ગૌણ માહિતી આધારિત છે, જેમાં મુખ્યત્વે ચાર વિભાગમાં સમગ્ર માહિતીને દર્શાવી છે. પ્રથમ વિભાગમાં પ્રભાવી જ્ઞાતિ અને પાટીદારોની સમજૂતી આપી છે. બીજા વિભાગમાં પાટીદારોનું પ્રભાવી જ્ઞાતિ તરીકે વિશ્લેષણ કરી, ગુજરાતમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક અને રાજકીય વિકાસમાં પાટીદારોની ભૂમિકા વર્ણવી છે. ત્રીજા વિભાગમાં પાટીદારોનો વિદેશમાં પ્રભાવ વર્ણવ્યો છે. ચોથા વિભાગમાં અભ્યાસ લેખ સબંધિત તારણો અને એક જ્ઞાતિ સમૂહ તરીકે કેટલીક મર્યાદાઓ વર્ણવી છે.

સમગ્ર માહિતી પરથી તારવી શકાય છે કે એમ. એન. શ્રીનિવાસે રજૂ કરેલાં પ્રભાવી જ્ઞાતિનાં લક્ષણો- આર્થિક સદ્ધરતા, રાજકીય સત્તા, સંખ્યાકીય બહુમતી, સામાજિક કોટિક્રમ, આધુનિક શિક્ષણ, આધુનિક વ્યવસાય-પાટીદારોમાં દ્દષ્ટિગોચર થાય છે. પાટીદારોનો સંસ્કૃતિકરણની પ્રક્રિયા દ્વારા આગળ વધવાનો પ્રયત્ન સરાહનીય છે, પરંતુ આધુનિક જીવનશૈલીને તેઓ સર્વાંશે અપનાવી શક્યા નથી તે પણ વાસ્તવિકતા છે.

આમ છતાં, ગુજરાતમાં પ્રભાવી જ્ઞાતિ તરીકે 'પાટીદારો'નો ઇનકાર કરી શકાય તેમ નથી એવું અભ્યાસલેખમાંથી ફલિત થાય છે.

**ચાવીરૂપ શબ્દો** : જ્ઞાતિ - પ્રભાવી જ્ઞાતિ - પાટીદાર

## I

**પ્રસ્તાવના :-**

આપણું ગુજરાત - આગવું ગુજરાત અનોખું ગુજરાત. ઉદ્યમ અને સાહસિકતાથી સભર એવું ગુજરાત ૧લી મે ૧૯૬૦ના રોજ મુંબઈ રાજ્યથી અલગ થઇ સ્વતંત્ર રાજ્ય તરીકે આકાર પામ્યું. ગુજરાતની પ્રગતિમાં જેણે અમૂલ્ય ફાળો આપ્યો છે એવા જ્ઞાતિસમૂહોના યોગદાનને કઇ રીતે ભૂલાય ?! ગુજરાત વિશ્વભરમાં વેપારી પ્રજા તરીકે ઓળખાય છે. ગુજરાતમાં જૈનો, વાણિયા, વોરા, પારસી વગેરેએ વેપારમાં સારું એવું ખેડાણ કર્યું છે. જમીન સાથે સંકળાયેલ જ્ઞાતિ સમૂહોમાં પાટીદારો, ઠાકોરો અને કેટલેક અંશે રબારીનો સમાવેશ થાય છે. શિક્ષણ સાથે રાજપૂતો, નાગરો અને બ્રાહ્મણો સંકળાયેલા હતા. આમ, ગુજરાતના વિકાસમાં કોઇ એક સમૂહ નહીં પરંતુ ઘણા બધા સમૂહો અને વ્યક્તિઓનું પ્રદાન રહ્યું છે. સમય જતાં ગુજરાતની તાસીર બદલાતી ગઇ. વિવિધ જ્ઞાતિસમૂહો પ્રભાવી બનતા ગયા.

### ગુજરાતનું સામાજિક વર્ગીકરણ

ડૉ. ગૌરાંગ જાની (૨૦૦૮:૩૬) જણાવે છે તે મુજબ નર્મદથી શરૂ કરી મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સુધીના ગુજરાતી ભદ્રવર્ગે ગુજરાતની અસ્મિતા એટલે શું? એવા પ્રશ્નનો ઉત્તર આપવાનો પ્રયત્ન કર્યો છે.

'જય જય ગરવી ગુજરાત' અને 'સ્વર્ણિમ ગુજરાત' જેવી પંક્તિઓ અને પ્રતીકોને સમાંતર ગુજરાતી સમાજ નીચે મુજબ વર્ગીકૃત થયો છે. એનું વર્ગીકરણ જોઇએ તો,

| ક્રમ | વિગત | | ટકા |
|---|---|---|---|
| ૧ | સવર્ણ હિંદુઓ | | |
| | બ્રાહ્મણ - | ૨ ટકા | |
| | વાણિયા - | ૨ ટકા | |
| | ક્ષત્રિય - | ૫ ટકા | |
| | પાટીદાર - | ૧૨ ટકા | ૨૧ ટકા |
| ૨ | દલિત જ્ઞાતિઓ | | ૮ ટકા |
| ૩ | હિંદુ આદિવાસીઓ (મર્યાદિત પ્રમાણમાં ખ્રિસ્તી ધર્મ પાળનારાઓ સહિત) | | ૧૫ ટકા |
| ૪ | અન્ય પછાત વર્ગો (બક્ષીપંચમાં સમાવિષ્ટ હિંદુઓ તેમજ મર્યાદિત પ્રમાણમાં | | |
| | મુસ્લિમો અને ખ્રિસ્તી સહિત) | | ૪૦ ટકા |
| ૫ | અન્ય હિંદુ જ્ઞાતિઓ | | ૪ ટકા |
| ૬ | મુસ્લિમ | | ૯ ટકા |
| ૭ | અન્ય લઘુમતિઓ | | ૩ ટકા |
| | **કુલ** | | **૧૦૦ ટકા** |

આમ સવર્ણ હિંદુઓમાં પાટીદારોની સંખ્યા વધુ છે.

સમાજશાસ્ત્રમાં આવા સમૂહોને આપણે પ્રભાવી જ્ઞાતિ તરીકે ઓળખીએ છીએ.

**પ્રભાવી જ્ઞાતિ :**

પ્રભાવી જ્ઞાતિનો ખ્યાલ પ્રો. શ્રીનિવાસે આપેલો છે. ૧૯૫૫માં સૌ પ્રથમ પ્રભાવી જ્ઞાતિ વિશે લખ્યું હતું કે, એક જ્ઞાતિને ત્યારે પ્રભાવી જ્ઞાતિ કહી શકાય જ્યારે તે આર્થિક કે રાજકીય સત્તા દ્વારા અથવા સંખ્યાબળના આધારે અન્ય જ્ઞાતિઓ પર અસર નિપજાવી શકે. આગળ તેઓ દર્શાવે છે કે ''મોટો શક્તિશાળી જ્ઞાતિસમૂહ જો સ્થાનિક જ્ઞાતિ કોટિક્રમમાં બહુ નીચે સ્થાને ન હોય તો સહેલાઈથી પ્રભાવી બની શકે.''

ત્યારબાદ એમના પ્રભાવી જ્ઞાતિના ખ્યાલમાં સુધારા-વધારા થતા ગયા. જેમાં આધુનિક કેળવણી, આધુનિક વ્યવસાય તથા શારીરિક બળપ્રયોગ તેમજ બહિષ્કાર કરવાનું સામર્થ્ય વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો.

૧૯૬૬માં 'Social Change in Modern India' નામના પુસ્તકમાં તેમણે 'પ્રભાવી જ્ઞાતિ' વિશે ચર્ચા કરતાં કેટલાક મહત્ત્વના ખુલાસા કર્યા છે. તેની કેટલીક આલોચના પણ થઈ છે.

**ગુજરાતમાં જ્ઞાતિ :**

ગુજરાતમાં જ્ઞાતિઓના કોટિક્રમમાં આઝાદી પછી વિશેષ બદલાવ દેખાતો નથી. ખાસ કરીને સવર્ણ જ્ઞાતિઓના સંદર્ભમાં જોઈએ તો અન્ય જ્ઞાતિઓ કરતાં પાટીદારો પાસે જમીન માલિકી અને આર્થિક પ્રભાવ હોવાથી જમીન સાથે જોડાયેલી આ ખેડૂત જ્ઞાતિ આજે ગુજરાતમાં વર્ચસ્વી છે. (ડૉ.ગૌરાંગ જાની : ૨૦૦૮ : ૩૭)

ગુજરાતમાં જ્ઞાતિ વિષયક અભ્યાસોનાં સંદર્ભમાં જોઈએ તો,

- ડૉ. આઈ.પી.દેસાઈએ 'ગુજરાતમાં જ્ઞાતિ પ્રથાનું વિહંગાવલોકન' - રાણે પંચના સંદર્ભમાં અભ્યાસ કર્યો છે.
- સ્વ. એ.આર.દેસાઈએ 'જ્ઞાતિઓ ક્યાંથી આવી?' ભારતની જ્ઞાતિ વ્યવસ્થા વગેરેના સંદર્ભમાં પુસ્તકો લખ્યાં છે.
- પ્રા. એ.એમ. શાહે ગુજરાતના લગભગ તમામ જિલ્લાઓમાં જ્ઞાતિનો તબક્કાવાર અભ્યાસ કર્યો છે.
- ડૉ. તારાબેન પટેલ અને વિમલ શાહે કૉલેજ યુવાનોનો જ્ઞાતિના સંદર્ભમાં અભ્યાસ કર્યો છે.

- ડૉ. હેમીક્ષાબહેન રાવે 'જ્ઞાતિ સમૂહ'નાં સંદર્ભમાં યુ.જી.સી. પ્રોજેક્ટ હાથ ધરેલો.
- ડૉ. ગૌરાંગ જાનીના વિવિધ અભ્યાસ લેખોમાં જ્ઞાતિ વિષયક અભ્યાસો ધ્યાનાકર્ષક રહે છે.
- ડેવિડ પોકોકે Inclusion and exclusion - A process in the caste system of Gujaratનો અભ્યાસ લેખ લખ્યો છે.

પ્રસ્તુત અભ્યાસલેખમાં પાટીદાર સમૂહના પ્રભાવી બળ કરતાં ગુજરાતની પ્રગતિમાં એમના પ્રદાન દ્વારા પ્રભાવ પર વધુ ઝોક આપવામાં આવ્યો છે.

ગુજરાત અને પટેલ વત્તાઓછા પ્રમાણમાં એકબીજાના પર્યાય કહી શકાય. ગુજરાત રાજ્યમાં 'પટેલિઝમ' નામનો એક આગવો શબ્દ સર્જાયો છે. આવો જ બીજો એક શબ્દ 'પી ફોર પી' પણ ચલણમાં છે.

પટેલ સમાજ મૂળમાં તો ગ્રામ વિસ્તારમાં વસતો સમાજ, મહેનતુ સમાજ, ભાઈચારામાં માનતો ઉદાર સમાજ. જોકે 'પટેલ' અટક ધરાવનાર બધા 'પાટીદાર' એક જ પંગતના નથી. પાટીદાર 'કણબી' કહેવાતો. 'કણબી પૂંઠે કરોડ' અર્થાત્ પાંચસો ઘરની વસતિવાળા ગામમાં ફક્ત પચીસ ઘર પાટીદારનાં હોય, એમ છતાં ગામ કોનું ? એવો સવાલ થાય તો જવાબ મળે પટેલોનું. એ જ દર્શાવે છે પાટીદારોનો પ્રતાપ અને પ્રભાવ.

પાટીદાર શબ્દ 'પાટી' પરથી આવ્યો છે. આ જમીનની 'પાટી' કે 'પટ્ટો' (અધિકાર) એને રાજ તરફથી મળ્યો છે. એથી પટેલ ખેડૂત છે, રાજા નહીં. પણ પેશવા અને ગાયકવાડે પટેલોને 'દેસાઈગીરી' આપી જાગીરદાર બનાવેલા. આ જાગીરદારો એમની જાગીરો પૂરતા રાજા જ હતા.

**ગુજરાતમાં વસતા પાટીદારો :**

પાટીદારોને 'પટેલ' તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાં મુખ્યત્વે ત્રણ પ્રકારના પટેલ છે. લેઉઆ, કડવા અને આંજણા.

આ ત્રણેય વિશે જોઈએ તો...

**• લેઉઆ પટેલ : (એલ.પી.)**

સરદાર વલ્લભભાઈ પટેલ, વીર વિઠ્ઠલભાઈ પટેલ, ભાઈકાકા, એમ.એચ. પટેલ, ડૉ. સી.એલ. પટેલ, ધર્મસિંહ દાદુભાઈ દેસાઈ, સી.સી.દેસાઈ, ઈશ્વર પેટલીકર, બાબુભાઈ જશભાઈ પટેલ, ચીમનભાઈ જીવાભાઈ પટેલ, કેશુભાઈ પટેલ, આનંદીબેન પટેલ, દિનશા પટેલ, પ્રફુલ્લ પટેલ, મણિલાલ હ. પટેલ ઈત્યાદિ મૂળમાં લેઉઆ પટેલ.

સૌરાષ્ટ્ર તથા ચરોતર વિસ્તારમાં લેઉઆ પટેલો બહોળી સંખ્યામાં જોવા મળે. ચરોતરના લેઉઆ પાસે ફળદ્રુપ જમીન, ભણતરમાં આગળ, સંતોની અસીમ કૃપા - નડિયાદમાં સંતરામ, વડતાલમાં સહજાનંદ (સ્વામિનારાયણ), સારસામાં સંત કૈવલ ! ગાયકવાડનું વડોદરા નજીક અને તમાકુ જેવો રોકડિયો પાક. સૌરાષ્ટ્રમાં પણ તેમનું ભારે વર્ચસ્વ.

લેઉઆ દેવાધિદેવ મહાદેવના ભક્ત. તેઓ 'લવ'ના વસ્તાર હોવાની દંતકથા છે. હરસિદ્ધ માતાને પોતાનાં કુળદેવી માને છે.

તેઓમાં આધુનિકતાનું તત્ત્વ જોવા મળે. ગુજરાતની ગાદી સર કરવામાં પણ મોખરે.

**• કડવા પટેલ : (કે. પી.)**

કુંવરજી મહેતા, કલ્યાણજી મહેતા, પીતાંબર પટેલ, આત્મારામ પટેલ, પુરુષોત્તમ રૂપાલા, નીતિન પટેલ, ભોળાભાઈ પટેલ, મોહનલાલ પટેલ, ગુણવંત શાહ, માણેકલાલ પટેલ, નારણભાઈ લલ્લુભાઈ પટેલ, સૌરભ દલાલ, ખેમાભાઈ પટેલ (બિરલા), ડૉ. બી.જી. પટેલ (કુલપતિ) ઈત્યાદિ મૂળમાં કડવા પટેલ.

મહેસાણા, દ.ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર, જૂનાગઢ અને ભાવનગરમાં તેઓની વસતિ સવિશેષ જોવા મળે. આજથી પચાસ વર્ષ અગાઉ ફક્ત ખેતી અને પશુપાલન કરી આજીવિકા રળનારી અને વાણિયાનું વ્યાજ ભરવામાં પાયમાલ થનારી આ કોમ આજે સ્વપુરુષાર્થથી ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે.

કડવા કુશનો વસ્તાર હોવાની દંતકથા છે. દેવાધિદેવ મહાદેવના ભક્ત. ઊંઝાનાં ઉમા (ઉમિયા) તેમનાં કુળદેવી. મા ઉમિયાના પાટોત્સવ ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ પ્રસંગે 'કડવો ત્યાં કંકોતરી'ના નેજા હેઠળ વિશાળ જનમેદનીને આમંત્રી ભલભલાને વિચારતા કરી દીધેલા. આ પ્રસંગે તેમના આયોજન અને ઉદારતાએ તેમની આગવી ઓળખની પ્રતીતિ કરાવી. એક સમયે ખેતમજૂર કે ખેડૂત તરીકે ઓળખાતો પાટીદાર સમૂહ આજે ગુજરાતનાં વિકાસમાં અગ્રગણ્ય ભૂમિકા ભજવી રહ્યો છે.

ઉત્તર ગુજરાતના કડવા પાટીદારોમાં દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કડવા પાટીદારોની સરખામણીમાં આધુનિકતાનું તત્ત્વ ઓછું દેખાય.

**● આંજણા પટેલ (એ.પી.) :**

માનસિંહ પૃથ્વીરાજ પટેલ, પન્નાલાલ પટેલ, મોતીભાઇ ચૌધરી, રઘુવીર ચૌધરી, હરિભાઈ ચૌધરી, દેવજી પટેલ (રાજસ્થાનના સાંસદ), ડૉ. કેશુભાઈ દેસાઈ, શંકરભાઈ ચૌધરી, પરબત પટેલ, વિપુલ ચૌધરી ઇત્યાદિ મૂળમાં આંજણા પટેલ (ચૌધરીઓ).

બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠામાં સવિશેષ જોવા મળતા આ ચૌધરી પાટીદારો એમના પરંપરાગત પહેરવેશથી જુદા તરી આવે. શુદ્ધ આર્યનાં લક્ષણોથી રંગાયેલા આ પટેલો અન્ય બે કોમની સરખામણીમાં ખૂબ જ દેખાવડા. જો કે આધુનિકતાની અસર ઓછી દેખાય.

આંજણા પાટીદારો પોતાને સહસ્રાર્જુનના વંશજ માને છે. દેવાધિદેવ મહાદેવના ભક્ત. આબુના અધિષ્ઠાત્રી અર્બુદા તેઓનાં કુળદેવી. અગ્નિકુંડમાંથી જે ચાર શાખના ક્ષત્રિયો પેદા થયા તે આંજણા ચૌધરીઓના પૂર્વજો ગણાય છે. પરશુરામે પૃથ્વીને નક્ષત્રી કરવાની પ્રતિજ્ઞા લીધી ત્યારે એમના કોપથી બચવા અર્બુદાનું શરણું લઇ, 'અજાણ્યા' થઇને રહ્યા, એટલે તેઓ 'આંજણા' કહેવાયા એવી એક દંતકથા છે.

ગુજરાતમાં આંજણા ચૌધરીઓનો સમાવેશ સામાજિક અને શૈક્ષણિક પછાત જ્ઞાતિઓમાં - બક્ષીપંચ જ્ઞાતિઓમાં થયેલ છે.

**પાટીદારોની લાક્ષણિક્તા :**

ગુજરાતમાં વસવાટ કરતા આ ત્રિ-પાટીદારો આગવી ઓળખ ધરાવે છે. આમ છતાં 'ઐક્ય'ની બાબતમાં તેઓની પાસેથી શીખવા જેવું ઘણું છે. હા, પાટીદાર માટી સાથે જડાયેલ મહેનતુ કોમ, એટલે એની પાસે અન્ય ભદ્ર કોમો જેવી સુંવાળપ ન હોય. બરછટપણું, રુક્ષતા નજર સામે દેખાય. આમ છતાં પાટીદારો માટે કહેવત છે કે, 'પટેલ જીભમેલો હોય પણ પેટમેલો ન હોય'. કુટુંબ, સમાજ, રાષ્ટ્રના વિકાસના કાર્યમાં સ્વયંભૂ તત્પર હોય. આપણે એ ન ભૂલી શકીએ કે ગુજરાતની આગવી ઓળખ ઊભી કરવામાં સૌથી વધુ મહત્ત્વનો ભાગ 'પાટીદારો'નો છે. તેમની 'પટેલ' ઓળખથી પ્રતિપાદિત થતી 'ઐક્ય'ની ભાવનાથી દેશ-વિદેશમાં સાવચેતી-સાવધાની વર્તવામાં આવે છે. પાટીદારોએ જાત મહેનતથી અને બુદ્ધિબળથી ગુજરાતનો ડંકો દુનિયામાં વગાડ્યો છે.

**પાટીદાર......**

- સત્યવક્તા અને સ્પષ્ટવક્તા
- શ્રમજીવી હોવાને લીધે આરામ હરામ છે સૂત્રનો અમલ કરનાર
- રાષ્ટ્રવાદી - મારો દેશ, મારી માતૃભૂમિ જેવી ભાવના ધરાવનાર
- જીવન સાદું અને સરળ
- ગ્રામ્યજીવન સાથે વધુ નાતો. આમ છતાં શહેર સાથે સંપર્ક
- ઐક્યની ભાવનાથી તરબતર - 'કણબી પાછળ કરોડ', 'કણબી આગળ કોઇ નહીં', 'પરથમીનો પોઠી', 'જગતનો તાત - ખેડૂત' જેવી અનેક કહેવતોથી રંગાયેલી કોમ.
- બોલવામાં કઠોર પણ ઉદાર દિલ
- વિશ્વાસુ અને વચનબદ્ધ
- ચાલશે, ફાવશે સૂત્રને આત્મસાત્ કરનાર
- દીર્ઘદ્રષ્ટા-'લક્ષ્મી તેને જઇ વરે, જે પરસેવે ન્હાય' પણ પરસેવો ક્યાં અને ક્યારે પાડવો, એ માટે આગળનું વિચારવાની ત્રેવડ ધરાવનાર.
- સાહસિક કોમ.
- ગળથૂથીથી જ વ્યવહારુ - વિરાટ મહોત્સવ કે 'મેગા ઈવેન્ટ'નું આયોજન જોતજોતામાં કરી બતાવનાર.
- ખૂબ જ મહેનતુ કોમ - પુરુષાર્થથી સભર
- દાનવીરોની યાદીમાં બહોળી સંખ્યામાં જોવા મળે એટલું જ નહીં નામો પણ મોખરે હોય.
- પાટીદારોના પાવરનું પ્રતિબિંબ પટેલોની જંગી જનમેદનીમાંથી જણાઇ આવે.

## II

ગુજરાતમાં આર્થિક, રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક, સામાજિક તેમજ સહકારી ક્ષેત્રના વિકાસમાં પાટીદારોની ભૂમિકા નોંધપાત્ર છે.

**આર્થિક સદ્ધરતા :**

પ્રભાવી જ્ઞાતિના એક લક્ષણ તરીકે આર્થિક સત્તા કે સદ્ધરતા મહત્ત્વની છે. ગુજરાતના પાટીદારો પાસે જમીન અને આવક વધારે છે. આવકના ધોરણે મહેનત દ્વારા તે ઘણું ઊંચું સ્થાન ધરાવે છે.

ગુજરાતના પચ્ચીસ મોટા ઉદ્યોગપતિનું પાવર લિસ્ટ બનાવો તો, બહુસંખ્યક પટેલ હોવાના જ ! 'વહે તે વિકસે'ની ઉક્તિને આત્મસાત કરી આર્થિક વિકાસ સાધનાર પટેલોના પરિશ્રમને પડકારી ન શકાય. અમદાવાદ, નડિયાદ, રાજકોટ, વડોદરા જેવા શહેરોની બિલ્ડર્સ લોબીમાં, ભાવનગરમાં પ્લાસ્ટિક ઉદ્યોગ, જેતપુર તરફ બાંધણીના પ્રિન્ટિંગ ઉદ્યોગ, સૌરાષ્ટ્ર - સુરતના હીરા ઉદ્યોગ, સૌરાષ્ટ્રમાં ઓજારો બનાવવાના કારખાના બધામાં... જ્યાં જ્યાં નજર કરીએ ત્યાં પટેલ-પાવર અચૂકથી જોઇ શકાય.

પટેલ આઇસ્ક્રીમ, ઉમિયા ડેરી, પટેલ જ્વેલર્સ, મસાલા, ચા, હોટેલ, ટ્રાવેલ્સ, ફાર્માસ્યુટિકલ, કાપડ વગેરેમાં પટેલોના સામર્થ્ય વિશે સમાજનો નાગરિક અજાણ ન જ જોવા મળે. કરસનભાઇ પટેલ, જયસુખભાઇ પટેલ, પોપટભાઇ પટેલ, મૌલેશભાઇ પટેલ, નરેશ પટેલ, ઓધવજીભાઇ પટેલ, નીતિન સાંડેસરા, પંકજ પટેલ, પ્રાયસ્વીન પટેલ, તુલસી તંતી જેવા ઉદ્યોગકારોએ ગુજરાતના આર્થિક વિકાસના દરને ઊંચો લઇ જવામાં જબરજસ્ત ફાળો આપ્યો છે. આજે ગુજરાતીઓ ગર્વભેર કહે છે કે, 'ભારતના વિકાસનું અગ્રિમ વાહક અમારું ગુજરાત છે'. મંદીના માહોલમાં સ્થિરતા રાખવામાં ગુજરાતનો ફાળો અનન્ય છે. એટલે જ તો કહે છે કે ભારતની ખુશાલીનું રાજ્ય એટલે ગુજરાત.

ખેતરથી ખલક સુધી વિસ્તરેલ પાટીદારોનું આર્થિક યોગદાન ગુજરાતને ગૌરવશાળી બનાવવામાં અગણ્ય છે.

**રાજકીય સત્તા :**

પ્રભાવી જ્ઞાતિનું બીજુ મહત્ત્વનું લક્ષણ રાજકીય સત્તા છે. ઔપચારિક અને અનૌપચારિક રીતે પાટીદારો રાજકીય વર્ચસ્વ ધરાવતા થયા છે. ગ્રામ પંચાયતમાં સરપંચ બનવાથી માંડી મુખ્યમંત્રી સુધીનો દરજ્જો તેઓએ હાંસલ કર્યો છે. ગ્રામ્ય સહકારી મંડળીઓ પર મોટે ભાગે પાટીદારોનું વર્ચસ્વ જોવા મળે છે. રાજકીય સત્તામાં મત, ઉમેદવાર, ચૂંટણી પ્રક્રિયા વગેરેમાં એમનું પ્રભુત્વ વધતું જાય છે.

ગુજરાતના રાજકરણ તરફ દૃષ્ટિપાત કરીએ તો જણાય છે કે પાટીદાર રાજકારણમાં ખૂબ ફાવ્યા છે. ગુજરાતની નેતાગીરીમાં પાટીદારોની લાંબીલચક યાદી જોવા મળે. જોકે તેમાં તેમની ખંત, મહેનત તેમજ ગળથૂથીમાંથી મળેલી રાજકીય કોઠાસૂઝની લાક્ષણિક્તાઓ જ દેખાય.

ગુજરાતમાં પાટીદારોના રાજકીય આગેવાનોનો તેમની વસતિની સરખામણીએ રેશિયો કાઢવામાં આવે તો આગેવાનોની સંખ્યા વધુ નીકળે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ચીમનભાઇ પટેલ, બાબુભાઇ જશભાઇ પટેલ, કેશુભાઇ પટેલે નેતૃત્વ પૂરું પાડ્યું છે. રાજ્યની રાજનીતિમાં ભાઇકાકા, આનંદીબહેન પટેલ, પુરુષોત્તમ રૂપાલા, નરોત્તમ પટેલ, કૌશિક પટેલ, સૌરભ દલાલ, નીતિન પટેલ, દિલીપ સંઘાણી, ઊર્મિલાબહેન પટેલ, નરહરિ અમીન, રણછોડભાઇ ફળદુ જેવા મહારથિઓએ પોતાનું સ્થાન જમાવેલું જણાઇ આવે છે અર્થાત્ ગુજરાતમાં સેકન્ડ પોઝિશન પર પટેલોએ સ્થાન લીધું છે.

ભાઇકાકાએ સાધનસંપન્ન અને ઉજળિયાત નેતાઓ સામે 'પાટીદાર ક્ષત્રિય' સંયોજન હેઠળ વર્ચસ્વ સ્થાપેલું. એમની આ નીતિને પરિણામે ૧૯૬૭ની વિધાનસભાની ચૂંટણીમાં અડધો અડધ પાટીદાર અને ક્ષત્રિયો ચૂંટાઇ આવેલા.

ગુજરાતની સૌથી શક્તિશાળી ઊંઝા ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ(એપીએમસી)ના ચેરમેન રહેલા નારણભાઈ પટેલ ઉર્ફે નારણકાકાએ બે વખત મંત્રીપદ પ્રાપ્ત કરેલું. આજે પણ તેઓ ઊંઝાના વિધાનસભ્ય છે અને તેમના પુત્ર ગૌરાંગ પટેલ ઊંઝા એપીએમસીના ચેરમેન છે.

એ બાબત નોંધનીય છે કે, ૧ મે ૧૯૬૦માં અસ્તિત્વમાં આવેલા સ્વતંત્ર ગુજરાતના પ્રથમ પ્રધાનમંડળમાં શ્રીમતી કમળાબહેન પટેલ (આરોગ્ય અને જેલખાતાનાં ઉપમંત્રી), શ્રી છોટુભાઇ પટેલ (ઉદ્યોગ અને વાહન-વ્યવહાર ઉપમંત્રી) સમાવિષ્ટ હતા.

આજે પણ ગુજરાતના રાજકારણમાં મહત્ત્વના પદો પાટીદારોએ મેળવ્યા છે. જેમ કે હરીશચન્દ્ર પટેલ અને

પ્રો. મંગળદાસ પટેલ-વિધાનસભાના અધ્યક્ષ; રમણીક ધામી - વિધાનસભાના ઉપાધ્યક્ષ; જયરામભાઈ પટેલ અને ગોરધનભાઈ ઝડફિયા - રાજ્યના ગૃહપ્રધાન; આનંદીબહેન પટેલ - મહેસૂલ મંત્રી, પૂર્વ શિક્ષણ મંત્રી, દિનશા પટેલ - ખેડામાંથી સાંસદ - કેન્દ્રમાં ખાણ મંત્રી; સિદ્ધાર્થ પટેલ-કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ તરીકે કામગીરી કરી છે.

આમ, પાટીદારો તેમના ધંધા - વેપારમાં લગાવેલી કુનેહ, દીર્ઘદૃષ્ટિ અને છેવટ સુધી હાર ન માનવાની તમામ યુક્તિઓ રાજકારણમાં લગાવીને પોતાનું કદ વધારતા જ રહ્યા છે. આથી જ ગુજરાત વિધાનસભામાં ૧૮૨ સભ્યોમાંથી ૫૨ સભ્યો (૨૮ ટકા) પાટીદારો છે.

ગુજરાતની રાજનીતિમાં પાટીદારોના મતો મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**સંખ્યાકીય બહુમતી :**

ડૉ. એમ. એન. શ્રીનિવાસના જણાવ્યા મુજબ, સંખ્યાકીય બહુમતી એ પ્રભાવી જ્ઞાતિનું લક્ષણ છે. આ અંગે પાટીદારોની સંખ્યા જોઈએ તો કડવા પાટીદાર, લેઉઆ પાટીદાર અને આંજણા પાટીદારો સમગ્ર ગુજરાતમાં પથરાયેલા છે. સંખ્યાની દૃષ્ટિએ બહુમતી ન ધરાવતા સમૂહો પ્રભાવી જ્ઞાતિ બની શકે નહીં તેવું સર્વાંશે સ્વીકૃત નથી. રજની કોઠારીના મતે 'પરંપરાગત માળખામાં સ્વીકૃત ન હોય તેવી જ્ઞાતિ માત્ર સંખ્યાકીય બહુમતીથી પ્રભાવી બની શકતી નથી. ગુજરાતના સંદર્ભમાં કહી શકાય કે પાટીદારોએ સંખ્યાબળ તેમજ સંસ્કૃતિકરણ દ્વારા પોતાનો પ્રભાવ પાડ્યો છે.

**સામાજિક કોટિક્રમ :**

સામાન્ય રીતે જ્ઞાતિ આધારિત સ્તરરચનામાં સામાજિક કોટિક્રમમાં બ્રાહ્મણોનું સ્થાન સર્વોચ્ચ હોય છે અને શૂદ્રો - દલિતોનું સ્થાન નિમ્ન હોય છે. આ સંદર્ભમાં પાટીદારો ઉચ્ચ સામાજિક કોટિક્રમમાં નથી આવતા પરંતુ એમણે સંસ્કૃતિકરણની પ્રક્રિયા દ્વારા પોતાનો દરજ્જો અને જીવનશૈલી બદલવાની કોશિશ જરૂર કરી છે. ગુજરાતમાં પાટીદારોએ ધર્મ, અર્થ અને શિક્ષણ દ્વારા સમાજના કોટિક્રમમાં પોતાનો દરજ્જો બદલવાનો પ્રયત્ન કર્યો છે.

ગુજરાતનાં ધાર્મિક કાર્યો કરવા માટે દાતાઓની યાદીમાં સંખ્યાત્મક રીતે તેમજ અવ્વલ રીતે પાટીદારો અગ્રેસર જોવા મળે. મંદિરો, ગુરુકુળ, ધર્મશાળાઓ, આશ્રમોમાં તેમનો ફાળો મોટો હોય. ભક્તોને સાધન સગવડ મળી રહે તે પ્રકારની વ્યવસ્થા માટે-સમાજના સામાન્ય વર્ગને પ્રાથમિક સુવિધા મળી રહે તે માટે ઉદાર દિલે આર્થિક સહયોગ આપવામાં પાછી પાની ન કરીને સમાજ પ્રત્યેનું દાયિત્વ નિભાવવામાં પાટીદારો હંમેશાં કૃતનિશ્ચયી જોવા મળે.

સ્વામિનારાયણ સંપ્રદાયના પાયામાં જ પાટીદારની ઈંટ મૂકાયેલી છે. આદ્ય સ્થાપકો પૈકીના પ.પૂ.પ્રમુખસ્વામી પોતે પાટીદાર છે. આ સંપ્રદાયના પ્રચાર પ્રસારમાં પાટીદારોના દાનની રકમ ગણનાપાત્ર છે. ગુજરાતમાં ૧૦૦ જેટલા સ્વામિનારાયણ ગુરુકુળમાં મોટાભાગના સંતો પાટીદારો છે. આ ગુરુકુળ પાટીદારોના અનુદાનથી ચાલે છે. સારા આચાર-વિચારના આચરણ પ્રત્યે ઝોક આપી, આ સંપ્રદાય વ્યક્તિ દ્વારા સમાજના ગુણાત્મક પાસાને વેગ આપવાનું સુંદર કાર્ય કરે છે.

લેઉઆ, કડવા, આંજણા પાટીદારોના આ ત્રણ ફાંટા ખરા, પરંતુ ધર્મનો સાથ લઈ શૈક્ષણિક, સામાજિક, ગ્રામ્ય ક્ષેત્રે વિકાસ સાધવામાં કદી પાછા પડતા નથી. ઊંઝામાં યોજાયેલો ઉમિયા મહોત્સવ તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા પાટીદારો સ્થાનિક કક્ષાથી આંતરરાષ્ટ્રીય કક્ષાએ બાળકોના, યુવાનોના, વડીલોના વ્યક્તિત્વ ઘડતરમાં અનન્ય ફાળો આપી, સમાજ પ્રત્યેનું ઋણ અદા કરે છે.

**આધુનિક શિક્ષણ :**

શ્રીનિવાસે પ્રભાવી જ્ઞાતિના ખ્યાલમાં આ લક્ષણ પાછળથી ઉમેર્યું છે. આ વિધાન પરિવર્તન પામતી પરિસ્થિતિમાં વધુ યોગ્ય ગણાવી શકાય. ગુજરાતમાં પાટીદાર સમૂહોએ પરંપરાગત અને આધુનિક શિક્ષણ માટે સક્રિય પ્રયત્નો આદર્યા. પોતાની શાળાઓ, છાત્રાલયો, શિષ્યવૃત્તિ, એસ.ઈ.બી.સી.માં કેટલાક સમૂહોનું સભ્યપદ, કૉલેજો અને યુનિવર્સિટીની સ્થાપના વગેરે દ્વારા આધુનિક શિક્ષણને પ્રોત્સાહન આપ્યું. વળી અગણિત સંખ્યામાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, યુ.કે., ન્યુઝીલેન્ડ કે વિશ્વના કોઈ પણ ખૂણે તેઓ શિક્ષણ અર્થે સ્થળાંતરિત થયા છે.

ગુજરાતના શૈક્ષણિક વિકાસમાં પાટીદારોનું આગવું યોગદાન જોવા મળે છે. ગુજરાતના ખૂણે-ખૂણે મોટાભાગની શિક્ષણ સંસ્થાઓ પાટીદાર દાતાઓ પર ઊભી છે. જાણીતા કેળવણીકાર તથા પુસ્તકાલય

પ્રવૃત્તિના જનક મોતીભાઈ અમીને (વસો, જિ. ખેડા) ગુજરાતમાં ૧૯૧૬માં ચરોતર એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી. કેળવણીક્ષેત્રનાં એ બીજ આજે વટવૃક્ષ બન્યાં છે. ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબને પગલે 'થિંક ગ્લોબલી, એક્ટ લોકલી'ની વિચારધારાને અમલમાં મુકનાર ડૉ. સી.એલ.પટેલે વલ્લભ વિદ્યાનગરમાં ચારુતર વિદ્યામંડળનું સુપેરે સંચાલન કરીને ગુજરાતના શિક્ષણક્ષેત્રમાં બહુ મહત્ત્વનું પ્રદાન આપ્યું છે. કન્યા કેળવણી ક્ષેત્રે પાટીદારોનાં કાર્યોને ન બિરદાવીએ તો નગુણા કહેવાઈએ.

પાટીદારોએ પોતે પણ ઉચ્ચ શિક્ષણ મેળવીને ધંધા-ઉદ્યોગની સાથે ડૉક્ટરો, ઈજનેરો, વકીલો જેવા વ્યવસાયિક સ્થાનો પ્રાપ્ત કર્યા છે. એ દૃષ્ટિએ નિષ્ણાત તરીકેની ભૂમિકા ભજવી, સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ પણ નિભાવે છે.

**આધુનિક વ્યવસાય :**

ડૉ. એમ. એન. શ્રીનિવાસે ૧૯૫૯માં પ્રભાવી જ્ઞાતિનું આ લક્ષણ ઉમેર્યું. ત્યારબાદ ૧૯૬૬માં એમાં વધુ સ્પષ્ટતા કરી કે વહીવટમાં, નોકરીમાં એ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પાટીદારોમાં જ્યારે શિક્ષણ નહિવત્ હતું ત્યારે તેઓ આધુનિક વ્યવસાય સાથે સંકળાયેલા ન હતા. પરંતુ જેઓએ ઉચ્ચશિક્ષણ લીધું છે તેવા પાટીદારો આજે ડૉક્ટર, એન્જિનિયર, પ્રોફેસર, વકીલ, આઇ.ટી. પ્રોફેશનલ્સ વગેરે ક્ષેત્રમાં છે. ખાસ કરીને નવી યુવાપેઢી નોકરી કે ઉચ્ચત્તમ વ્યવસાય તરફ વધુ લગાવ ધરાવે છે. પાટીદારોની નવી પેઢી આઈ.એ.એસ. અધિકારી બની, વહીવટી ક્ષેત્રે પણ સત્તા જમાવે એવા સક્રિય પ્રયત્નો થઇ રહ્યા છે.

**સામાજિક સામર્થ્ય :**

પ્રભાવી જ્ઞાતિ પોતાના સંખ્યા બળ, આર્થિક બળ, અને શારીરિક તાકાતથી બીજા પર સામર્થ્ય પ્રાપ્ત કરી શકે છે. ગુજરાતના પાટીદારો લડાયક કે ઝઘડાળુ નથી પરંતુ અન્ય લોકો પર સાંખ્યકીય બળ દ્વારા વર્ચસ્વ ઊભું કરે છે. જેનાથી એમના પરના આશ્રિતોની સંખ્યા વધે છે. સામાજિક સામર્થ્ય બળ દ્વારા જ આવે એવું નથી પરંતુ આ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. અને બીજા શબ્દોમાં કહીએ તો સમાજસુધારણાની પ્રવૃત્તિ દ્વારા તેઓ પોતાનું સામર્થ્ય જાળવે છે.

ગુજરાતમાં પાટીદારોની સંખ્યા ઘણી છે. પરંતુ તેઓ ગામ, ગોળ, ધર્મ, સંપ્રદાય થકી વહેંચાયેલા છે. જોકે પાટીદારો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી જૂના વડાઓ, અંધશ્રદ્ધાઓ, રિવાજ તોડવામાં સફળ થયા છે. બાંધ્યા વિવાહના રિવાજની નાબૂદી તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. કૌટુંબિક ઐક્યની ભાવના અને તેના અમલને પરિણામે સમાજની પ્રગતિને પણ વેગ મળ્યો છે. સમૂહલગ્નના પ્રસંગો, તેના આયોજન તથા સમાજના સાતત્યને જાળવવાના પ્રયત્નના ભાગરૂપે આવા પ્રસંગોએ 'સ્ત્રી-ભ્રૂણહત્યા કદી નહીં' જેવા સંકલ્પો કરવા માટેના આહ્વાન જેવી ઘટનાઓ બદીઓથી મુક્ત સામાજિક વાતાવરણ ઘડવામાં મહત્ત્વની બની રહે છે. ગ્રામીણ સમાજ સાથે જોડાયેલ પટેલ સમાજ પોતાના માદરે વતનને ક્યારેય ભૂલ્યો નથી, ઊલટાનું તેના વિકાસમાં ફાળો આપવામાં કોઇ ગણતરી પણ રાખતા જોવા મળતા નથી. કદાચ એટલે જ અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતનાં ગામડાં સમૃદ્ધ જોવા મળે છે.

**સહકારી ક્ષેત્રે :**

એશિયામાં સહકારી બેંકના પાયા નાંખવાનું ગૌરવ ગુજરાતના ફાળે જાય છે. વર્તમાન સમયમાં સમગ્ર ગુજરાતમાં સ્થાપિત સહકારી બેંકો પૈકી મોટાભાગની બેંકોના ચૅરમેન-વાઇસ ચૅરમેન પદે પાટીદારો !

નાગરિક સહકારી બેન્કસ ફેડરેશનના પ્રથમ પ્રમુખ વિઠ્ઠલભાઇ પી. અમીન હતા. આજ સુધીમાં ફેડરેશનના છ માંથી પાંચ ચેરમેન પાટીદારો.

સહકારી ડેરીનો વિચાર આપનાર સરદાર વલ્લભભાઇ પટેલ. સૌરાષ્ટ્રના લોધિકાના વલ્લભભાઇ પો. પટેલે સહકારી મંડળી ક્ષેત્રે કરેલી પ્રગતિથી ભલભલા દંગ રહી ગયેલા.

સરદાર વલ્લભભાઇ પટેલના સહકારી પ્રવૃત્તિની બીજરૂપ વિચારધારાને ખેડામાં અંકુરિત કરી, ખેડા જિલ્લામાં દૂધ ઉત્પાદક સહકારી સંઘની સ્થાપના કરી તેના પ્રમુખપદે હતા ત્રિભુવનદાસ પટેલ. તેમની સહાયથી ડૉ. વર્ગીસ કુરિયને સહકારી ક્ષેત્રે શ્વેત ક્રાંતિ સર્જી ગુજરાતનો ડંકો વિશ્વફલક પર વગાડ્યો. વર્તમાન સમયમાં ડેરીનો વિકાસ અને યોજના માટે સ્થાપેલ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, આણંદના ચેરમેનપદે ડૉ. અમૃતા પટેલ છે. સુરતના દૂધ ઉત્પાદક સંઘના પ્રથમ

અધ્યક્ષ-આશાભાઈ પટેલ, ઉપાધ્યક્ષ-જગજીવનદાસ પટેલ; વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના સંચાલક શ્રી ઠાકોરભાઈ પટેલ; મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ(દૂધસાગર)ના આદ્યસ્થાપક માનસિંહભાઈ પૃથ્વીરાજ પટેલ; તેમના પુત્ર વિપુલ માનસિંહભાઈ ચૌધરી અત્યારે દૂધસાગરના અધ્યક્ષ જ નહીં, ગુજરાત સ્ટેટ કો-ઓપ. મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના પણ ચેરમેન છે. બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ(બનાસ ડેરી)ના આગેવાન ગબલાભાઈ માવજીભાઈ પટેલ; સાબરકાંઠા જિલ્લાના સહકારી દૂધ ઉત્પાદક સંઘ(સાબર ડેરી)ના આગેવાન ભુરાભાઈ પટેલ. માહિતી મુજબ રાજ્યના ૧૩ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોમાંથી ૯ સંઘોમાં પાટીદાર કાર્યરત છે.

સ્વતંત્ર ગુજરાતમાં ખેડૂતોને લાંબી મુદતના ધિરાણ મળે તે આશયથી સ્થપાયેલ ગુજરાત કૉ. ઑ. બેંકના પ્રથમ ચૅરમેન હતા મગનભાઈ રણછોડભાઈ પટેલ.

ખેડૂતો માટેની મહત્ત્વની સંસ્થા ગુજકોમાસોલ (ગુજરાત કૉ. ઑપરેટિવ માર્કેટિંગ સોસાયટી લિમિટેડ)ના પ્રથમ પ્રમુખપદે શ્રી ત્રિભુવનદાસ પટેલ હતા. સતત ૧૩ વર્ષ તેમણે આ સંસ્થામાં ચૅરમેન તરીકે જવાબદારી નિભાવેલી. હાલમાં નટવરલાલ પીતાંબરદાસ પટેલ ચૅરમેન તરીકે ભૂમિકા ભજવે છે.

ગુજરાત ખાંડ સહકારી મંડળીઓ હોય કે ગુજરાત સ્ટેટ કૉ. ઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશનમાં પાટીદારોનો દબદબો અચૂક જોવા મળે.

ધ કાલુપુર કૉ. બેંકના આદ્યસ્થાપક હતા બળદેવભાઈ પટેલ. તેમણે જીવન પર્યંત બેંકનું ચૅરમેનપદ નિભાવ્યું.

ગુજરાત કૉ. ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જીસીએમએમએફ)ના ચેરમેન તરીકે પરથીભાઈ ભટોળે ડૉ. કુરિયનની નિવૃત્તિ બાદ 'અમૂલ'નાં કાર્યો નિષ્ઠાપૂર્વક કર્યાં. દિવસના ૪૦,૦૦૦ લિટરનું ઉત્પાદન કરતી બનાસ ડેરી ૧૫ લાખ લિટરનું ઉત્પાદન કરી શકી, તેમાં તેમની કુનેહે જ મહત્ત્વની ભૂમિકા ભજવેલી. બનાસ ડેરી તથા દૂધસાગર ડેરીના સંસ્થાપક ચેરમેનથી લઈને વર્તમાન ચેરમેન સુધીના તમામ આંજણા પટેલ રહ્યા છે.

સહકારીક્ષેત્રે આત્મારામ પટેલ, રમણિકભાઈ ધામી, ઘનશ્યામભાઈ અમીન, મોતીભાઈ ચૌધરી, જયરામભાઈ પટેલ વગેરે ખમતીધર પાટીદારોનો ઉલ્લેખ આદરથી લેવાય છે.

૨૦૦૫માં સહકારી શતાબ્દી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ૨૭ જેટલા સહકારી મહાનુભાવોને બિરદાવવામાં આવ્યા તેમાં ૧૪ તો પાટીદારો હતા !

ટૂંકમાં, પાટીદારોએ સમાજજીવનના વિવિધ ક્ષેત્રોમાં પ્રદાન આપીને ગુજરાતની પ્રગતિમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

## III

**વિદેશોમાં પાટીદાર :**

પરદેશમાં પગ મૂકો, ફોનની ડિરેક્ટરીમાં 'પી' તરફ નજર કરો તો ભાગ્યે જ કદાચ એવો દેશ હશે કે જેની ડિરેક્ટરીમાં 'પટેલ' જોવા ન મળે. એટલું જ નહીં મૂંઝવણમાં કોઈ પટેલને ફોન કરો તો તરત મૂંઝવણમાંથી મુક્ત કરવામાં પૂરતો સહકાર આપવા પણ તત્પર. તનતોડ મહેનતુ એવા પાટીદારોએ પરદેશમાં પોતાનું સ્થાન ખાસ્સું જમાવ્યું છે. આ ગુજરાતી પાટીદારોથી તો હવે વિદેશી સરકારો પણ હચમચી ગઈ છે એટલે જ કદાચ 'વીઝા'માં 'પટેલ' અટક જોઈને ભડકી ઊઠે છે.

પાટીદારો પરોપકારી અને પરિશ્રમી તો છે જ સાથે સાથે પરાક્રમી પણ છે. આંધળું સાહસ ખેડવાની તેમનામાં ઈચ્છા અને હિંમત બંને જોવા મળે છે. આથી જ કેટલાક ટિખળ કરતાં કહે છે કે, વિના વિઝાએ અમેરિકા જનાર કોલંબસ અને વિના વિઝાએ લંકામાં પ્રવેશનાર હનુમાનજી પટેલ જ હોવા જોઈએ !

વિદેશોમાં વસતા પાટીદારોએ પરદેશી ભૂમિ પર 'ગુજરાતી' હોવાનું ગૌરવ જાળવ્યું છે. વિવિધ ચલણોમાં આજીવિકા રળતા આ પાટીદારો પોતાની માતૃભૂમિ ગુજરાતને વિસર્યા નથી. પોતાના માદરે વતનના સર્વાંગી વિકાસ માટે હંમેશાં કટિબદ્ધ રહે છે અને કદાચ એટલે જ ગુજરાતના કોઈ પણ ગામમાં જાવ, ગામના પાટીદારના નામની તખ્તી કોઈ શાળા, પાણીની ટાંકી, વાચનાલય, બાલમંદિર કે અન્ય કોઈ સંસ્થામાં ન હોય તેવું જોવા ન મળે.

બહુસંખ્યક સ્થળાંતરિત ગુજરાતી પાટીદારોને લીધે તો વિઝા ઑફિસોમાં ગુજરાતીમાં સૂચનો મૂકવાં પડે છે !

પરદેશમાં મોટાભાગની 'મૉટેલો' પાટીદારો દ્વારા સંચાલિત છે. પરદેશની સફર કરતા ગુજરાતીઓને 'મૉટેલ'થી પરદેશી ભૂમિ પર આત્મીયતાની અનુભૂતિ થાય છે.

## IV

**તારણો :-**

આ અભ્યાસ લેખને આધારે કહી શકાય કે સ્વતંત્ર ગુજરાતનાં સમાજજીવનના વિવિધ ક્ષેત્રના વિકાસમાં પાટીદારોની ભૂમિકા મહત્ત્વની રહી છે.

- જમીન માલિકી જ્ઞાતિનો પ્રભાવ ઊભો કરે છે. પાટીદારોએ જમીન, ખેડૂતમાંથી માલિકી અને વેપારી વહીવટી ક્ષેત્રે પોતાનું વર્ચસ્વ વધાર્યું છે.
- પ્રભાવી જ્ઞાતિ તરીકે પાટીદારોમાં સંગઠન મજબૂત છે. આ માત્ર એક ગામ પૂરતુ નહીં પણ પ્રાદેશિક કક્ષાની માંડી આંતરરાષ્ટ્રીય કક્ષાએ જોવા મળે છે. 'પી ફોર પી' માંથી સમગ્ર પટેલિઝમ શબ્દ આવ્યો છે જે એમનું પ્રભાવીપણું સૂચવે છે.
- સામાજિક, આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક અને સહકારી તથા રાજકીય ક્ષેત્રે ગુજરાતના પાટીદારોનું આગવું પ્રદાન છે અને ધીમે ધીમે એ વર્ચસ્વ વધતું જાય છે.
- પાટીદારોમાં કડવા, લેઉઆ અને આંજણાનો સમાવેશ થાય છે. કેટલીક બાબતોમાં આ ત્રણેય સમૂહમાં ભિન્નતા જોવા મળે છે પરંતુ ગુજરાતની પ્રગતિમાં એમનો સહયોગ નોંધનીય છે.
- પાટીદારોમાં અદ્યતન શિક્ષણ અને અદ્યતન વ્યવસાય તરફનું વલણ વધતું જાય છે.
- પોતાનું ગામ, શહેર અને વિદેશ સાથેના તેમના આર્થિક અને સામાજિક સબંધો ખૂબ જ ગહન છે.

**કેટલીક મર્યાદા :**

પ્રભાવી જ્ઞાતિમાં બધા લક્ષણોનો સમન્વય એની અગ્રતાક્રમ અને પ્રભાવકમાં વધારો કરે છે. સમાજના કોટિક્રમમાં પાટીદારો સર્વોચ્ચ નથી, આર્થિક સદ્ધરતામાં નંબર વન નથી એટલે ગુજરાતમાં સર્વાંશે પ્રભાવી તરીકે એને સ્વીકૃતિ મળી નથી એનાં કેટલાક પાસાં નીચે મુજબ છે.

- આ જ્ઞાતિસમૂહની જીવનશૈલી અને ભાષા પ્રભાવક નથી.
- બધાજ રીતરિવાજો અનુકરણીય નથી.
- બીજા જ્ઞાતિસમૂહો સાથે જેમ કે ઠાકોરો સામે સતત ઝઝૂમવું પડે છે. સંસ્કૃતિકરણની પ્રક્રિયા દ્વારા શક્તિશાળી બનવાની કોશિશ કરી રહ્યા છે.
- પાટીદારોનાં પ્રભાવી તત્ત્વ તરીકે એકતાનો ખ્યાલ એમના પેટા સમૂહોમાં સર્વાંશે સ્વીકૃત નથી જેમ કે કડવા, લેઉઆ અને આંજણા વચ્ચે આજે પણ રોટી-બેટીનો વ્યવહાર સર્વાંશે સ્વીકૃત નથી.

અંતે એટલું જ કે, પાટીદારોનું મૂલ્યાંકન ગુજરાતની પ્રગતિ અને વિકાસના સંદર્ભમાં કરીએ તો ઘણું જ નોંધપાત્ર છે. ગુજરાતની પ્રગતિમાં ૫૦ વર્ષ સુધી તેઓ હિસ્સેદાર રહ્યા છે અને આગળ પણ એમના પ્રદાન દ્વારા ગુજરાતની પ્રગતિને વેગ મળતો રહેશે તો ગુજરાત ભારતના વિકાસનું અગ્રિમ વાહક બની રહેશે.

**Bibilography : -**


1. Bailey, F.G., 1958, Caste and Economics Frontier, Mancheter University Press, Manchester, p.197.
2. Beteille, Andre, 1966, Caste, Class and Power, Oxford University Press, Bombey, p.144.
3. Dube, S.C., 1968, "Caste Dominance and factionalism", Contribution to Indian Sociology, New Series : 1968 Dec., p.59-60.
4. Dumont & Pocock, 1957, "Villege India", Contributions to Indian Sociology, 1957:1,p.27.
5. Hirway Indira and Mahadeya Darshini (2004) Gujarat human Development Report, Mahatma Gandhi Labour Institute, Ahmedabad.
6. Parmar Y.A.1987,The Mahyavanshi, Mittal Publication,Delhi.
7. Srinivas, M.N., 1955,"The Social System of Mysor Village", McKim Marriott (Ed.) Villege India, Chicago, p.1-35.

8 Srinivas, M.N., 1959, "The Dominant Caste in Rampura", American Anthropologists, 61(1).p.1-16.

9. Srinivas, M.N., 1959, The Dominant Caste in Rampura", American Anthropologists, 61 (1).p.1-16.
10. Srinivas, M.N., 1966, Social Change in Modern India, OrIANT LONGMAN LTD. NEW DELHI,P.10.
11. જાની ગૌરાંગ (૨૦૦૮) ગુજરાતી સમાજ અને ગુણાત્મક પરિવર્તન - ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદ - સોળમું અધિવેશન, વસો (તા. નડિયાદ, જિ. ખેડા)

૧૨. શાહ એ.એમ. અને દેસાઇ આઇ.પી. (૧૯૯૩), વિભાજન અને ઊંચનીચ ક્રમ : ગુજરાતમાં જ્ઞાતિપ્રથાનું વિહંગાવલોકન, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત.

૧૩. ધ્રુવ શૈલજા (૨૦૧૦), ગુજરાતની પ્રગતિમાં પાટીદારોનું પ્રદાન - આરસી મેગેઝીન - અંક-૫, વર્ષ-૫ એસ.એલ.યુ.કૉલેજ ફોર વિમેન - અમદાવાદ



(એસોસિએટ પ્રોફેસર, અધ્યક્ષ: સમાજશાસ્ત્ર વિભાગ, એસ.એલ.યુ.આર્ટ્સ એન્ડ એચ.એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ-૩૮૦ ૦૦૬. મો. ૯૪૨૮૩૬૦૪૬૫)

## સત્યાન્વેષી પત્રકારત્વનાં સ્વનિરીક્ષણો

### હરિ દેસાઇ

**(ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાંથી નામાંકિત સમાજશાસ્ત્રી ડૉ.ગૌરાંગ જાનીના માર્ગદર્શનમાં 'વીસમી સદીના અંતે ગુજરાતી સાહિત્યમાં નગરજીવન' પર પીએચ.ડી.ની પદવી મેળવનાર વરિષ્ઠ પત્રકાર-સંશોધકનાં સ્વનિરીક્ષણો તેમના મહાનિબંધમાંથી અત્રે પ્રસ્તુત છે.)**

ગ્રામીણ ક્ષેત્રના પ્રમાણમાં શિક્ષિત ખેડૂત પરિવારમાં વીતેલા બાળપણમાં દલિત-દલિતેતર અને હિંદુ-મુસ્લિમ સંબંધોને જોવાની સત્યાન્વેષી દૃષ્ટિ મળી. બાલ્યાવસ્થામાં પ્રાથમિક શિક્ષણ આપનાર શિક્ષક રહીમભાઈ મનસૂરી સાહેબ મુસ્લિમ હોવાનું ભાગ્યે જ અનુભવાયું છે. શાળાજીવન દરમિયાનના શિક્ષકોમાં હાઈસ્કૂલના પાંચમા ધોરણમાં બીજા કાદરભાઈ મનસૂરી સાહેબ ઉપરાંત સમગ્ર શાળાજીવનમાં દલિત પરિવારના તેજસ્વી શિક્ષક શ્રી નટુભાઇ પરમારે મને વકતૃત્વસ્પર્ધા અને નિબંધસ્પર્ધા માટે તૈયાર કરવામાં ખૂબ જ પરિશ્રમ લીધો. એમની સાથે ખૂબ જ આદર અને નિકટતાનો ભાવ અનુભવાતો રહ્યો. પ્રાથમિક શાળામાંથી ઘરે જતાં (ફાર્મ હાઉસ પર) રૂઢિવાદી દાદા ઘરમાં પ્રવેશતાં પહેલાં છાંટ નાંખીને શુદ્ધિ કરતા એ ગમતું નહોતું પણ એ વિધિવત્ કરતા હતા. પિતાજી થોડા વધુ પ્રગતિશીલ લાગ્યા કારણ અમારા 'ઘરાક'(ચમાર)નો તેજસ્વી દીકરો અને મારો સહાધ્યાયી શ્રી ઈશ્વર ધૂળાભાઇ પરમાર (હવેનો બેંક અધિકારી ઈશ્વર સાગર) ઘરે આવતો ત્યારે એને ખાટલા પર બેસવાનું કહેતા. એનાં માતા શ્રીમતી ધૂળીમાને દાદીમા વાડમાં રખાતા ચપણિયાને ઊંચા હાથે પાણીથી ધોવડાવીને, તેમાં ચા રેડી આપવાની સાથે, એમના પરિવારના ખબરઅંતર પૂછતાં ત્યારે આભડછેટ કરતાં બંનેમાં સહજ પારિવારિક ભાવ જોવા મળતા. 'આવું કાં?' એવો પ્રશ્ન જરૂર થતો પણ સામાજિક વ્યવહારના વિધિવત્ પ્રવાહમાં એ વેળા કોઇ ઉત્તરો મેળવાતા નહોતા.

એ દિવસોમાં ગામમાં બે તાજિયા નીકળતા. ખેરાળુના દેસાઇવાડા પર રોકાણ કરતા બંને તાજિયાની નીચેથી શ્રદ્ધાપૂર્વક પસાર થવામાં ક્યારેય એ મુસ્લિમોના તહેવારનો ભાગ છે એ અનુભવાતું નહોતું. હા, એટલું ચોક્કસ કે ગામના બહેલિમવાડામાં શસ્ત્રો છુપાવાતાં હોવા વિશે અને ક્યારેક કોમી છમકલાં થતાં હોવા વિશે અફવાઓનું બજાર ગરમ રહેતું અને એ વિસ્તારમાં જવામાં 'જોખમ' અનુભવાતું. જો કે શાળાજીવન દરમિયાન ક્યારેક વર્ગશિક્ષક શ્રી શુક્લ સાહેબની રજાના દિવસે શ્રી બહેલિમ સાહેબની માચીસમાં વીંછી ભરીને એમની ટિખળ કરવાનો વિદ્યાર્થી સહજ આનંદ મેળવતાં કોઇ બ્રાહ્મણ શિક્ષક કે મુસ્લિમ શિક્ષકના ભેદ અનુભવાયા નહોતા. શાળાજીવન દરમિયાન હનુમાન મંદિર પાસે બાળસ્વયંસેવકની શાખા(આર.એસ.એસ.ની) શ્રી હીરાલાલ ખમાર નામના વિજ્ઞાનના શિક્ષક લેતા ત્યારે રમવા કે સમૂહભોજનમાં જવાનું ગમતું, પણ મુસ્લિમ વિરોધી ભાવ ક્યારેય જાગ્યો નથી. શાળાજીવન દરમિયાન ૧૯૬૯માં કોમી રમખાણોના દિવસોમાં જ કાકાશ્રી કેશુભાઇ નાથુભાઇ દેસાઇ વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં મેડિકલમાં ભણતા હતા ત્યારે રજાઓમાં ત્યાં જવાનું થયેલું ત્યારે બે મુસ્લિમ ધર્મસ્થાનોને જમીનદોસ્ત કરીને શોપિંગ સેન્ટરમાં ફેરવી દેવાયાની ઘટનાએ કાંઈક ખરાબ ભાવની અનુભૂતિ કરાવી હતી. એ વેળા હોસ્ટેલના મિત્ર અને ઈજનેરીનો અભ્યાસ કરનાર રાજકોટના શ્રી ઈનુસ કડવાભાઇ લાખવાને 'આર.એસ.એસ.વાળા મારી નાંખશે'નો ડર સતાવતો હતો ત્યારે 'અમે જીવતા છીએ ત્યાં લગી તમે ચિંતા ના કરો' એવાં આશ્વાસન આપવાનું ગમતું.

શાળાજીવનના અંતે વિસનગર કેન્દ્રમાંથી એસ.એસ.સી.ની પરીક્ષા આપતાં પહેલાં પરીક્ષાની તૈયારી માટે જ્ઞાતિની-આંજણા પટેલ ચૌધરી સમાજની-આદર્શ હાઇસ્કૂલની હોસ્ટેલના રૂમ નંબર-૧માં રહેવાનું થયું, પણ જ્ઞાતિ કે ધર્મની કટ્ટરવાદિતા ક્યારેય કેળવાઇ નહોતી. વિજ્ઞાનના વિષયો સાથે વિસનગર કેન્દ્રમાં પ્રથમ ક્રમે આવીને અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ભણવા જવાનું થયું ત્યારે ગ્રામીણ વિરુદ્ધ શહેરીની દ્વિધા જરૂર અનુભવાઇ. એ જ દિવસોમાં ૧૯૭૩-'૭૪નું નવનિર્માણ આંદોલન થયું ત્યારે એની ઝાઝી સમજણને બદલે વિદ્યાર્થીસહજ કૂતુહલવૃત્તિથી પ્રેરાઇને તેમાં સહભાગી થવાનું નિમિત્ત મળ્યું. એલ.ડી. એન્જિનિયરિંગમાં લાઇનઅપ કરીને પોલીસની લાઠીથી ઝૂડી નાખવામાં આવતાં સાહજિકપણે નવનિર્માણ માટે લાગણીનો સેતુ બંધાયો. એકમેવ નેતા શ્રી મનીષી જાની માટે અહોભાવ જળવાયો. બીજા નેતા શ્રી ઉમાકાંત માંકડે યુનિવર્સિટીના દરવાજે શેરડીના સંચાની બાજુમાં ઊભા રહીને સંબોધન કરતાં 'હું વેચાઇ ગયાનું તમને લાગે તો આ કોલ્હુમાં મને પીસી નાંખજો' જેવી અપીલ કરતા આજેય નજર સામે તગે છે. જો કે નવનિર્માણ આંદોલનના મનીષી સિવાયના બાકીના નેતાઓના તત્કાલીન સત્તારૂઢ કોંગ્રેસમાં જોડાવાના ઘટનાક્રમે કોંગ્રેસ માટે સારી લાગણી પેદા નહોતી કરી.

એ પછીના ઇમર્જન્સી (૧૯૭૫-'૭૭)ના દિવસોમાં ઝેવિયર્સમાં અમારા અર્થશાસ્ત્ર વિભાગના વડા પ્રા. બબાભાઇ એસ. પટેલને ૧૯ મહિના વડોદરાની સેન્ટ્રલ જેલમાં મિસામાં રખાયા ત્યારે સ્વાભાવિક રીતે તત્કાલીન વડાં પ્રધાન ઇંદિરા ગાંધી અને કોંગ્રેસ માટેનો દુર્ભાવ પેદા થયો. સેન્ટ ઝેવિયર્સ કોલેજનાં વર્ષોમાં ખ્રિસ્તી પાદરી શિક્ષક ફાધર વાલેસની નિકટ હોસ્ટેલમાં રહેવાનું થયું તથા કોલેજમાં ઉજવાતા વિવિધ સર્વધર્મી તહેવારોમાં સહભાગી થવાનું મળ્યું. એની દીર્ઘકાલીન અસરો રહી. ઇમર્જન્સી દરમિયાન સંઘના મુખપત્ર 'સાધના'ના ખમાસા ગેટના ભંડકિયામાં જઇને લાગણીથી પ્રેરાઇને કામ કરવું ગમ્યું. તંત્રીશ્રી વિષ્ણુ પંડયાની મિસામાં ધરપકડ થતાં એમના યુવાસાથી શ્રી તરુણ દત્તાણી સાથે નાનું-મોટું કામ કરવાની વૃત્તિ-પ્રવૃત્તિએ પત્રકારત્વમાં પ્રવેશવાની પ્રેરણા બક્ષી. સ્નાતક થયા પછી મુંબઇ યુનિવર્સિટીમાં અનુસ્નાતક અભ્યાસક્રમ માટે જવાનું થયું ત્યારે સ્વાભાવિક જ સંઘ પરિવારના મિત્રો સાથેનો અનુબંધ જળવાતાં 'સાધના' માટે શ્રી નાનાજી દેશમુખ(એ વેળાની જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રી અને સંઘના વરિષ્ઠ પ્રચારક)ની મુલાકાત લેવાના કે અભ્યાસને ભોગે પત્રકારત્વમાં 'ગરી જવાના' વલણે પત્રકારત્વને વ્યવસાય તરીકે સ્વીકારવી લીધો. જોકે સંઘ પરિવાર સાથેના સંબંધ અને 'વ્યાપાર'ના પત્રકાર શ્રી કનુ મહેતાના અંગુલિનિર્દેશથી 'હિંદુસ્થાન સમાચાર' રાષ્ટ્રીય સમાચાર સંસ્થાના હિંદી વિભાગ સાથે જોડાવાનું થયું.

એ જ દિવસોમાં રાયબરેલીમાં હારેલાં ઇંદિરા ગાંધીને ચિકમંગલૂરમાંથી ચૂંટણી લડવા જતાં સાંતાક્રુઝ એરપોર્ટના વીઆઇપી લોન્જમાં પીટીઆઇવાળા લક્ષ્મણ અને યુએનઆઇવાળા એક સાથી સાથે વન-ટુ-વન મળવાનું થયું ત્યારે અનુભવાયું કે ઇંદિરા ગાંધી માટે દ્રોહ કે દ્વેષભાવ ઠીક નહીં. જો કે કાયમ તટસ્થભાવે સત્યાન્વેષી રહેવાનું અંગત વલણ મારા પત્રકારત્વના આગળના ઘડતરમાં ખૂબ ઉપયોગી થયું. દ્વેષયુક્ત કે એકપક્ષી લખાણોને બદલે સત્યઆધારિત લખાણો અને 'ફ્રોમ હોર્સીસ માઉથ' માહિતી મેળવવાના ધખારાની પ્રેરણા પ્રારંભિક દિવસોમાં મુંબઇમાં 'સંદેશ'ના બ્યૂરો ચીફ એવા શ્રી સુધીર માંકડ કનેથી મળતી રહી.

પત્રકારત્વમાં પ્રારંભિક વર્ષોમાં જ મિસામાંથી છૂટીને આવેલા પત્રકારશિરોમણિ શ્રી કુલદીપ નાયર તથા પત્રકારમાંથી પ્રધાન બનેલા શ્રી રામમનોહર ત્રિપાઠી સાથે દક્ષિણ મુંબઇની ફૂટપાથો પર સિંગચણા ખાતાં લોંગવૉક અને ચર્ચાએ મારું ઘડતર કર્યું. રાજનેતાઓમાં મુખ્યમંત્રી રહેલા સહકારમહર્ષિ શ્રી વસંતદાદા પાટીલ જેવા વ્યક્તિત્વમાંથી ઘણું શીખવા મળ્યું. અંગત સંબંધ બંધાયો પણ એને 'ઍન્કૅશ' કરી લેવાની વૃત્તિને બદલે પત્રકારત્વના આદર્શ સાથે જાળવવાની વૃત્તિ-પ્રવૃત્તિથી વિશ્વસનીય પત્રકાર તરીકેનો પિંડ બંધાયો.

પ્રારંભનાં પાંચ વર્ષ 'હિંદુસ્થાન સમાચાર'માં નાગપુર યુનિવર્સિટીમાંથી પત્રકારત્વની પદવી મેળવનાર શ્રી રમાશંકર અગ્નિહોત્રી જેવા સંઘના પ્રચારક હોવા છતાં ન્યૂઝને ન્યૂઝ તરીકે જોનારા બ્યૂરો ચીફ પત્રકારના હાથ નીચે ઘડાવાનો મોકો મળ્યો. રાજમાતા સિંધિયા એ વેળા સંસ્થાનાં ચેરમેન હોવાથી કોંગ્રેસ વિરોધી સંસ્થાકીય વલણો છતાં સત્યની શોધ એ ગુજરાતના ગામડામાંથી

પચરંગી મુંબઇમાં આવીને ખોવાઇ જવા કરતાં પોતાના પોતને ઉજાગર કરવાનો ધખારો અનુભવવા પ્રેરતી રહી. ૧૯૮૧માં 'જન્મભૂમિ'ના મુખ્ય તંત્રી શ્રી હરીન્દ્ર દવેના ચબરખી-નિમંત્રણ 'અમારે ત્યાં જગ્યા છે, રસ હોય તો મળી જજો' થકી 'જન્મભૂમિ' માં જોડાવાનું થયું. એ દિવસોમાં મુંબઇ અને ગુજરાતમાં પણ કોંગ્રેસની બોલબાલા હતી, છતાં કોંગ્રેસ માટે સારો ભાવ નહીં ધરાવતા પત્રકાર તરીકે કોઇ રાજકીય પક્ષ ભણી ઢળવાને બદલે 'સત્ય નીરક્ષીર' કરવા ભણી આગળ વધવાની પ્રકૃતિએ સમાયાંતરે પત્રકાર મિત્ર શ્રી દિગંત ઓઝાને 'તમારી લૅન સમજાતી નથી' એવું કહેવા પ્રેરતી રહી. ' સાચું લાગે એ લખવું એ જ મારી લૅન. તમારી જેમ ક્યારેક ભાજપનું પ્રચાર સાહિત્ય તૈયાર કરવું અને ક્યારેક કોંગ્રેસનાં ગુણગાન કરતાં લખાણો લખવાં કે ચીમનભાઇ પટેલના પ્રવકતા બનીને ફરવાનું મારા પત્રકારત્વમાં અભિપ્રેત નથી.' ઓઝાને અમારો ઉત્તર ચચરી જવો સ્વાભાવિક હોવા છતાં ગુજરાતી ભાષાના આ વર્સેટાઇલ પત્રકાર સાથે સંબંધ છેક સુધી જળવાયો.

ત્રણ-ત્રણ સરસંઘચાલકો (સંઘસુપ્રીમો) શ્રી બાળાસાહેબ દેવરસ, પ્રા.રાજેન્દ્રસિંહ અને કુપહલ્લી સીતારામૈયા સુદર્શન સાથેના અંતરંગ સંબંધો અને વ્યક્તિગત મુલાકાતોએ સંઘ પરિવારને ઊંડાણથી સમજવાની દૃષ્ટિ આપી. વરિષ્ઠ પ્રચારક શ્રી દત્તોપંત ઠેંગડી સહિતના મહાનુભાવો સાથેના ઘરોબાએ સંઘ પરિવારના વિકાસક્રમને નિકટથી જોવાનો અવસર પૂરો પડ્યો, પણ હિંદુ કટ્ટરતા કે મુસ્લિમ વિરોધનો ભાવ ક્યારેય આત્મસાત થયો નહીં.

પત્રકારત્વનાં મુંબઇનાં વર્ષો દરમિયાન શિવસેના સુપ્રીમો શ્રી બાળ ઠાકરે જેવા 'ભીરુ અને લોકશાહીને બદલે ઠોકશાહીમાં માનનારા' તથાકથિત હિંદુહૃદયસમ્રાટ સાથે અંગતસંબંધ જળવાયો ખરો, પણ એમની ટીકાની જ્યાં જરૂર લાગી ત્યાં એ કરવામાં કોણ જાણે કેમ પણ માંહ્યલાએ શક્તિ બક્ષી. કોઇની સાડાબારી રાખ્યા વિના સાચું લખવું અને તે લખવામાં અખબારોના અધિપતિઓએ પણ મોકળાશ બક્ષી અને સ્વશિસ્તથી 'માને મા જ કહેવાય, મારા બાપની વહુ નહીં' એ વિવેકમર્યાદા જાળવી. કોંગ્રેસી ગોત્રના શિવસેનાના વડા બાળ ઠાકરેએ ૧૯૮૪ પછી ભાજપ સાથે રાજકીય સહશયન કરવાનું પસંદ કર્યું અને હિંદુવાદી વાઘા ચડાવ્યા ત્યારે પણ એમની પરપ્રાંતીયની પરિભાષામાં 'મહારાષ્ટ્રમાં જન્મેલા મુસ્લિમ અને પારસીસહિતના અધિકારીઓનોય સમાવેશ' રહ્યો. 'મહારાષ્ટ્રાચા કારભાર પરપ્રાંતીયાંકડે' જેવો લેખ ઠાકરેના મરાઠી સાપ્રાહિક 'માર્મિક'માં છપાતાં એમને ઉઘાડા પાડવાનું લખાણ 'જન્મભૂમિ પ્રવાસી'માં નામ સાથે લખ્યું ત્યારે છળી ઊઠેલા ઠાકરે થકી 'પ્રવાસી કિ રામોશી?' શીર્ષકવાળો અમારી ટીકા કરતો તંત્રીલેખ તેમના મરાઠી સાપ્તાહિક 'માર્મિક'માં લખાયો. આમ છતાં વ્યક્તિગત રાગદ્વેષ એ અમારા પત્રકારત્વનું પરિબળ નહોતું. રાજનેતાઓની કથની અને કરનીનાં અંતર પ્રજા સમક્ષ નીરક્ષીર કરવામાં તથ્યો રજૂ કરવાની ફાવટે જ મને પત્રકાર તરીકે પ્રભાવી સ્થાન અપાવ્યું. મુંબઇ અને ગુજરાતના ઘટનાક્રમો વિશે સમયાંતરે તથ્યાધારિત લખાણોથી પ્રતિષ્ઠાનો પિંડ બંધાયો. ૧૯૯૫માં 'મુંબઇ બાળ ઠાકરેની બાપકી જાગીર નથી' એવું સમકાલીનતંત્રી તરીકે આઠ કોલમનું હેડીંગ મારીને બાળ ઠાકરેના મરાઠી દૈનિક 'સામના'માં 'હરામખોર હરિ!' શીર્ષકવાળા તંત્રી લેખમાં મને મારી નાંખવાની, એક્સપ્રેસ ટાવરને સળગાવી દેવાની ધમકી છતાં પડખે રહેનાર ઇન્ડિયન એક્સપ્રેસ ગ્રુપના ચેરમેન શ્રી વિવેક ગોએન્કાની હિંમતને દાદ આપવી પડે. સોદાબાજ અખબાર માલિકો કરતાં ગોએન્કા નોખા પડે છે.

રથયાત્રાઓની પરંપરા, શિલાપૂજન યાત્રાઓ, બાબરી મસ્જિદ-રામજન્મભૂમિ વિવાદમાં સંઘ પરિવાર અને એવા રાજકીય ફરજંદ ભાજપને વ્યાપક લોકસહાનુભૂતિ મેળવી આપી. પત્રકાર તરીકે આ સઘળા ઘટનાક્રમને તટસ્થભાવે મૂલવવા જતાં એમાં નર્યા રાજકીય સ્વાર્થની ગંધ આવતી હતી. એનાં સમાજજીવન પરનાં દુષ્પરિણામોની ચિંતા થતી હતી. જો કે અમુક તબક્કાઓમાં રાષ્ટ્રીય ઘટનાઓ વિશે વ્યક્તિગત સહાનુભૂતિ હિંદુ તરીકે હોવી સ્વાભાવિક હતી પરંતુ મુસ્લિમો અને ખ્રિસ્તીઓ પ્રત્યે ક્યારેય ના તો દુર્ભાવ કેળવાયો કે ના ઘૃણાભાવ.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથેના ઘરોબા છતાં લખાણો લખતાં સત્ય આધારિત લખાણ લખવાની જીદે ક્યારેક સંઘ પરિવારની વિશ્વ હિંદુ પરિષદના મુંબઇના પ્રમુખ અને ઉદ્યોગપતિ શ્રી રમેશ મહેતાએ 'રસ્તા

પર જોઇ લેવાની' ધમકી ઉચ્ચારી ત્યારે તંત્રીશ્રી શ્રી હરીન્દ્ર દવે સાથેની વાતચીત પછી પોલીસ કમિશનર શ્રી ડી.એસ.સોમણને જાણ કરી અને તેમણે તરત જ પોલીસ બંદોબસ્ત આપ્યો. જો કે ઈન્ડિયન એક્સપ્રેસ જૂથના દૈનિક 'સમકાલીન'ના તંત્રી તરીકે શિવસેના પ્રમુખ બાળ ઠાકરેની 'હરામખોર હરિ!' વાળી ધમકીને કારણે તત્કાલીન વિપક્ષીનેતા શ્રી શરદ પવારે શિવસેના-ભાજપની સરકારમાં નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી શ્રી ગોપીનાથ મુંડેને પત્ર લખીને મને પોલીસ સુરક્ષા આપવા કરેલા અનુરોધને અમે સવિનય પાછો વાળ્યો હતો. આવું જ કાંઇક બીજા કિસ્સામાં થયું હતુંઃ કચ્છના ૭૨ જિનાલય પર કબજો મેળવવા ઇચ્છુક મુંબઇવાસી કચ્છી બિલ્ડર રવિભાઇ સંગોઇ થકી મારા પર હુમલો કરાવવાનું કાવતરું ઘડાયું ત્યારે અજાણતાં પોલીસ સુરક્ષા અપાયાની વાતે આશ્ચર્ય ઉપજાવ્યું હતું. પત્રકારધર્મ નિભાવતાં જોખમો સાથે પનારો પડવો સ્વાભાવિક છે, પરંતુ અંગત રાગદ્વેષ અને સ્વાર્થ ના હોય તો અંડરવર્લ્ડ પણ તમારું બગાડવા પ્રેરાતી નથી એ ૧૯૭૭થી'૯૯ સુધીના મુંબઇના પત્રકારત્વના અનુભવે કહી શકાય. એ દરમિયાન ગુજરાતનાં આંદોલનો અને રાજકીય ઘટનાક્રમને નજીકથી જોવા - સમજવા માટે સર્વપક્ષી નેતાઓ અને વિચારકોને સતત મળવાનું થતું રહ્યું.

૧૯૯૨માં બાબરી ધ્વંશ, જાહેર રસ્તાઓ પર પઢાતી નમાજ અને યોજાતી મહાઆરતી અને એ પછીનાં હિંદુ-મુસ્લિમ રમખાણોમાં મુંબઇમાં તટસ્થ આલેખનો અને તંત્રી તરીકેની જવાબદારી તેમજ ગુજરાતના ઘટનાક્રમને મૂલવવામાં મુંબઇવાસી ૩૫ લાખ ગુજરાતીઓના પ્રતિનિધિ તરીકે કામ કરવાની સાહજિકતા અનુભવાતી હતી. પત્રકારત્વનાં સ્વાર્થપ્રેરિત દૂષણોથી મુક્ત રહેવામાં પારિવારિક આદર્શના ઘડતર અને શાળા-કોલેજ જીવનમાં બહુસાંસ્કૃતિક જીવન-અનુભવોએ મોટું ભાથું પૂરું પાડ્યાનું કહી શકાય. અનેકવિધ સમયગાળામાં અનેકવિધ સામાજિક-સાંસ્કૃતિક તબક્કાઓમાંથી પસાર થવાનું થયું છે, ત્યારે આત્મસંતોષ લઇ શકાય એવું કામ કરવાની મુંબઇ અને ગુજરાતના પત્રકારત્વમાં જે તક મળી એની પાછળ સત્યાન્વેષી પત્રકારત્વનો ધખારો જ જવાબદાર લેખી શકાય. કોઇના વ્યક્તિત્વથી પ્રભાવી થવાને બદલે ભલભલા ચમરબંધીઓને પણ સીધા સવાલ કરવાની વૃત્તિ-પ્રવૃત્તિએ કોને શું લાગશે કે કોને રાજી રાખવા એની ચિંતા કર્યા વિના માત્ર પત્રકારધર્મ નિભાવવા કાર્યરત રહેવાનું થયું. એટલે સ્તો શ્રેષ્ઠ તંત્રીલેખન માટેનો ગુજરાત સરકારનો એવોર્ડ જ્યુરીએ આપમેળે મને આપવાનું સર્વાનુમતે નક્કી કર્યું છતાં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલાએ મારું નામ કાપી નાખ્યું ત્યારે કોઇ ગમની અનુભૂતિ થઇ નહોતી.આમ પણ મેં એ માટે ઉમેદવારી કરી જ નહતી. બીજા વર્ષે એ એવોર્ડ મળ્યો ત્યારે હરખપદૂડા થવાનુંય અનુભવાયું નહોતું. મુખ્યમંત્રીઓ શ્રી કેશુભાઈ પટેલ અને શ્રી નરેન્દ્ર મોદીની રાજ્ય સરકારમાં એનઆરઆઈ / એનઆરજી બોર્ડના અધ્યક્ષ રહેવાનું થયું ત્યારે પણ તટસ્થ તંત્રી કે પત્રકારનો ધર્મ વિસરાયો નહોતો એનું ગૌરવ અનુભવાવું સહજ છે.

ક્યારેક સર્જકશિરોમણિ કનૈયાલાલ માણેકલાલ મુનશીએ ગુજરાતી અસ્મિતાને વ્યાખ્યાયિત જ નહીં, ચલણી બનાવવાની રીતસર ઝુંબેશ ચલાવી હતી. સામાજિક સુધારાવાદી અને સાંપ્રદાયિક જડતાથી દૂર રહેવાના વલણવાળી ગુજરાતી અસ્મિતા વીસમી સદીની છેલ્લી પચીસીમાં સમયાંતરે હિંદુવાદી વાઘા ચડાવતી થયાની સામાજિક-રાજકીય છણાવટ કરવાની તક પીએચ.ડી.ના સંશોધન-સમયગાળા દરમિયાન મળી. બહુલતાવાળી ગુજરાતી ઓળખની જગ્યાએ હિંદુ કોમવાદી ઓળખ ઉપસાવવાના પ્રયાસોની સફળતા એકંદરે ગુજરાતને કઇ દિશામાં લઇ જશે અને લોકશાહી માટે એ કેટલું પ્રતિકૂળ લેખાશે એ સમજવાની આવશ્યકતા છે. સવર્ણવાદમાંથી હિંદુત્વવાદ ભણીની ગુજરાતની ગતિ વીસમી સદીની છેલ્લી પચીસીને સાહિત્યિક કૃતિઓના અનુસંધાને તપાસતાં મને નવી દૃષ્ટિ મળી. ગુજરાત ક્યારેક પ્રગતિશીલ ગણાતું હતું એ હવે કટ્ટરવાદી હિંદુત્વનું પોષક બની રહ્યાની છબી ઉપસાવે ત્યારે એની બહુ સાંસ્કૃતિક ઓળખના જતન અને સંવર્ધનની ચિંતા થવી સ્વાભાવિક છે.

(સીવીએમ બંગલો - ૧૧, ગો.જો.શારદા મંદિર સ્કૂલ સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦
જિ.આણંદ ફોન : ૦૨૬૯૨-૨૩૪૦૧૦,
મો : ૯૮૯૮૫ ૪૩૮૮૧, ઈમેઈલ : haridesai@gmail.com)

# શારદીય ઋતુચર્યા

**અમીતા વ્યાસ**

**એ.આર.વી. મૂર્તિ**

આયુર્વેદ શાસ્ત્રમાં આત્રેય આદિ મહાઋષિઓએ આહાર-વિહાર આચાર આદિરૂપ ઋતુચર્યાનું વિશેષ વર્ણન કર્યું છે.આયુર્વેદ શાસ્ત્રમાં તેમજ રોજિંદા વ્યવહારમાં પણ છ ઋતુઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

"ઋતુચર્યા અર્થાત્ લોકોના સ્વાસ્થ્યને જાળવી રાખવા ઋતુ મુજબ હિતકારી આહાર-વિહાર અને ક્રિયાઓનું પાલન".

સામાન્ય રીતે ઋતુચર્યાનો અર્થ દિનચર્યાના અર્થ સમાન જ થતો હોય છે. ઋતુ અનુસાર કયા આહાર-વિહારનું સેવન કરવું એ તંદુરસ્તી જાળવી રાખવા માટે અતિ મહત્ત્વનું છે.

લોકોના સ્વાસ્થ્યને અને સમય પ્રમાણે છ ઋતુચર્યા માંથી અહીં સમયાનુસાર શરદ ઋતુચર્યાનું વિસ્તૃત વર્ણન લોકોને ધ્યાનમાં રાખીને કર્યું છે.

रोगाणां शारदी माता ।

"આયુર્વેદ શાસ્ત્ર પ્રમાણે શરદઋતુને રોગોની જનની અર્થાત્ રોગકારક ઋતુ કહી છે." આ ઋતુમાં સામાન્ય રીતે વર્ષામાં ભેગું થયેલું પિત્ત કુપિત્ત થાય છે, વધી જાય છે અને માનવ શરીરમાં રોગને નોંતરે છે. પિત્તના પ્રકોપના કારણે અમ્લપિત્ત (એસિડિટી), પેટના રોગો, માથાનો દુખાવો, ગરમીના ઝાડા, ચામડીના રોગો (ગડ-ગૂમડ-ખીલ) જેવા વિવિધ રોગો થાય છે. આ રોગો ન થાય અથવા તેને મટાડવા માટે આયુર્વેદ શાસ્ત્રમાં બે પ્રકારની ચિકિત્સાનું વર્ણન કરેલ છે.

૧) ઔષધિય ચિકિત્સા : (શમન ચિકિત્સા)

૨) શોધન ચિકિત્સા : (પંચકર્મ ચિકિત્સા)

ઉપરોકત ચિકિત્સા આયુર્વેદ શાસ્ત્રમાં રોગોના નિવારણ માટે જે ચિકિત્સા બતાવી છે. તેને રૂપ માનવ સમુદાયમાં પણ પોતાની જીવનચર્યામાં શ્રાદ્ધનું વિસ્તૃત વર્ણન કર્યું છે. એ પ્રમાણે શ્રાદ્ધમાં લોકો ઋતુ પ્રમાણે ગળ્યાં પદાર્થોનું સેવન કરતાં હોય છે. શાસ્ત્ર પ્રમાણે મધુર પદાર્થ પિત્તનું શમન કરે છે.

ઉ.દા. તરીકે શરદઋતુમાં દૂધ-પૌંઆના સેવનનો ઉલ્લેખ છે જે પિત્તનું શમન કરે છે. પરંતુ આધુનિક યુગનો માનવી દૂધ-પૌંઆ સાથે બટાકાવડાં લે છે એ વિરુદ્ધ આહાર છે. જે પિત્તનું શમન ન કરતાં પિત્તને વધારે છે જે શાસ્ત્રથી વિરુદ્ધ છે.

૧) ઔષધિ ચિકિત્સા : (પિત્તનું શમન કરનાર ઔષધિ)

- સૂતશેખર રસ
- કામદૂધા રસ
- અવિપત્તિકર ચૂર્ણ
- હંસોદક - "હંસોદક અર્થાત્ પવિત્ર જળ" જે દિવસે સૂર્યના કિરણોથી તપ્ત થયેલું અને રાત્રે ચંદ્રના કિરણોથી ઠંડુ થયેલું પવિત્ર જળ. જેનું સેવન અમૃત સમાન અને રોગોનું શમન કરનાર છે.
- કડવા વનસ્પતિમાંથી બનાવેલ ઘીનું સેવન.

૨) શોધન ચિકિત્સા : (પંચકર્મ ચિકિત્સા)

આયુર્વેદ પ્રમાણે શરદઋતુમાં પંચકર્મ અંતર્ગત "વિરેચન" અને "રકતમોક્ષણ" ચિકિત્સા શ્રેષ્ઠ કહેલ છે. આ ચિકિત્સા ડોકટરની સલાહ અનુસાર કરાવવી જોઇએ.

આ બંને ચિકિત્સા શરદઋતુમાં વૈદ્યની સલાહ અનુસાર રોગો ન થાય તે રીતે શરૂઆતથી જ કરાવવામાં આવે તો તેનો વિશેષ લાભ મળે છે.

શરદઋતુમાં સેવનીય આહારઃ-

આ ઋતુમાં ઘઉં, બાજરો કે જવની રોટલી, જુના ચોખા, જુવાર, કોદરી, સામો, મગની દાળ, ચણા, તુવેર, મઠ, મસૂર, વટાણા, વાલ, મધ, આમળા, દ્રાક્ષ, દાડમ, શેરડી, સફરજન, ચીકૂ, જમરૂખ, સીતાફળ, ખજૂર, ખારેક, કેળા, નાળિયેર, અંજીર, કાજુ, અખરોટ, ચારોળી, બદામ, સિંઘોડા, દૂધ, ઘી, માખણ, સાકર, કોથમીર, દૂધી, કોબી, કારેલાં, કંકોડા, ગલકાં, ગુવાર, ઘીસોડા, ભીંડા, પરવળ, કોળું, ડોડી, તાંદળજો, પાલખ, સરગવો, જીરું, ધાણા, લવિંગ, હળદર, કેસર, સિંધાલૂણ, સંચળ, દિવેલ વગેરેનું સેવન હિતકારી છે.

ગાયનું ઘી પરમ પિત્તશામક હોવાથી શરદઋતુ દરમિયાન રસોઈમાં તેલનો ઉપયોગ બંધ કરી ગાયનાં ઘીમાં દાળ-શાક વઘારવાં જોઈએ. ગોળ સ્વભાવે ગરમ

હોવાથી તેનો ઉપયોગ ન કરતાં સાકરનો ઉપયોગ કરવો જોઈએ કારણ કે સાકર પણ પિત્તશામક છે.

ખાસ કરીને શરદપૂનમની રાત્રે આપણે ત્યાં દૂધ-પૌઆ ખાવાનો રીવાજ છે. જે સ્વાસ્થ્યપરક વૈજ્ઞાનિક અભિગમ ધરાવે છે. દૂધ મધુર રસયુકત તથા શીતળ ગુણ ધરાવતું આજન્મસાત્મ્ય ઉત્તમ રસાયન તથા પરમ પિત્તશામક આહારદ્રવ્ય છે. પૌઆ પણ પિત્તશામક છે. આ બંને સાથે પિત્તશામક એવી સાકર ઉમેરવામાં આવે છે. આમ શરદપૂનમમાં દૂધ-પૌઆ ખાવાથી પિત્તજ રોગો દૂર થાય છે.

શરદઋતુમાં વર્જનીય આહારઃ-

આ ઋતુમાં ખાટા, ખારા, તીખા રસવાળા, ગરમ તથા ક્ષારયુકત પદાર્થોનું સેવન, દહીં, છાશ, કઢી, લસણ, ડુંગળી, આદું, મૂળો, ગાજર, બાજરો, ચોળા, મેથી, લૂણીની ભાજી, સુવાની ભાજી, રાઈ, રીંગણા, અડદ, કળથી, અનાનસ, પપૈયું, નારંગી, ખાટા ફળ, નાગરવેલનું પાન, ટમેટાં, આમલી, અજમો, હીંગ, તજ, તુલસી, ફુદીનો, તલ, કાળામરી, સુવા, લાલ મરચું, ગરમ મસાલા, તલ તેલ, મગફળીનું તેલ, સરસિયું તેલ, અથાણાનું સેવન અહિતકારી છે.

ખાટો, ખારો અને તીખો એ ત્રણ રસો પિત્તની વૃદ્ધિ કરનારાં છે. એટલે એ ત્રણે રસોનું સેવન ન કરવું જોઈએ. તીખો રસ પિત્તની ઉષ્ણતા અને તીક્ષ્ણતા વધારે છે. તેથી ખાસ કરીને ડુંગળી, લસણ અને મરચાં જેવા તીખા દ્રવ્યોનું સેવન ન કરવું જોઈએ. ખારો રસ પણ પિત્તવર્ધક છે; કેમકે તેમાં અગ્નિ મહાભૂત હોય છે. આથી ખોરાકમાં નમકનું પ્રમાણ ઓછું કરવું જોઈએ. ગાઠીયા, મઠીયા, ભજીયા જેવા બજારુ ફરસાણોમાં સોડા નાખવામાં આવે છે, જે ઉષ્ણ અને તીક્ષ્ણ હોય છે. એટલે આવી ચીજોનું સેવન સદંતર બંધ કરવું જોઈએ. ખાટો રસ પિત્તની અત્યંત વૃદ્ધિ કરનાર છે. કેમ કે પિત્ત સ્વયં ખાટું છે. આથી આંબલી, ખાટા ફળો, દહીં, છાશનું સેવન ન કરવું જોઈએ.

રીંગણા, કળથી ગરમ હોઇ પિત્તની ઉષ્ણતા અને તીક્ષ્ણતા વધારે છે. એટલે તે ન ખાવા જોઇએ. ટમેટાં પણ પચ્યા પછી ખાટાં થઈ જાય છે, જેથી પિત્ત વધે છે. આથી ટમેટાં ત્યાજય છે.

મદ્ય પિત્તવર્ધક છે. કેમ કે તે ગરમ અને તીક્ષ્ણ હોવાથી પિત્તને દૂષિત કરે છે. તેથી મદ્ય સર્વથા ત્યાજય છે.

(એસ.જી. પટેલ આયુર્વેદ હોસ્પિટલ એન્ડ મેટરનિટી હૉમ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર. ફોનઃ ૦૨૬૯૨-૨૩૫૦૫૧)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર ‘વિ-વિદ્યાનગર’ માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં ‘વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી’ એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. ‘વિ-વિદ્યાનગર’માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

‘વિ-વિદ્યાનગર’ સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

## હરિયાળી ક્રાંતિમાં અગ્રેસર – આયોનિક દ્રાવકો

### મિલિન્દ જોશીપુરા

જાન્યુઆરી ૧૬, ૨૯૧૩ના રોજ જાપાનમાં એક ઘટના બની, અમેરિકાના બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાનમાં ધડાકા સાથે આગ લાગી. પરંતુ સદ્‌ભાગ્યે બધા જ પ્રવાસીઓ આબાદ રીતે બચી ગયાં. આ ઘટના સંદર્ભે જ્યારે યુ.એસ. ફેડરલ એવીએશન એડમિનિસ્ટ્રેશને તપાસ હાથ દરી ત્યારે તથ્ય બહાર આવ્યું કે વિમાનમાં સામાન્ય રીતે વપરાતી લિથિયમ બેટરીનું ઉષ્ણતામાન વધી જવાથી આ ઘટના બની હતી.

આપણે ઘણી વખત સમાચાર પત્રોમાં વાંચીએ છીએ કે કોઈ મોટરકાર, બસ કે ટ્રક વિગેરેમાં અચાનક ધડાકા સાથે આગ લાગે છે, આવી અમુક ઘટનાઓમાં વાહનોમાં વપરાતી બેટરીની ખામી જવાબદાર હોય છે. આવી બેટરીઓમાં થતી રાસાયણિક પ્રક્રિયા ઉષ્માક્ષેપક હોવાથી બેટરીમાં રહેલ પાણીનું બાષ્પીભવન થતું રહે છે અને જો સમયાંતરે પાણી બદલવામાં ન આવે તો આવી દુર્ઘટનાઓ સર્જાય શકે છે. શું ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ આપણે અટકાવી શકીએ? આધુનિક રસાયણ વિજ્ઞાન પાસે આ પ્રશ્નનો ઉત્તર છે અને તે છે આયોનિક દ્રાવકો.

આયોનિક પ્રવાહીના સ્વરૂપમાં રસાયણ વિજ્ઞાન ક્ષેત્રે એક નવી શ્રેણીના દ્રાવકો અંગે ઘણા સંશોધનો હાથ ધરાયાં છે.

### આયોનિક દ્રાવકો શું છે?

આયોનિક દ્રાવકો એટલે એવા સંયોજનો જેમાં ઘન અને ઋણ એમ બંને આયનો આવેલાં હોય અને તેઓ ઓરડાના તાપમાને પીગળી પ્રવાહી સ્વરૂપ ધારણ કરે, ઉદાહરણ તરીકે સોડિયમ ક્લોરાઈડ જેમાં સોડિયમ ઘન આયન સ્વરૂપે જ્યારે ક્લોરાઈડ ઋણ આયન સ્વરૂપે રહેલ હોય છે. આ સંયોજન જ્યારે પીગળે ત્યારે તેના સ્ફટિક પ્રવાહી સ્વરૂપમાં રૂપાંતરણ પામે છે, આ પ્રવાહી સ્વરૂપને આયોનિક પ્રવાહી કહેવામાં આવે છે.

ટૂંકમાં આયોનિક પ્રવાહી ઘન અને ઋણ આયનોના બનેલા કાર્બનિક સંયોજનો છે જે ૧૦૦° સે. કરતાં ઓછા તાપમાને પ્રવાહી સ્વરૂપ ધારણ કરે છે. ઘણા આયોનિક સંયોજનો તો ૯૬° સે. જેટલા તાપમાને પણ પ્રવાહી સ્વરૂપમાં જોવા મળે છે.

### આયોનિક દ્રાવકોનું રાસાયણિક પ્રક્રિયાઓમાં મહત્ત્વ

જો રસાયણ વિજ્ઞાનનો ઈતિહાસ જોઈએ તો છેલ્લા લગભગ ૨૦૦ વર્ષોથી પાણીનો આપણે સાર્વત્રિક દ્રાવક તરીકે ઉપયોગ કરતા આવ્યા છીએ, કારણ કે પૃથ્વીનો ૭૦% જેટલો ભાગ પાણી હોવાથી તે સરળતાથી પ્રાપ્ય થાય છે. ત્યારબાદ ૧૯મી સદીના પૂર્વાર્ધમાં કાર્બનિક દ્રાવકો જેવા કે આલ્કોહોલ્સ, ક્લોરીનેટ દ્રાવ્ય ન હોય તેવા પ્રક્રિયકોની રાસાયણિક પ્રક્રિયાઓ સરળ બની. ત્યાર પછીના સમયગાળામાં એટલે કે વીસમી સદીના ઉત્તરાર્ધમાં પ્રવાહી એમોનિયા, નાઈટ્રોજન(૪), બ્રોમીન(૩) વિગેરે દ્રાવકોએ લઘુ તેમજ ઉચ્ચ ઓક્સિડેશન આંક ધરાવતા તત્ત્વોની રાસાયણિક પ્રક્રિયાઓ સરળ બનાવી, પરંતુ ઉપરોક્ત દ્રાવકો આણ્વિક દ્રાવકો હોવાથી તેમને પોતાનું એક ચોક્સ બંધારણ હોય છે, એક ચોક્કસ માળખું હોય છે. જેટલું સશક્ત હોય છે કે પાણી જરૂરિયાત પ્રમાણે તેમાં ફેરફારો કરી શકાતા નથી. અને આથી જ ગમે તે સ્થિતિમાં તેમના ગુણધર્મો બદલાતા નથી. જેમ કે પાણી પ્રવાહી હોય કે વરાળ, બંને સ્વરૂપમાં એચટુઓ ($H_2O$) તરીકે જ ઓળખાય છે. આણ્વિક દ્રાવકોના આવા ચોક્કસ બંધારણ અને ગુણધર્મોને કારણે તેમનો ઉપયોગ અમુક ચોક્કસ પ્રકારની રાસાયણિક પ્રક્રિયા પૂરતો મર્યાદિત રહે છે. વધુમાં આણ્વિક દ્રાવકોની

હાજરીમાં રાસાયણિક પ્રક્રિયાઓ ઊંચા દબાણ અને તાપમાને કરવી પડે છે, અને સમયાંતરે દ્રાવકોની ક્ષમતામાં ઘટાડો થાય છે. આવા દ્રાવકોનું બાષ્પદબાણ વધુ હોવાથી વાતાવરણમાં સહજતાથી ભળી જઈ વાતાવરણને નુકસાન પહોંચાડે છે.

ખાસ કરીને ક્લોરીનેટેડ કાર્બનિક દ્રાવકો જેવા કે ક્લોરોફોર્મ વિગેરે વિવિધ પ્રકારની આડ અસરો માટે જવાબદાર છે. મોટાભાગના કાર્બનિક દ્રાવકો જ્વલનશીલ હોવાથી રાસાયણિક પ્રક્રિયા દરમ્યાન દુર્ઘટનાનો ભય પણ રહેલો હોય છે.

આણ્વિક દ્રાવકોની સરખાણીએ આયોનિક દ્રાવકો જ્વલનશીલ હોતા નથી, તેમનું બાષ્પદબાણ નહિવત્ હોય છે અને તેઓ ઊંચા તાપમાને ટકી શકે છે. તેમની દ્રાવ્યને ઓગાળવાની ક્ષમતા આણ્વિક દ્રાવકો કરતાં ઘણી વધારે હોય છે. રાસાયણિક પ્રક્રિયાઓ બાદ તેમની પુનઃપ્રાપ્તિ કરી તેમનો ફરીથી ઉપયોગ કરી શકાય છે. આયોનિક દ્રાવકોમાં ધન અને ઋણ આયનોની અદલાબદલી કરી રાસાયણિક પ્રક્રિયાની જરૂરિયાત પ્રમાણે 'ટ્યૂન' કરી શકાય છે. આવા આયોનિક દ્રાવકોને 'ટાસ્ક સ્પેસિફિક આયોનિક લિક્વિડ' તરીકે ઓળખવામાં આવે છે. આવા 'ટ્યૂન' કરેલા આયોનિક દ્રાવકોના ગુણધર્મોમાં આપણી જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરી શકાય છે.

જે ધન અને ઋણ આયનો થકી આયોનિક પ્રવાહી બનાવવામાં આવે છે તે નીચે મુજબ છેઃ

ધન આયનોઃ ડાઈઆલ્કાઈલ ઈમીડાઝોલિયમ, આલ્કાઈન પીરીડીનિયમ, ટેટ્રા આલ્કાઈન એમોનિયમ, ટેટ્રા આલ્કાઈલ ફોસ્ફરિયમ વગેરે.

ઋણ આયનોઃ ટેટ્રાફલોરોબોરેટ, હેક્ઝાફલોરોફોસ્ફેટ, હેલોજડ્સ, મીસાઈલેટ, ટોસાઈલેટ વગેરે

આવા ધન અને ઋણ આયનોને વિવિધ લંબાઈની કાર્બન શૃંખલા સાથે સાંકળવામાં આવે તો તેઓના ગલનબિંદુ, જલતરફી કે જલરોધક ગુણધર્મોમાં ફેરફાર કરી શકાય છે.

આવા ગુણધર્મોને કારણે કેટલીક જાણીતી રાસાયણિક પ્રક્રિયાઓ વધુ રાસાયણિક વેગથી અને વધુ ઉત્પાદકતા સાથે સંપન્ન થઈ શકે છે જેમ કે ફ્રીડલક્રાફ્ટ પ્રક્રિયા, ડાયેલ્સ એલ્ડર પ્રક્રિયા, હેક કેટાલિસિસ, ક્લોરિનેશન, એન્ઝાઈમ કેટાલિસિસ વિગેરે.

આયોનિક પ્રવાહીમાં આવી પ્રક્રિયાઓમાં વપરાતા ઉદ્દીપકો કે ઉત્સેચકોની પુનઃપ્રાપ્તિ થઈ શકે છે અને ફરીથી તેમને વાપરી શકાય છે. જે આણ્વિક દ્રાવકોમાં શક્ય નથી.

**આયોનિક દ્રાવકોની ઉપયોગિતાઃ**

**૧. રાસાયણ ઉદ્યોગક્ષેત્રેઃ**

સૌ પ્રથમ આયોનિક પ્રવાહી (૧- આલ્કાઈલ ઈમીડાઝોલ)નો ઉપયોગ દ્વિકેઝિક એસિડભક્ષક તરીકે કરવામાં આવ્યો હતો જેને કારણે રાસાયણિક પ્રક્રિયામાં ખૂબ જ ઝડપથી એસિડ દૂર થતાં પ્રક્રિયાના વેગ, સમય અને નીપજ પ્રાપ્તિમાં ૮૦,૦૦૦ ગણો વધારો નોંધાયો હતો. ઈસ્ટમેન કંપની ૨,૪ ડાયહાઈડ્રોક્સિફ્યૂરાનની બનાવટમાં ૧૯૯૬થી આયોનિક પ્રવાહીનો ઉપયોગ કરી રહી છે. પેટ્રોચાઈના ઓલેફીન્સના આઈસોબ્યૂટેન દ્વારા થતા આલ્કાઈલેશન માટે આયોનિક પ્રવાહીનો ઉપયોગ કરે છે અને તેમના પ્લાન્ટની ક્ષમતા આજે ૬૫,૦૦૦ ટન જેટલી પ્રતિવર્ષ છે.

**૨. ઔષધ ઉદ્યોગક્ષેત્રેઃ**

કુલ ઔષધોના ૫૦% જેટલા ઔષધો કાર્બનિક સંયોજનના સ્વરૂપમાં હોવાથી આયોનિક પ્રવાહીના ધન અને ઋણ આયનો સાથે અલગ-અલગ વિદ્યુતભાર ધરાવતા એક કે વધુ ઔષધોને સાંકળી શકાય છે. અહીં આયોનિક પ્રવાહીના દ્રાવકો એક લંગર તરીકે વર્તે છે જેથી કરીને બે અલગ-અલગ ગુણધર્મો અને ક્ષમતાનો એક જ દવામાં સમાવેશ કરી શકાય છે. આથી ભવિષ્યમાં એવું શક્ય બને કે જુદા જુદા રોગો એક જ પ્રકારની દવાથી મટી શકે.

**૩. લીલ ('આલ્ગી')માંનાં ઉપયોગી તત્ત્વો ઉલેચવા માટેઃ**

લીલ જ્યારે પ્રકાશ સંશ્લેષણની ક્રિયા કરે છે ત્યારે લીથીડ અને શર્કરા જેવા ઊર્જાસભર તત્ત્વોનું નિર્માણ

કરે છે. આયોનિક પ્રવાહી લીલની કોષદીવાલ ભેદી લીથીડ અને શર્કરા જેવા તત્ત્વોને ઉલેચે છે. જેનો ઉપયોગ જૈવિક બળતણ બનાવવામાં થાય છે.

### ૪. નેનોમટીરીઅલ્સના દ્રાવક તરીકે :

નેનોકોટીંગમાં વપરાતા નેનોમટીરીઅલ્સ જો આયોનિક દ્રાવકોમાં ઓગાળવામાં આવે અને ત્યારબાદ કોટીંગ સમયે તેનો છંટકાવ કરવામાં આવે તો વધુ ક્ષેત્રફળમાં સારા ફિનિશિંગ અને દેખાવ સાથે વધુમાં વધુ નેનોકોટીંગ કરી શકાય છે. જે ઝડપથી સૂકાય પણ જાય છે.

### ૫. ગેસ જાળવણી અને સંચાલનમાંઃ

આયોનિક દ્રાવકો ઓછું બાષ્પદબાણ ધરાવતા હોવાથી વાતાવરણ કરતાં નીચા તાપમાન અને દબાણે દ્રાયફ્લોરો બ્રોમેન, ફોસ્ફિન અને આર્સિન જેવા ગેસ દ્રાવ્ય થઈ જાય છે અને તેમનો ક્ષય થતો અટકે છે. ભવિષ્યમાં એવું પણ શક્ય બને કે, વાતાનુકૂલિત સાધનોમાં વાપરવામાં આવતો ગેસ આયોનિક પ્રવાહીમાં દ્રાવ્ય કરવામાં આવે તો ગેસની આવરદા વધે અને લાંબો સમય સુધી કાર્યરત રહે.

### ૬. ન્યૂક્લિઅર ઊર્જા ક્ષેત્રે :

૧. બ્યૂટાઈલ, ૩ મીથાઈલ ઈમીડાઝોલિયમ ક્લોરાઈડ નામના આ દ્રાવકોનો ઉપયોગ ન્યૂક્લિઅલર રીએક્ટરમાં ઈંધણ તરીકે વપરાતા યુરેનિયમની પુનઃપ્રાપ્તિ માટે કરવામાં આવે છે.

### ૭. સૌર ઊર્જા ક્ષેત્રેઃ

સૌર ઊર્જા થકી પ્રાપ્ત થતી પ્રણાલીમાં આયોનિક દ્રાવકો ઉષ્માનું ખૂબ જ ઝડપથી વહન કરી શકતા હોવાથી સૌર ઊર્જા સંગ્રહણ તેમજ રૂપાંતરણમાં આવા દ્રાવકોનો ઉપયોગ કરી શકાય છે. આવા દ્રાવકોનું ઝડપથી ઉષ્માવહન કરી શકવાની ક્ષમતાને કારણે સૌર ઊર્જાનો બગાડ થતો અટકે છે અને મોટા ભાગની સૌર ઊર્જા વિદ્યુત ઊર્જા કે અન્ય યાંત્રિક ઊર્જામાં રૂપાંતરણ પામે છે.



### ૮. ઔદ્યોગિક કચરાના નિકાલ માટેઃ

ઘણો ખરો ઔદ્યોગિક કચરો અથવા અશુદ્ધિઓ નીપજ સાથેના તેમના સમાન ગુણધર્મોને કારણે દૂર કરી શકાતા નથી. આયોનિક પ્રવાહી તેમની અશુદ્ધિઓને પારખવાની સચોટ ક્ષમતાને કારણે નીપજમાંથી આવી અશુદ્ધિઓ અને કચરાનો નિકાલ કરી નીપજની ગુણવત્તામાં વધારો કરે છે.

### ૯. ઓટોમોબાઈલ ક્ષેત્રે બેટરીમાંઃ

વાહનોમાં વપરાતી બેટરીમાં પાણીની જગ્યાએ આયોનિક દ્રાવકો વાપરી શકાય છે. આયોનિક દ્રાવકોનો બાષ્પીભવનનો દર પાણી કરતા ઘણો ઓછો હોવાથી બેટરીની આવરદા વધે છે. વધુમાં આયોનિક દ્રાવકોની ઈલેક્ટ્રોકેમિકલ વિન્ડો ૬ વૉલ્ટ છે જ્યારે પાણીની ૧.૨૩ વૉલ્ટ છે અને આથી આયોનિક પ્રવાહી વધુ ઊર્જાભારણ ધરાવતી ધાતુ માટે વધુ અનુકૂળ છે. આવી બેટરીઓનો યુદ્ધ વિમાનોમાં ઉપયોગ થાય તે હેતુથી ઘણા સંશોધનો હાથ ધરાયાં છે.

જેમ ડૉ. એમ.એસ. સ્વામીનાથન કે વર્ગીસ કુરિયને ભારતમાં હરિયાળી ક્રાંતિ અને શ્વેતક્રાંતિની શરૂઆત કરી હતી તેમ રસાયણ વિજ્ઞાન ક્ષેત્રેની હરિત ક્રાંતિના આયોનિક દ્રાવકો એક સક્ષમ ઉમેદવાર તરીકે ઊભરી રહ્યાં છે, જે ભવિષ્યમાં આપણા જીવનને વધુ સગવડભર્યું અને હાનિરહિત બનાવી શકે તેમ છે.

(એસોસિએટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ
એન્જિનિયરિંગ, ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી,
નિરમા યુનિવર્સિટી, અમદાવાદ)

# પત્નીને યજ્ઞનો અધિકાર

**પારુલટીના દોશી**

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યુ છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાં શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

**પત્ની અને યજ્ઞઃ**

અયજ્ઞીયો વૈષ યોપત્નીકઃ ।

શતપથ બ્રાહ્મણના આ મંત્રનો અર્થ છેઃ પત્ની વિનાના પુરુષે આપેલી આહુતિનો દેવતા સ્વીકાર કરતા નથી![1]

ઉત્તર વૈદિક કાળમાં દંપતીએ આપેલી આહુતિને જ દેવતા સ્વીકારતા હતા. તેથી યજ્ઞપ્રસંગે પુરુષ માટે પત્નીનું હોવું અનિવાર્ય હતું એવું આ મંત્ર પરથી સ્પષ્ટ થાય છે. પુરુષ પત્ની વિના અધૂરો છે એ માન્યતાનાં મૂળ જેમાં રહેલાં છે તે એ છે કે પત્ની વિના યજ્ઞ અધૂરો છે.[2] જોકે યજ્ઞમાં પતિ સાથે બેસવા માટે પત્નીના ઉપનયન સંસ્કાર થયા હોય તે આવશ્યક હતું. તૈતિરીય બ્રાહ્મણ અનુસાર જો અગાઉ પત્નીના ઉપનયન ન થયા હોય તો એ સંસ્કાર વિવાહ પછી કરવા. પછી જ પત્નીએ યજ્ઞમાં બેસવું જોઈએ. આ રીતે કરાયેલા યજ્ઞનું જે ફળ મળે તેમાં પતિપત્નીનો સમાન અધિકાર હતો. વળી, પત્ની સાથે હોય તો જ પુરુષ સ્વર્ગમાં જઈ શકતો. બ્રાહ્મણ ગ્રંથોમાં વર્ણવાયેલા વાજપેય યજ્ઞમાં પ્રતીકાત્મક રીતે દંપતીના સ્વર્ગારોહણની કલ્પના કરવામાં આવી છે. શક્તિ, સ્ફૂર્તિ અને સ્વર્ગ પ્રાપ્ત કરવા માટેના આ યજ્ઞમાં ખૂંટાના સહારે સીડી પર ચડતા પતિ પત્નીને કહે છેઃ 'આવો આપણે બન્ને સાથે મળીને સ્વર્ગારોહણ કરીએ...'[3] આ દૃશ્ય પરથી પુરવાર થાય છે કે પત્નીને યજ્ઞ કરવાનો અધિકાર હતો. એટલું જ નહીં, તે યજ્ઞમાં સક્રિયપણે ભાગ લેતી પણ હતી.

પત્ની યજ્ઞમાં ભાગ લેવાની સાથે જ ધાર્મિક કાર્યો પણ કરતી. એ વિશે ડૉ. અમ્બિકા પરીકે 'પ્રાચીન ભારત મેં નારી'માં નોંધ્યું છે કે, 'ધાર્મિક અનુષ્ઠાનોમાં પત્ની પતિની સહયોગી હતી. તે અનેક ધાર્મિક ક્રિયાઓ કરતી. યજ્ઞ માટેની સામગ્રી તૈયાર કરતી. યજ્ઞના ચોખા રાંધતી. પશુને નવડાવતી. યજ્ઞની વેદીનું નિર્માણ કરતી. સામગાન કરતી.'[4] પત્ની જ યજ્ઞ માટેનો અગ્નિ તૈયાર કરતી. યજ્ઞમાં પતિની જમણી બાજુએ બેસતી. પતિના સહયોગથી યજ્ઞ વિધિવત સંપન્ન કરતી. યજ્ઞ પૂરો થાય ત્યારે પત્ની જ મંત્રોચ્ચાર કરતી.[5] ડૉ. એ.એસ. અલ્તેકરે નોંધ્યું છે કે, 'પત્ની પારિવારિક યજ્ઞોમાં પતિ સાથે અવશ્ય ભાગ લેતી. સોમયજ્ઞમાં તેણે ખાસ પ્રકારના ઉપનયન કરવાના થતા. સોમગીતોનું ગાન પત્ની કરતી. યજ્ઞ દરમિયાન પવિત્ર દૂધ માટેની તેની ગાય જુદી રાખવામાં આવતી. તેના માટેની કુટિર પણ અલગ રહેતી.'[6] આ કુટિરનું નામ પત્નીશાળા![7]

આ પ્રકારે બ્રાહ્મણયુગીન પત્નીનું યજ્ઞમાં આગવું મહત્ત્વ હતું. તેનાં બે કારણ હતાંઃ એક, પત્ની યજ્ઞનો પાછલો ભાગ ગણાતી. બીજું એ કે યજ્ઞમાં સાથ દઈને પત્ની પતિને પિતૃઋણથી મુક્ત કરતી. જોકે ઋતુમતી પત્ની અપવિત્ર ગણાતી. તે યજ્ઞમાં ભાગ ન લઈ શકતી. પતિ જો એકલો યજ્ઞ કરે તો તેને અડધું જ ફળ પ્રાપ્ત થતું. ડૉ. અલ્તેકરે નોંધ્યું છે કે, 'પ્રાચીન ઇતિહાસમાં પુરુષો પ્રત્યેક ધાર્મિક ક્રિયામાંથી સ્ત્રીની બાદબાકી કરતા. કારણ કે સ્ત્રી ઋતુમતી થતી એટલે તેઓ તેને અપવિત્ર સમજતા. જોકે સ્ત્રી પોતે હીનતાનો અનુભવ ન કરતી. વૈદિક યુગમાં તો સ્ત્રી ધર્મના માર્ગમાં અડચણ નહીં, પણ સહાયક હતી.'[8] વળી, યજ્ઞના નિયમો અને વિધિઓ અંગે પુરુષોની તુલનામાં સ્ત્રીઓ વધુ જ્ઞાન ધરાવતી હતી.

આ જ જ્ઞાન કદાચ સ્ત્રીનું સૌથી મોટું દુશ્મન બની ગયું. અને જે યુગમાં પત્ની તરીકે સ્ત્રી યજ્ઞની અધિકારિણી હતી તે જ બ્રાહ્મણ કાળમાં તેને તેના અધિકારોથી વંચિત કરવાનો પદ્ધતિસરનો પ્રયાસ શરૂ થયો. જોકે ધર્મપત્નીના રૂપમાં તેને યજ્ઞમાંથી સંપૂર્ણપણે બહિષ્કૃત કરી ન શકાઈ, પણ તેના ધાર્મિક અધિકારો

સીમિત અને સંકુચિત કરી દેવાયા. ઋતુમતી સ્ત્રીની અપવિત્રતાની આડશ લઈને તેને ધાર્મિક દૃષ્ટિએ ઊતરતી ગણવામાં આવી. સ્ત્રીની અપવિત્રતાના વિચારનો પ્રચાર કરાયો. યાજ્ઞિકોના એક સંપ્રદાયે તો ઘોષણા કરી દીધી કે સ્ત્રીઓ યજ્ઞની અધિકારિણી જ નથી. તેમનું સ્થાન યજ્ઞની વેદીની બહાર હોવું જોઈએ. જોકે શતપથ બ્રાહ્મણમાં સ્ત્રીઓને યજ્ઞમાંથી બહિષ્કૃત કરવાનું સમર્થન કરાયું નથી, પણ સ્ત્રીઓને શૂદ્રની કોટિમાં રાખી છે અને તેની અપવિત્રતા ઘોષિત કરી છે!

ધાર્મિક દૃષ્ટિએ સ્ત્રીઓનું આ પતન આકસ્મિક ઘટના નહોતી. તેમના અધિકારોનું અપહરણ અત્યંત ધીમી ગતિએ થયું. અધિકારોના હનનના ભાગરૂપે જ શતપથ બ્રાહ્મણમાં પત્નીની નાભિની નીચેના ભાગને અપવિત્ર ગણવામાં આવ્યો. અને યજ્ઞ પહેલા આ ભાગનું શુદ્ધિકરણ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી. જોકે ધીમે ધીમે સ્ત્રીઓનો યજ્ઞનો અધિકાર સીમિત થતો ગયો. એ વિશે 'ઉત્તર વૈદિક સમાજ એવં સંસ્કૃતિ'માં ડૉ. વિજય બહાદુર રાવે નોંધ્યું છે કે, 'યજ્ઞમાં થનારા વિભિન્ન અનુષ્ઠાન ધીરે ધીરે સ્ત્રીઓના હાથમાંથી નીકળીને પુરોહિતો પાસે જવા લાગ્યા. પહેલા યજ્ઞની સામગ્રી પત્ની તૈયાર કરતી. તે જ કાર્ય પુરોહિત કરવા લાગ્યા. એ જ રીતે સોમયજ્ઞમાં વાસણમાં દૂધ ઠાલવવાની પ્રવર્ગ્ય નામની ક્રિયા પહેલાં પત્ની કરતી. તે કાર્ય પણ પુરોહિત કરવા લાગ્યા.'[૯] આ રીતે ધાર્મિક ક્ષેત્રમાં સ્ત્રીઓની પડતી થવા લાગી.

સ્ત્રીઓની આ પડતી પરિસ્થિતિજન્ય હતી. એ કાળમાં વર્ણવ્યવસ્થાના વિકાસ અને પુરોહિતોના વધતા પ્રભાવને પગલે યજ્ઞોનું સ્વરૂપ બદલાવા લાગ્યું. યજ્ઞીય પ્રક્રિયાઓ ઉત્તરોત્તર જટિલ થવા લાગી. યજ્ઞની નાની નાની ક્રિયાઓ માટે લાંબી વિધિઓ થવા લાગી. પહેલાં પતિપત્ની દ્વારા કરાતી સામાન્ય ધાર્મિક ક્રિયાઓ હોતા, ઉદગાતા અને અધ્વર્યુના નામે ઓળખાતા પુરોહિતો કરવા લાગ્યા. સાથે જ વૈદિક મંત્રોના ઉચ્ચારણમાં લેશમાત્ર ત્રુટિ પણ અક્ષમ્ય મનાવા લાગી. પરિણામે ઓછી ભણેલી સ્ત્રીઓ માટે યજ્ઞમાં ભાગ લેવો અશક્ય બની ગયું. વળી પત્ની દ્વારા થતી અનેક ધાર્મિક ક્રિયાઓ પુરોહિતોએ પોતે કરવાનું શરૂ કર્યું. તેથી યજ્ઞમાં સ્ત્રીઓનો સહયોગ ક્રમશઃ ઓછો થવા લાગ્યો.

યજ્ઞમાં સ્ત્રીઓનો સહયોગ ઓછો થવા પાછળ અન્ય કારણ પણ જવાબદાર હતું. ડૉ. રાવના શબ્દોમાં કહીએ તો, 'આર્યોનો અનાર્ય સ્ત્રીઓ સાથેનો વિવાહસંબંધ પત્નીને યજ્ઞાધિકારથી વંચિત કરવાનું મુખ્ય કારણ બન્યો. અનાર્ય સ્ત્રીઓ વૈદિક કર્મકાંડો વિશે જાણતી ન હતી. તેથી અનુષ્ઠાનમાં ભૂલ કરી બેસે એ સંભવ હતું. તેથી યજ્ઞોની પવિત્રતાની રક્ષા માટે અને અપેક્ષિત ફળપ્રાપ્તિ માટે આ સ્ત્રીઓના યજ્ઞના અધિકાર છીનવી લેવાયા. પરંતુ કાળક્રમે અનાર્ય સ્ત્રીઓના દુર્ભાગ્યનો પડછાયો આર્ય પત્નીઓ પર પડ્યો અને સ્ત્રીમાત્ર ધાર્મિક દૃષ્ટિએ હીન ગણાવા લાગી.'[૧૦] આ રીતે સ્ત્રીઓને પુરુષોએ અપવિત્ર જાહેર કરી દીધી.

સ્ત્રીઓએ પુરુષોને જન્મ આપ્યો અને પુરુષોએ તેને અપવિત્ર કહી, સ્ત્રીઓની આ તે કેવી દુર્દશા?

**પાદટીપઃ**

૧. अयज्ञीयो वैष योडपत्नीकः । શતપથ બ્રાહ્મણ ૫.૧.૬.૧૦

- પત્ની વિનાના પુરુષની આહુતિનો દેવતા સ્વીકાર કરતા નથી.

૨. ધ સ્ટેટસ ઑફ વુમન ઈન એન્શિયન્ટ ઈન્ડિયા, પ્રા. ઈન્દ્ર, પૃ. ૧૨૩

૩. બ્રાહ્મણ ગ્રંથોં મેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. ધીરેન્દ્રકુમાર સિંહ, પૃ. ૧૧૫, શતપથ બ્રાહ્મણ, ખંડ-૨, ડૉ. ગંગાપ્રસાદ ઉપાધ્યાય, પૃ. ૨૫

૪. પ્રાચીન ભારત મેં નારી, ડૉ. અમ્બિકા પરીક, પૃ. ૨૮

૫. વૈદિક વાઙ્મય મેં નારી, ડૉ. સુષ્મા શુક્લ, પૃ. ૫૮

૬. ધ પોઝીશન ઑફ વુમન ઈન હિન્દુ સિવિલાઈઝેશન, ડૉ. એ.એસ. અલ્તેકર, પૃ. ૫૬૭

૭. બ્રાહ્મણ ગ્રન્થોં મેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, પૃ. ૧૧૪, શતપથ બ્રાહ્મણ, ખંડ-૨, ડૉ. ગંગાપ્રસાદ ઉપાધ્યાય, પૃ. ૬૦૧

૮. ધ પોઝીશન ઑફ વુમન ઈન હિન્દુ સિવિલાઈઝેશન, પૃ. ૨૨૧

૯. ઉત્તર વૈદિક સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. વિજય બહાદુર રાવ, પૃ. ૧૫૭

૧૦. એજન, પૃ. ૧૫૮

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,
જિ. આણંદ. મો.: ૯૮૯૮૦ ૭૦૨૦૫)

## સેમકોમ કૉલેજમાં શિક્ષકદિનની ઉજવણી

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કૉલેજ ખાતે તા. ૫ સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ શિક્ષક દિનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ભારતમાં શિક્ષક દિન ઉજવવામાં આવે છે. સેમકોમ કૉલેજ ખાતે ૫૦ વિદ્યાર્થીઓએ એફ.વાય.થી લઈને પી.જી. સુધીનું શૈક્ષણિક કાર્ય જુદા જુદા વિષયોમાં કર્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાના રોમાંચક અનુભવો વર્ણવ્યા હતા તેમજ એકદિવસીય શૈક્ષણિક કાર્યથી શિક્ષકોનું કાર્ય કેટલું કપરું હોય છે તે અનુભવ્યું હતું.

સંસ્થાના આચાર્યશ્રી ડૉ. નિખિલ ઝવેરીએ તમામ વિદ્યાર્થી શિક્ષકોને અભિનંદ પાઠવ્યા હતા તેમજ ભવિષ્યમાં કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષક તરીકે પોતાની કારકિર્દી પસંદ કરે તેવી આશા વ્યક્ત કરી હતી. સ્વયં શિક્ષકદિનમાં ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમાંથી શ્રેયાંક પટેલ, ચિંતન પટેલ (બી.કોમ.), શરદ બ્રહ્મભટ્ટ, વિનીત સેરસીયા (બી.બી.એ. આઈ.ટી.એમ.), શીવાંગી ઠાકર. ધૃવા ગાંધી (બી.બી.એ.), અનુપમા, વૈભવી (એમ.ઈ.બી.) અને અહલ્યા, દત્ત પટેલ (બી.સી.એ.)ને બેસ્ટ ટીચરનો ઍવોર્ડ મળ્યો હતો.

આ દિવસે સાંજે કૉલેજનું પોતાનું મ્યુઝિક બેન્ડ ‘ઔરા’એ પરફોરમન્સ આપ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા જ કોઈને કોઈ કળાકુશળ હોય છે. આવા કુશળ વિદ્યાર્થીઓને તેઓની કળા વિકસાવવા ‘ઔરા’ એક મંચ પૂરો પાડે છે.

આચાર્યશ્રી ડૉ. નિખિલ ઝવેરીના માર્ગદર્શન હેઠળ સ્ટાફ સેક્રેટરી ડૉ. સ્વાતિ પરબ, પ્રા. પલક પટેલના સહિયારા પ્રયાસથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## સેમકોમ કૉલેજ ખાતે થેલેસેમિયા પરીક્ષણ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કૉલેજ ખાતે તા. ૩-૯-૨૦૧૩ના રોજ થેલેસેમિયા પરીક્ષણનું આયોજન કરવામાં આવ્યું હતું.

થેલેસેમિયાની જાણકારી માટે અને યુવાવર્ગમાં જાગૃતતા અને થેલેસેમિયા નાબૂદી માટે માનનીય શિક્ષણમંત્રીશ્રીએ કૉલેજના છેલ્લા વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષણ કરાવવું એ ફરજિયાત જાહેર કરેલ હોવાથી સેમકોમ કૉલેજના ટી.વાય. બી. કોમ., ટી.વાય બી.બી.એ, ટી.વાય બી.સી.એ., ફોર્થ યર બી.બી.એ. આઈ.ટી.એમ. અને માસ્ટર ઓફ ઈ-બિઝનેસ (સેમેસ્ટર-૩)ના વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષણનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદના સહયોગથી આ પરીક્ષણ હાથ ધરાયું હતું. આ પરીક્ષણમાં કુલ ૩૪૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કો-ઓર્ડિનેટર પ્રા. જય નાણાવટી અને પ્રા. અભિષેક ત્રિવેદીના સહિયારા પ્રયાસથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલમાં કૃષ્ણોત્સવ

ચારુતર વિદ્યામંડળ, વિદ્યાનગર સંચાલિત આઈ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ, માધ્યમિક વિભાગમાં કૃષ્ણજન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કૃષ્ણલીલાના પ્રસંગો જેવા કે નૃત્યનાટિકા નાગ-દમન, કૃષ્ણ-સુદામા પ્રેમ, કૃષ્ણ-યશોદા સંવાદ વગેરે દ્વારા તહેવારની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ‘મટકી ફોડ’ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના પ્રાંગણમાં ‘નંદ ઘરે આનંદ ભર્યો’ના જયઘોષ દ્વારા વાતાવરણને કૃષ્ણમય બનાવી દીધું. આ પ્રસંગે આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ પ્રાથમિક વિભાગના આચાર્યા શ્રીમતી બિંદુબેને કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

શાળાના આચાર્ય શ્રી મહેશભાઈ સ્ટેલીને ગીતાસંદેશ યાદ કરાવી ‘ફળની અપેક્ષા વગર સખત કામ કરવાની’ વિદ્યાર્થીઓને શીખ આપી હતી. શાળાના શિક્ષક રાજેશ ભટ્ટ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફલ સંચાલન શાળાના શિક્ષકો દર્શન સુધાર, રાજેશ ભટ્ટ, કલ્પનાબેન પટેલ તથા ભાવેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## એમ.યુ. ટેક. હાઈસ્કૂલમાં વાલી મિટિંગ



એમ.યુ. ટેકનિકલ હાઈસ્કલમાં યોજાયેલ વાલી મિટિંગ પ્રસંગે ઉપસ્થિત ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલ, આચાર્ય શ્રી સુરેશભાઈ પટેલ, મુખ્ય વક્તા ડૉ. જયશ્રીબેન દીક્ષિત અને શાળાના સુપરવાઈઝર ડૉ. શંકરભાઈ પારગી તથા અન્ય મહાનુભાવો

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ. (ટેક.) હાઈસ્કૂલમાં વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. વાલીઓના પ્રતિનિધિરૂપ વાલીનું ઉદ્‌બોધન રાજેભાઈ પટેલે કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે બાળકની ઇચ્છા અને રુચિ અનુસાર તેમના વિકાસમાં વાલી તથા શિક્ષકોએ સહકાર આપવો જોઈએ. મુખ્ય મહેમાન પદેથી ડૉ. જયશ્રીબેને જણાવ્યું હતું કે બાળકની ક્ષમતા અને રસ અનુસાર તેને કાર્ય કરવા દેવું જોઈએ અને તેઓને સાંભળવા જોઈએ. તેની ભૂલો માટે શિક્ષા કરવાને બદલે તેણે કરેલી ભૂલમાંથી જ તેને બોધ-શીખ મળે તે રીતે વર્તવું જોઈએ. બાળક ફળદ્રુપ જમીન જેવા છે તેથી વધારે પડતી શિખામણ અને ઠપકો જેવી અતિરેક બાબતો તેને નુકસાન પહોંચાડે છે, બાળકોને તેમના વિચારો પ્રમાણે વર્તવા દેવા જોઈએ.

અધ્યક્ષીય પ્રવચનમાં ડૉ. એસ.જી. પટેલે શાળાની ગૌરવગાથા, શાળાના માર્ગદર્શક સમાન આચાર્યશ્રી, શિક્ષકશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા. બહોળી સંખ્યામાં હાજર રહેલા વાલીઓને પોતાના સંતાન તરફ ચિંતિત અને તેના વિકાસ માટે જાગ્રતતા દાખવવા બદલ અભિનંદ પાઠવ્યા હતા. મહેમાનશ્રી ડૉ. જયશ્રીબેનને અધ્યક્ષશ્રીના હસ્તે સ્મૃતિ ચિહ્ન આપવામાં આવ્યું હતું. સુપરવાઈઝર શ્રી શંકરભાઈ પારગીએ આભારવિધિ કરી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ગુણવંતભાઈએ કર્યું હતું.

## નલિનીમાં વિમેન સેલ અંતર્ગત વ્યાખ્યાન

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજના વિમેન સેલ અને આનંદ જિલ્લા પોલીસ તથા સુરક્ષા સેતુ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે ‘મહિલા સુરક્ષા અને સશક્તિકરણ માર્ગદર્શન’ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા તરીકે આણંદ જિલ્લાનાં ડી.વાય.એસ.પી. ફાલ્ગુનીબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

‘મહિલા સુરક્ષા અને સશક્તિકરણ’ વિષય અંતર્ગત વાત કરતાં નારી શક્તિને બિરદાવતાં ફાલ્ગુનીબહેને જણાવ્યું હતું કે, ‘નારી એટલે લાગણી, બુદ્ધિ અને શક્તિનો ત્રિવેણી સમન્વય. સ્ત્રીઓને ભગવાને છ ઈન્દ્રિયો આપેલી છે. જો તે છઠ્ઠી ઈન્દ્રિયનો ઉપયોગ કરે તો અસાધારણ વ્યક્તિત્વનો વિકાસ કરી શકે છે.’ વક્તવ્યના અંતે વિદ્યાર્થિનીઓને શીખ આપતાં કહ્યું હતું કે જીવનમાં યોગ્ય માર્ગદર્શન આપે એવા લોકો સાથે જ સંબંધો કેળવવા જોઈએ તેમજ જીવનમાં ક્યારેય મા-બાપની ઇચ્છા વિરુદ્ધનું કાર્ય ન કરવું જોઈએ.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ડૉ. ઘનશ્યામસિંહ ગઢવીએ સાંપ્રત સમાજમાં બનતી નારી શોષણની ઘટનાઓ અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું અને આવી ઘટનાઓમાંથી બહેનોને પોતાની જાતને કેવી રીતે સાચવવી તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. ફાલ્ગુનીબેનનાં અમૂલ્ય વિચારો વિદ્યાર્થિનીઓનાં જીવનમાં ઊગે અને સંવર્ધિત થાય એવી આશા વ્યક્ત કરી હતી.

આરંભે વિમેન-સેલનાં કન્વીનર ડૉ. અનીતાબેન સાળુંકેએ મહેમાનોનો પરિચય આપી સૌને આવકાર્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. તસ્નીમબાનુ શેખે કર્યું હતું અને આભારદર્શન કૉલેજનાં જી.એસ. કુ. કાજલ અગ્રાવતે કર્યું હતું.

## નલિની કૉલેજમાં શિક્ષકદિનની ઉજવણી

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે સ્વયં શિક્ષક દિનની ઉજવણી આનંદ ઉત્સાહપૂર્વક કરવામાં આવી.


આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગીર નેશનલ ફોરેસ્ટના ઇન્ચાર્જ અગ્ર સચિવ

શ્રી હરિશંકર સિંગ પધાર્યા હતા. તેમણે પોતાના વક્તવ્યના આરંભે દેશના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને દેશના મહાનતમ નાગરિક ગણાવી, તેમના પ્રદાનને મૂલવવા અને શિક્ષકનું ગૌરવ કરવા આ દિવસ ઉજવાય છે એમ જણાવ્યું હતું. શિક્ષકના ઉદાત્ત કર્મ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે મહાન સામ્રાજ્ય, આદર્શ સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ શિક્ષક જ કરી શકે છે. આ વાતના સમર્થનમાં ચંદ્રગુપ્ત મૌર્ય અને ચાણક્યનાં દૃષ્ટાંતો ટાક્યાં હતાં. માનવ ઉત્ક્રાંતિ અને માનવીના બૌદ્ધિક વિકાસનો ઇતિહાસ વર્ણવતાં કૃષિયુગ, તામ્રયુગ અને લોહયુગ-યંત્રયુગ દરમિયાન માનવીએ અકલ્પ્ય બૌદ્ધિક વિકાસ સાધ્યો છે તેનો આલેખ પ્રસ્તુત કર્યો હતો.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં સંસ્થાના આચાર્ય ડૉ. ઘનશ્યામસિંહ ગઢવીએ ૨૧મી સદીને જ્ઞાનના વિસ્ફોટની સદી ગણાવી સાંપ્રત સમયમાં શિક્ષણ અને શિક્ષકની સામે અનેક પડકારો ઊભા થયા છે તે ઝીલીને સકારાત્મક બનીને કર્મ કરવા અનુરોધ કર્યો હતો.

મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. બી.એમ. પરમાર અને કૉલેજનાં જી.એસ. કુ. કાજલ અગ્રાવતે શિક્ષક દિનની ઉજવણીને સફળ બનાવવા પોતાનું યોગદાન આપ્યું હતું. આરંભે સાંસ્કૃતિક સમિતિના કન્વીનર ડૉ. એમ.જી. મન્સૂરીએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. અનીતાબેન સાળુંકેએ કર્યું હતું  અને આભારદર્શન જી.એસ. કુ. કાજલ અગ્રાવતે કર્યું હતું.

## ચારુતર વિદ્યામંડળના પૂર્વ માનદ મંત્રીઓને અંજલિ



પ્રિ. બી.એમ. ઠાકર

ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ માનદ મંત્રી શ્રી પ્રિ. બી.એમ. ઠાકરના બુધવાર તા. ૧૦-૭-૨૦૧૩ના રોજ ૮૮ વર્ષની જૈફ વયે ટૂંકી માંદગી બાદ થયેલ દુઃખદ અવસાન બદલ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સૌ પદાધિકારીઓ અને ચારુતર વિદ્યામંડળ પરિવાર ઊંડા દુઃખ અને શોકની લાગણી અનુભવે છે. તેઓએ તા. ૧-૨-૧૯૯૮થી તા. ૧૧-૧૧-૧૯૯૮ સુધી સેમકોમ કૉલેજના માનદ આચાર્ય તરીકે તથા ચારુતર વિદ્યામંડળમાં તા. ૨૭-૭-૧૯૯૯થી તા. ૧૬-૪-૨૦૦૬ સુધી માનદ સહમંત્રી અને તા. ૧૭-૪-૨૦૦૬થી તા. ૨૫-૪-૨૦૦૮ સુધી માનદ મંત્રી તરીકે સેવાઓ આપી હતી. પ્રિ. ઠાકર શિક્ષણપ્રેમી અને કુશળ વહીવટકર્તા હતા. તેમની ચીવટભરી કામગીરી અને અનુભવનો લાભ ચારુતર વિદ્યામંડળને મળ્યો હતો.

તેઓ મૃદુભાષી, મિલનસાર, નિરભિમાની, સહૃદયી તેમજ સદાય આનંદમય સ્વભાવના હતા. સદ્‌ગતની ચિરવિદાયનો આઘાત સહન કરવાની શક્તિ પરિવારના સ્વજનોને શ્રીજી મહારાજશ્રી આપે અને દિવંગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચિરશાંતિ સાથે પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં નિવાસ કરાવે તેવી ચારુતર વિદ્યામંડળ પરિવાર ખરા અંતરથી પ્રાર્થના કરે છે.

★ ★ ★

ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ માનદ મંત્રી શ્રી વિઠ્ઠલભાઈ જે. પટેલના ગુરુવાર તા. ૮-૮-૨૦૧૩ના રોજ ૯૪ વર્ષની જૈફ વયે થયેલા દુઃખદ અવસાન બદલ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સૌ પદાધિકારીઓ અને ચારુતર વિદ્યામંડળ પરિવાર ઊંડા દુઃખ અને શોકની લાગણી અનુભવે છે.

શ્રી વિઠ્ઠલભાઈ પટેલે પોતાનું જીવન શિક્ષણ કાર્યમાં અર્પણ કરી દીધું હતું. તેઓ ૧૯૯૪માં આણંદની ડી.એન. હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા હતા. ૧૯૬૬માં રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનના હસ્તે શ્રેષ્ઠ રાષ્ટ્રીય શિક્ષક તરીકેનો એવોર્ડ મળ્યો હતો. ૧૯૬૮થી ૧૯૭૬ દરમ્યાન તેઓએ ડી.એન. હાઈસ્કૂલના પ્રિન્સિપાલ તરીકે સેવાઓ આપી હતી; અને ૧૯૭૯થી ૧૯૮૮ સુધી ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી તરીકે સેવાઓ આપી હતી. તેઓને ચરોતરરત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વાતંત્ર્ય સેનાની તરીકે શ્રી વિઠ્ઠલકાકાએ હિન્દ છોડો ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. શ્રી વિઠ્ઠલભાઈ શિક્ષણપ્રેમી અને કુશળ વહીવટકર્તા હતા. તેમની આવડત અને અનુભવનો લાભ ચારુતર વિદ્યામંડળને મળ્યો હતો.

આવા નિર્મળ, પવિત્ર વિચારવાળા સજ્જનનું અવસાન કોઈપણ ઉંમરે થાય તે દુઃખદ છે. આવા પરોપકારી પુરુષના સ્વજનોને આ આઘાત સહન કરવાની ઈશ્વર શક્તિ આપે અને તેમના આત્માને ચિરશાંતિ આપે તેવી ચારુતર વિદ્યામંડળ પરિવાર ખરા અંતરથી પ્રાર્થના કરે છે.



પ્રિ. વિઠ્ઠલભાઈ જે. પટેલ




ચારુતર વિદ્યામંડળસંચાલિત આર.એન.પટેલ ઈપ્કોવાલા સ્કૂલ ઓફ લો એન્ડ જસ્ટિસમાં સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.ઍલ.પટેલના અધ્યક્ષસ્થાને વિદ્યાર્થી-વાલી સંમેલન યોજાયું હતું. માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ, એનસીસીના કર્નલ એસ.વાય.આગા તથા આચાર્ય ડૉ.અરુણાચલમ સહિતના મહાનુભાવો ઉપસ્થિત હતા.




સીવીએમસંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ કોલેજમાં વિમેન સેલ દ્વારા આયોજિત મહિલા સુરક્ષા અને સશક્તિકરણ માર્ગદર્શન સેમિનારનાં મુખ્ય વક્તા તરીકે આણંદ જિલ્લાનાં ડેપ્યુટી એસ.પી. ફાલ્ગુનીબહેન પટેલ, સંસ્થાના કા.આચાર્ય ડૉ.જી.એન.ગઢવી, મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ.બી.એમ.પરમાર અને વિમેન સેલનાં કન્વીનર ડૉ.અનીતાબેન સાળુંકે દશ્યમાન છે.

V-Vidyanagar 15 (10) October 2013 Postal Regd.No.AND/318/2012-14
Published on Thursday : 25.09.2013 No.of Pages 52 including cover RNI Regd.No.Guj/2009-11/5433
ISSN 0976 - 9809 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month

## SPIRIT OF NAVARATRI



**Oil on Canvas** **Kanu Patel**

Editors: Dr. Rajendrasinh Jadeja, Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat